


# કવિતા.કોમ

બ્રિજ પાઠક

# કવિતા.કોમ

બ્રિજ પાઠક

મયુરી પ્રકાશન
અમદાવાદ

**kavita.com :** written by Brij Pathak

© ભવ્ય બ્રિજ પાઠક

પ્રકાશક :
**મયુરી પ્રકાશન**
Renaissance, 63, Darshanam 99, Opp. Solitaire 9,
B/h. Lilleria Party Plot, Vemali, Sama Savli Road,
Vadodara 390 008 Phone : 99099 49460

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮

મૂલ્ય : રૂ. ૧૨૦.૦૦

મુખ્યવિક્રેતા
કમલ કમ્પ્યૂટર
૧૫, અભિગમ સોસાયટી, શાંતિવન,
પાલડી, અમદાવાદ-૭. મો. 98242 12830

લોગો ડિઝાઈન : નિમિષ શાહ

લેઆઉટ / ટાઇપસેટિંગ / આવરણ
કમલ થોભાણી
kamal.thobhani@gmail.com

મુદ્રક
ચંદ્રિકા પ્રિન્ટરી, અમદાવાદ

# અર્પણ

એ તમામ સર્જકોને કે
જેઓનાં થકી આ વાત
માંડવાનો અવસર મળ્યો
**સંજય પી. શાહ**ને કે જેઓએ
મારી આ યાત્રાને દર બુધવારે
સ્થાન આપ્યું,
**લોકસત્તા**નાં એ તમામ વાચકોને
અને
**ધ્રુવ જોશી** પરિવારને...

# સ્વાભાવિક

બ્રિજ તું ગદ્ય લખ... કહેવાવાળા હવે જૂજ લોકો રહ્યા છે. મારી આંગળી પકડીને લોકસત્તા સુધી લઈ જનાર 'મોટલી' ડૉ. પ્રદીપ પંડ્યાને અમે ગુમાવ્યા છે... ખોટ વર્તાય છે. ફરક પડે છે. સાચું કહુંને તો એક ખૂણો ખાલી પડે છે... કેટલાક લોકો મરી મરીને જીવે તો... કેટલાક જીવી જીવીને જીવાડે!! લોકસત્તાનાં માલિક સંજય પી. શાહ સરળ અને સહૃદય વ્યક્તિ છે. એમની સામે બેસીને કોલમનાં બે ત્રણ નામમાંથી એક એવું જમાના પ્રમાણેનું નામ 'કવિતા.કોમ' ૮મી એપ્રિલ ૨૦૧૭નાં રોજ નક્કી કર્યું ને શરૂ થઈ યાત્રા... વિચાર વિસ્તાર એ મારે મન રખડવાનું સરનામું છે. જેમાં મળ્યા મને નવાનકકોર કલમીઓ. શું લખે છે આ લોકો!! આંખ ઝીણી કરું. નવાસવા એકદમ તાજાં કૂણાં કલ્પનોવાળા આ બધા મને ટેક્નોલોજીનાં માધ્યમે વ્હોટ્સ-એપના થકી રચનાઓ મોકલતા... આ નવલોહિયાઓ મારા માટે કાયમ આકર્ષણનું જળહળ રહ્યાં છે. મારો અભિગમ એવો કે માત્ર બે ગઝલ લખનારની એકનો જો હું આસ્વાદ કરાવું તો એ પ્રોત્સાહિત થઈને વીસ લખશે.. અને વીસ લખ્યા બાદ એને ફાવટ ફૂટશે. બસ,આવાં એક બહુ સામાન્ય એવાં આશયથી શરૂ કરેલી આઠસો શબ્દોની બુધવારી કોલમ 'કવિતા.કોમ' જેને ખૂબ મોટો વાચક વર્ગ મળ્યો તેનો આનંદ છે એટલું ચોક્કસ કહીશ કે જે લખાય છે એ બધું જ સારું છે એવું સહેજ પણ નથી. મારી એક સિઝન પૂરી થાય છે અને ભવિષ્યમાં બીજીનાં પગરણ સંભળાય છે નવા વિષયો મારી રાહ જોઈ ઊભા છે. આ વખતે ૧૨મી એપ્રિલ ૨૦૧૭ને બુધવારથી લઈને ૧લી નવેમ્બર ૨૦૧૭ સુધીનાં સમયગાળામાં આવેલાં કુલ મળીને ૨૬ બુધવાર લગી સળંગ ચાલેલી આ સિરીઝમાં કુલ મળીને – જેટલાં નવા સર્જકોનાં સર્જનોને મારી નજરે સૌએ માણ્યા એનો આનંદ છે. આ ઉપરાંત આ કોલમનાં આશયે લખાયેલાં બાકીના બધા જ આસ્વાદો આ સાથે મૂકતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું. આપણે મળતા રહીશું.

**બ્રિજ પાઠક**

pathakbrij_hr@yahoo.co.in

# બ્રિજને હાર્દિક શુભેચ્છા

બ્રિજ પાઠકને એના માતાપિતા સાથેની કૌટુમ્બિક નિકટતાને કારણે નાનપણથી ઓળખું છું. પણ એટલી નિકટતા એની સર્જનાત્મકતા સાથે કેળવાઈ નથી! કેળવાઈ હોત તો પણ હું એની સર્જનપ્રક્રિયા વિશે કશું લખી શક્યો ન હોત. કારણ કે પ્રસ્તાવના લખવાનું મને ગમતું નથી ને એ મારું કામ પણ નથી. છતાં એની સાથેની કૌટુમ્બિક ઘનિષ્ટતાને કારણે હું એના વિશે બે શબ્દો લખું એવી એની જિદ, એ એનો અધિકાર છે. પરંતુ આશીર્વાદ આપવા જેવું સત અને ક્ષમતા હું ક્યાંથી લાવું? આ દિશા પ્રત્યેનો એનો જુસ્સો અને તરવરાટ મેં નિકટથી જોયો છે એટલે તરવરાટ જેટલી જ માતબરતા એની સક્રિયતા અને સર્જનાત્મકતા પુરવાર થાય એવી હાર્દિક શુભેચ્છા પાઠવતાં હું આનંદ અનુભવું છું.

**ખલીલ ધનતેજવી**

# પ્રસ્તાવના

મિત્ર બ્રિજ પાઠક એ કેવળ મારો જ મિત્ર નથી પરંતુ એ પ્રત્યેક સર્જકનો મિત્ર છે. કોઈ પણ માધ્યમમાં સર્જન કરનારને બ્રિજ ચાહે છે. બિનશરતી પ્રેમ કરે છે. અમારી શબ્દની શાખે મૈત્રી, સાવ અપરિચિતમાંથી અમે શબ્દસંગતિના સંબંધે મળ્યા, ભળ્યા. મિત્રતામાં ભરોસો કરવામાં બ્રિજ સવાયો. એ પોતાનું કોઈ કામ મિત્રને સોંપી પૂરી ધીરજથી અને ભરોસાપૂર્વક પ્રતિક્ષા કરે. એમ જ આ કલમકસબીની ગઝલ હોય, વાર્તા હોય કે કોલમ હોય, સૌપ્રથમ લગભગ મારા ભાગ્યમાં એવું શ્રવણ કે વાંચન આવ્યું છે જે ભાવક તરીકે મારું સૌભાગ્ય અને દાયિત્વ બન્ને રહ્યાં છે.

બ્રિજની લેખની પ્રથમ પદ્ય અને પછી ગદ્યમાં એકસરખી પ્રગતિ કરે છે. મેં જોઈ છે. એનું ગદ્ય તો વિશેષ જ. એનાં વાર્તા અને કોલમના લેખનું ગદ્ય મારે સૌપ્રથમ વાચક-ભાવક તરીકે વાંચવાનાં થયાં ત્યારે કેટલુંક તરત જ જણાઈ આવ્યું. બ્રિજ એક અનપ્રિડિક્ટેબલ લેખક છે. એની કલ્પનાની ઉડાન જુદી જ છે. મૌલક છે. બે તદ્દન સ્વતંત્ર લાગતા વિધાનો વચ્ચે બ્રિજ સેતૂ રચે છે. ક્યારેક એ 'સ્ટ્રીમ ઓફ઼ કોન્શિયસનેસ'ના કિનારે કલમ ચલાવે છે. એ પણ ગજબના સંતુલનપૂર્વક.

કવિતા ડોટ કોમ જેવા અત્યાધુનિક શીર્ષક હેઠળની કોલમમાં બ્રિજ મોટે ભાગે કૃતિનિષ્ઠ બની આસ્વાદન કરે-કરાવે છે. હા, વિવેચન નહીં આસ્વાદન. એ સ-રસ બની રહે છે. સાવ નવા-અલ્પપરિચિત કવિની કવિતાને પ્રથમ પોતે માણતો હશે – મમળાવતો – પચાવતો હશે. પછી આસ્વાદ્ય રીતે આપણને પીરસતો હશે. એમ માનવાના કારણો મળે છે એના લખાણમાંથી. તદ્દન બોલચાલની શબ્દસામગ્રીથી બ્રિજ આસ્વાદિષ્ટ વાનગી બનાવે છે. આજના મોર્ડન સમયના ઇંગ્લિશ કે હિન્દી શબ્દો સ્વાભાવિક રીતે જ એની શાહીમાંથી સરે છે. જરાય કઠતાનથી આંખને ગળે ઉતરી જાય છે. અરે ક્યારેક તો જાણે એ લખતાં લખતાં વાચક સાથે વાતો જ કરી લે છે. એવું સંભળાય છે.

અંગ્રેજી સાહિત્યના સંદર્ભો કે ફિલ્મી ગીત કે નોનફિલ્મી ગઝલો બ્રિજને પેનવગાં હોય છે. જે મૂળ કૃતિને ખૂબ અર્થગર્ભિત બનાવી મૂકે છે. ક્યારેક એમ પણ મને પ્રશ્ન થયો કે શું આ કલ્પનના આવા અર્થો કવિને પોતાને હશે કે કેમ? પણ છેવટે ગમ્યું જે લખ્યું ચે. એની કલમ અને કોલમ દિવસે દિવસે વિકસી છે, ઘડાઈ છે. સૌંદર્યમયી બની છે. એનો આનંદ સૌ પ્રથમ વાચક ભાવકને કેટલો બધો હોય! જો હું બ્રિજનો મિત્ર ન હોઉં અને એને જાણતો જ ન હોઉં એમ માત્ર કોલમનિષ્ઠ બની વાંચુ તો મને એમ લાગે જ નહીં કે આ કોઈ કોલમ્નીસ્ટનો પ્રારંભિક તબક્કે છે! અર્થાત્ એક સુઘડ લેખકે લખ્યું જ લાગે છે જ બેશક.

નવા શાયરોને હાથમાં લઈ એણે તેઓને લોકોની નજરે ચઢાવી દેવાનું કર્મ કર્યું છે જે એ જ શબ્દ સાથેની પ્રતિબદ્ધતા છે. એમ કે પીઢ કવિઓને તો સૌ કોઈ લખે છે લખશે. પણ નવી કલમોને પોંખીને આત્મવિશ્વાસનું તેઓમાં સિંચન કર્યું છે. આવું ઘણું ઘણું... મારો મિત્ર છે, હું તો બોલું... મારી વાત માનો, તમનેય મારી વાત સાચી લાગશે...

**ત્રિલોક મહેતા**

# અનુક્રમ


| અનુ. | પ્રથમપંક્તિ | સર્જક | |
|---|---|---|---|
| ૧. | એ શોધવામાં એક જણ થાકી ગયેલ છે.<br>છીડું મૂકીને વાડ ક્યાં ચાલી ગયેલ છે. | **અનંત રાઠોડ** | ૮ |
| ૨. | ભવ ભવની આ ભવાઈ સતત ચાલતી રહે<br>અસ્તિત્વની લડાઈ સતત ચાલતી રહે | **અલ્પેશ કળસરિયા** | ૧૧ |
| ૩. | બોરિંગ છોકરીનું ગીત | **અશોક ચાવડા 'બેદિલ'** | ૧૩ |
| ૪. | આ તે કઇ રીત છે? | **આશા પુરોહિત** | ૧૬ |
| ૫. | એક વેળા જે મળ્યો એવો જ પાછો ના મળે,<br>શબ્દ કોષોમાં સમયનો અર્થ સાચો ના મળે. | **ઉર્વીશ વસાવડા** | ૧૮ |
| ૬. | જીવવાની એક આશ રહેવાની,<br>ઉમ્રભર તારી તલાશ રહેવાની. | **કલ્યાણી મહેતા** | ૨૧ |
| ૭. | જન્મ જન્મે ઓળખે, શી વાત છે!<br>મૃત્યુ જેવું કૈં હશે, શી વાત છે! | **કિશોર મોદી** | ૨૩ |
| ૮. | નફરતો સૌ કાપવાની એક સો ને દસ ટકા<br>લાગણીને વાવવાની એક સો ને દસ ટકા | **કૌશિક પરમાર** | ૨૬ |
| ૯. | ખભે આ ઘાવ તગતગ છે અને હું એટલે જાગું,<br>પીડા એની જ રજ રજ છે અને હું એટલે જાગુ | **ચતુર્ભુજ અગ્રાવત** | ૨૮ |
| ૧૦. | લાખ જણ ભૂખે મરે છે<br>એક જણ જલસા કરે છે | **ચંદ્રેશ મકવાણા 'નારાજ'** | ૩૧ |
| ૧૧. | પ્રેમનું ઝરણું જો વ્હેતું થાય તો કહેજે બકા!<br>ક્યાંક મારા ઘર તરફથી જાય તો કહેજે બકા! | **જૈમિન ઠક્કર** | ૩૪ |
| ૧૨. | બેવ પક્ષે એક સરખો પ્રેમ હોવો જોઇએ<br>સાવ ન્યુટનના નિયમની જેમ હોવો જોઇએ. | **તખ્તસિંહ સોલંકી 'તખ્ત'** | ૩૭ |
| ૧૩. | એમ થતું કે કોઇ દૂરથી પાડે<br>આપણા નામની બૂમ. | **તેજસ દવે** | ૪૧ |

૧૪. તું હસે છે એટલે તો ફૂલ ખીલતાં હોય છે
મોર તારા વાળ ખૂલવાથી ટહુકતા હોય છે **ત્રિલોક મહેતા** ૪૩

૧૫. થઇ શક્યા ક્યારે નિખાલસ હું તમે ને આપણે,
આમ તો કહેવાયા માણસ હું તમે ને આપણે. **દિના શાહ** ૪૬

૧૬. ડિજિટલ મેડીટેશન **ધ્રુવ જોશી** ૪૯

૧૭. આ ધોધમાર વરસે,ચોમેર ધાર વરસે,
હું કેટલુંક ઝીલું? અનહદ અપાર વરસે! **નયના જાની** ૫૨

૧૮. બધા ગમા અણગમા છોડો પ્યારની વાત કરો
આપણે પહેલીવાર મળ્યા હતા ત્યારની વાત કરો. **નરેન્દ્ર જોશી** ૫૪

૧૯. ધંધો ન કોઇ ગમતો,ના નોકરી ગમે છે,
જ્યારથી અમોને એક છોકરી ગમે છે **નિનાદ અધ્યારુ** ૫૬

૨૦. છોડીને સઘળી સલ્તનત; તું આવ ને,
અકબંધ છે મારી મમત; તું આવ ને. **નીરવ વ્યાસ** ૫૮

૨૧. ત્યજી દે સત્વરે કાગળ, તને માફક નહીં આવે.
ગઝલ છે ભેજવાળું સ્થળતને માફક નહીં આવે. **પંકજ વખારિયા** ૬૧

૨૨. રોજ છૂટે ગોળીઓને,ધડ હજી વિંધાય છે.
રામના ઉચ્ચારણોથી આ જગત પડઘાય છે. **પીયૂષ ચાવડા** ૬૩

૨૩. મેળ ખાતા આપણાં કઇ કેટલાંય ખ્યાલ છે,
ને છતાં ભેદાય ના એવીયે એક દીવાલ છે. **બેદાર લાજપુરી** ૬૫

૨૪. કાલ કરતાં વિચાર જુદો છે,
આજ થોડોક પ્યાર જુદો છે. **ભરત વિંઝુડા** ૬૭

૨૫. થાશે બાપલા થાશે, તારું પણ થઇ જશે;
એક બે દિ આઘુ-પાછું, નક્કી પણ ગોઠવાશે
થાશે બાપલાં થાશે **ભરતકુમાર ગોહિલ** ૬૯

૨૬ પ્રેમનો ક્યાં છે પુરાવો? મારી કને, તારી કને?
સાચવી કોરી ટપાલો મારી કને, તારી કને. **મનહર ગોહિલ** ૭૧

૨૭. બધું લગભગ તથા અથવા સુધીનું છે.
અને અથવા સ્વયં, ગણવા સુધીનું છે! **મહેશ રાવલ** ૭૩

૨૮. જેમનાં હૃદય **મંગેશ પાડગાંવકર** ૭૬

૨૯. આ જતી પળને જકડ, કાં આવતીને પકડ **મિત્તલ રાજગોર 'એકાંત'** ૭૯

30. આંખમાં રે કક્ક છે, નીર જેવી છે,
શાયરીનાં રુધિર જેવી છે. **મીલીંદ ગઢવી** ૮૧

3૧ એકને ભણાવ્યું; ને બીજું ભણે છે,
મા હજુય એના શમણાં લણે છે **મુકેશ દવે** ૮૫

3૨ 'લાગણીઓ મહેંદી બની જીવન પાષાણે પીસાતી રહી,
કલમ સથવારે તે અચાનક કાગળે રંગ લાવતી રહી. **રંજન પંડ્યા** ૮૭

33. અલવિદા ઇર્શાદ **રાજેન્દ્ર પાઠક** ૯૦

3૪. એ જ રણની એ ચરણની વાત કર,
હાંફતાં, તું એ હરણની વાત કર. **રાજેશ મહેતા 'રાજ'** ૮3

3૫. વ્યવહાર વિશ્વનો છે જીવનનાં વલણ સુધી;
છે દુશ્મની કે દોસ્તી મારા મરણ સુધી. **રાઝ નવસારવી** ૮૫

3૬. શિયાળો સુસવાટે આવ્યો.
ગાડું ભરીને ઠંડી લાવ્યો. **વિનોદ જાની** ૮૭

3૭. હાથમાં કિતાબ રાખી ચહેરો મારો વાંચતાં;
એમને જોયાં હતાં મેં એક પરિક્ષા આપતાં. **સુરેશ પરમાર 'સૂર'** ૧૦૦

3૮. આરામદાયક રાહની ઇચ્છા નથી,
તલભાર સસ્તી ચાહની ઇચ્છા નથી. **હરજીવન દાફડા** ૧૦૪

3૯. જૂઠની જાહોજલાલી નીકળી,
સત્યની ત્યાં પાયમાલી નીકળી. **હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'** ૧૦૬

૪૦. આપદાનો એક મોટો ફાયદો એ થાય છે,
કોણ સાથે, કોણ સામે છે? - બધું સમજાય છે. **હિમલ પંડ્યા** ૧૦૮

# અનંત રાઠોડ

તમે કદાચ સાચું નહીં માનો પણ આજની કૃતિ વિશે આ પૂર્વે ત્રણવાર બે ફકરાઓ લખ્યા ને ભૂસી નાખ્યા. ક્યારેક આવું બને કોઈ ઠોસ બાબત ઉતરે જ નહીં. શબ્દો બધા વાક્યો બની ખડખડાટ હસે. કશું અર્થસભર ન પણ ઉતરે. લખવા ખાતર લખતાં હોઈએ એવુંય બને. એમાં એ રચનાનો કોઈ દોષ ન હોય અરે સાચું કહું ને તો ત્યારે માહોલ જ ન સર્જાય. ક્યારેક થાકી જવાય યા તો કંટાળોય આવે લખવું હોમવર્ક જેવું લાગે ખેર, કસોટી પણ થાય! અસમંજસની મજા અને સજા હોય છે. અનંત રાઠોડ લાંબી બ્હેરમાં ઝીણું કાંતતો નવો નકકોર શાયર છે. પાતળા બાંધાનો આ શાયર જીવન વિશેનાં મૂળ લગ ગયેલ છે. આ 'ગયેલ છે'નાં રદીફ-કાફિયાની એક સુંદર ગઝલ સાદર.

એ શોધવામાં એક જણ થાકી ગયેલ છે,
છીડું મૂકીને વાડ ક્યાં ચાલી ગયેલ છે.

અસમંજસની સ્થિતિની કરામત જુઓ જેણે પાદરની સીમ ખેડી હોય અને ખેતરો ખૂઘાં હોય એ આ ભાવોને ઉકેલી શકે. વાડમાં છીડું હોવું એ અનઓફિસિયલ એન્ટ્રી છે જે મોટે ભાગે ખાતર પાડવા માટે વપરાય છે જ્યારે ખેતરમાં ખોડીબારું એ ઓફિસીયલ એન્ટ્રી છે જેનો ઉપયોગ એક ખેતરમાંથી બીજા ખેતરમાં જવા માટે ગિલોલ આકારની સંરચના છે. અહીં વાડ પોતે પલાયન છે અને એથી છીડું અવાક છે. તો આ કવિએ બોલચાલની ભાષામાં વપરાતા કેટલાક આડકતરા પ્રયોગો જેવા કે 'બાફી મારવું'. જેનો અર્થ ન કહેવાનું કહી દેવું અથવા તો અજાણે રહસ્ય સ્ફોટ કરવો એવો થાય છે એની એક સરસ મજાની પ્રયુકિત પ્રયોજીને ભાવકોને ભાવવિભોર કરી નાખ્યા છે અહીં પ્રતિબિંબોએ ઘર માથે લીધું છે કવિએ અદ્‌ભુત અસમંજસને મનોવિશ્વ પર સરકાવી છે સૌ ભાવકોને પોતાનાં વશમાં લેતાં હોય અને પોતાની વાત જણાવતાં હોય તેમ વાત ને અરીસાને દોષી બનાવવાનું ચૂકતા નથી. તેઓ ઘરને માથે લેવાનું સુંદર કારણ આપે છે પોતે છટકતાં નથી પરંતુ અંગુલી નિર્દેશ કરે છે અને વાતને ઉઘાડે છે અને કહે છે કે,

માથે લીધું છે ઘર પ્રતિબિંબોએ આજ તો,
નક્કી અરીસો કૈંક તો બાફી ગયેલ છે.

હવે અસમંજસની સ્થિતિનો શિકાર બનેલા શાયર આગળ એક નવી પરિસ્થિતિનું

નિર્માણ કરે છે. એ બાબતે એટલું જ કહીશ કે જ્યારે કોઈ વ્યક્તિ શકમંદ હોય અને તેની ઉલટ તપાસ હાથ ધરાય, તલાશી લેવાય કે છાનબીન કરાય જરૂર પડે તો ગવાહીઓ લેવાય, આ બધા આમ જોવાં જઈએ ને તો બધા કાયદાની રુએ થતી તપાસો અને કાર્યવાહીઓની બાબત છે પરંતુ આ બાબતે કવિ પોતે પોતાની ગવાહી કઈક નોખી રીતે આપે છે અને પોતે કંઈક ભેદભરમ પોતાની અંદર રાખીને બેઠાં હોય અને લોકો તે જાણવાની મથામણમાં પડ્યાં હોય એવું એમને લાગતાં તેઓ કેવો મજાનો શેર આપે છે એ માણીએ :

એવી રીતે લોકો કરે છે મારી છાનબીન,
જાણે કોઈ મારામાં કૈં દાટી ગયેલ છે.

શક્યતાની સાથે સીધી નિસ્બત ધરાવતો આ શાયર વરસી ગયેલી આંખની સામેની તસ્વીરની ખૂબી ને બાખૂબી નિભાવે છે. નદીનું હોવું યાને સતત અવિરત અને અસ્ખલિત હોવું. નદીની વાત કરતાં તસવીરની વાત અને તસવીરની નદીનું પલાયન થવું એ ખરેખર અનુભૂતીની ચરમસીમા છે એક ઉર્દૂ શેર યાદ આવે છે ‘‘કઈ રાતો કા જાગા થા મુસવ્વીર, કે તસ્વીર કી આંખો સે થકન ઝાંખ રહી હૈ’’ જેનો અર્થ એવો થાય છે કે ચિત્રકારે રાતોની રાતો જાગીને આ ચિત્ર બનાવ્યું હોવું જોઈએ કારણકે જેનું ચિત્ર ચિતર્યું છે એની આંખમાં થાક વર્તાય છે. જેને સમજાય એને મારાં વંદન. અનંત રાઠોડ પોતાનાં શેરમાં કેવી સુંદર વાત લઈને આવે છે એ જોઈએ. એ તો કહે છે કે તસવીરમાંની એક નદીનું નાસી જવું એ કોઈનાં દુ:ખનું કારણ બનવું અને એ જે તેનું પાછું ચોધાર રડવું આ બધું એક સામટું મૂકનારની ગઝલિયતને મારા સો સલામ :

તસવીરને જોતી રહી વરસી ગયેલી આંખ,
તસવીરમાંની એક નદી નાસી ગયેલ છે.

અનંત રાઠોડની આખી ગઝલ સફરમાં સમયાંતરે સાક્ષી બન્યાનો સવિશેષ આનંદ છે હિંમતનગર યાને બે રેલ્વે ટ્રેકની વચ્ચે વિકસેલું નગર એનો આ વતની જેની સર્જનની ટ્રેન પૂરપાટ ઝડપે આગળને આગળ વધે એવી શુભકામનાઓ આવતા બુધવારે ફરી મળીશું પાછા કોક નવાં જ સર્જનનાં અદ્‌ભુત સર્જનની ખાસિયતોને માણવા જાણવા ત્યાં લગી જય હો...

# અલ્પેશ કળસરિયા

ફોટા તો બધા નાનપણનાં જ હોય છે. ક્લિક થયાની બીજી જ ક્ષણે તમે મોટા થયેલાં હોવ છો. પરિવર્તન સંસારનો નિયમ છે. અનેકવાર અનેકવિધ રીતે કહેવાયું છે. અનુભવાયું છે સાચું કહું તો જીવાયું છે. પણ જ્યારે આ એક જ વાત અનેક રીતે કહેવાઈ છે ત્યારે ત્યારે જેતે લીધેલાં સંદર્ભો એ પોતાનું ભાવ વિશ્વ રચ્યું છે. ઓલ્ડ વાઈન ઈન ન્યુ બોટલ. સતત બદલાતાં જગતનાં રૂપને અહીં ગઝલ સ્વરૂપે રજૂ કરનાર અલ્પેશ કળસરિયાની ગઝલ માણીએ :

ભવભવની આ ભવાઈ સતત ચાલતી રહે,
અસ્તિત્વની લડાઈ સતત ચાલતી રહે.

શેક્સપિયર આ વાત રંગમંચનાં માધ્યમથી કરે છે. આનંદ ફિલ્મમાં બાબુમોશાઈ 'હમ સબ રંગમંચ કી કઠપૂતલિયાં હૈ.. જિસકી દોર ઉપરવાલે કી હાથમેં બંધી હુઈ હૈ...'નાં સંદર્ભની વાત ભવભવની ભવાઈનાં માધ્યમથી કવિ કરે પણ સાથોસાથ બીજી જ પંક્તિમાં અસ્તિત્વનાં સંદર્ષની વાત લડાઈ સાથે જોડીને ઉપરનાં રચાયેલા ઉલા મિસરાને સાનીથી ઉજાગર કરી આપે છે. 'સતત ચાલતી રહે'નું ઔચિત્ય સરસ જળાવાયું છે આગળનાં શેરમાં કવિ એક આભાસી ચિત્ર ખડું કરે છે અને કહે છે,

આ મન-પવનની પાવડી પર ઊડતા રહો!
આ ઊડતી ચટાઈ સતત ચાલતી રહે.

મન પવનની મજા જુઓ બેવ ચંચળ છે ક્યારે ક્યાંથી ક્યાં પહોંચે કહેવાય નહીં. અને પાછો ઊડતાં રહેવાનો આશ્ચર્યચકિત કરતો આદેશ કરે છે. અરેબિયન નાઈટ્સમાં અલાદિનનો ચિરાગ અને ઊડતી ચટાઈનો સંદર્ભ અહીં સ્વૈરવિહારની દિશાઓ ઉઘાડી આપવાનું કામ કરે છે. ગઝલમાં સંદર્ભો જો ઉઘડે નહીં તો હાથમાં કૂચા રહી જાય ને રસ બધો નીચે ઢળી જાય. વિચાર વલોણું સતત તમોને જંપવા ન દે. મનની ચંચળતા ને પવન પાવડીનાં સંદર્ભે ચટાઈ કથા કથિત ઉક્તિ અહીં ખૂબ સરસ રીતે પ્રયોજાઈ છે અને આજ મનભાવન મનોગત મનની ઉક્તિને આગળનાં શેરમાં સરસ રીતે અજમાવતો આ કવિ મનનાં પ્રદેશનો મહારથી છે. મન જેવી ચંચળ અનુભૂતિ જોડે કેવું કામ પાર પાડે છે એ જોઈએ :

મનમાં કોઈ ખૂણે કશી ઈચ્છાની નાગણી,
ખુદ મનથી પણ લપાઈ સતત ચાલતી રહે.

મનમાં કરેલાં સ્ખલનનોનું ક્યારેય પાપ લાગતું નથી પણ છતાંય મનમાં તો થાય છે કે તને... કે પછી મને મનમાં સૂજ્યું કે.. આ મનોમનના વ્યાપારો સતત ચાલતાં જ રહે છે આપણી જે ઈચ્છાઓ અધૂરી રહે છે એને મન પૂરી કરતું હોય છે અને માટે એ બધી ઈચ્છાઓને નાગણી કહી છે. આપણે એટલાં બધા મોટા બહુરૂપિયા છીએ કે ક્યારેય મનમાં ચાલતું કશું અભિવ્યક્ત ચહેરા પર થવા દેતા નથી. મનોમન વરવું, મનોમન કશુંક કરવું, મનોમન ક્યારેક સ્વગતોક્તિ કરવી કે મનોમન કોઈને ભાંડવું એ કશુંય ક્યારેય સસ્મિત ચહેરા પર વર્તાતું નથી અને અહિં આપણાં આ મનોવ્યાપારથી તો મન પણ પર હોય છે પણ બેક-ઑફ-ધી-માઈન્ડ ચાલતું આ પ્રોસેસર ક્યારેય અટકતું નથી. બલ્કે વિચાર પણ મનનાં આકાશનાં એવાં પંખીઓ છે કે જેની અવરજવર પર કોઈનો કાબૂ નથી. કવિ જીવન સફરની વાત આગળનાં શેરમાં કેટલી અદ્‌ભુત રીતે મૂકે છે એ જોવા જેવી છે :

શ્વાસોનાં વૃક્ષ પર આ સ્મરણવેલ કોઈની,
શ્વાસોને વીંટળાઈ સતત ચાલતી રહે.

શ્વાસ છે તો જીવન છે જીવન છે તો સંભારણું છે, સંભારણું છે તો સ્મરણ છે. સતત વૃદ્ધિ પામતું પીમળતું જીવન- વૃક્ષ સાથે જોડનારા કવિ એક અલાયદો સંદર્ભ રચે છે વૃક્ષ કશું જ લેતું નથી નિઃસ્વાર્થ ભાવે આપે જ છે એ પછી ફળ હોય, છાંયો હોય કે પછી ઈમારતી લાકડું હોય. સર્વદા સતત કશુંક આપવાની ભાવના વૃક્ષ સાથે જોડાયેલી છે ક્યારેક કોઈ વેલ આવી વીંટળાય તો તેને સહારો આપવાનું કામ પણ એ સૂપેરે નિભાવે છે. એવાં શ્વાસ સમાં વૃક્ષ પર જ્યારે કોઈની પીમળતી યાદ જોડાય છે ત્યારે જીવવાની મજા બમણી બની જાય છે એ શ્વાસ માત્ર શ્વાસ ન રહેતાં સુગંધ બની જાય છે. સચ્ચાઈનાં આગ્રહી એવાં કવિ પોતાનાં આગલા અંતિમ શેઅરમાં કંઈક અલગ જ સૃષ્ટિ રચી પોતાની વાત એવા મુકામ પર મૂકી આપે છે કે કાવ્યરસિકોનાં મનમાં એક નવી જ અનુભૂતિ રચાય છે અને વાત પૂરી થવાની જગ્યાએ ફરીથી શરૂ થાય છે, ને ભાવકોને મનોમંથન તરફ દોરી જાય છે :

આ લાલચોળ જૂઠનાં ધગધગતા થાંભલે –
એક સાચી કીડીબાઈ સતત ચાલતી રહે.

સાચ ને આંચ નહીં. જોકે એ વાત ધારો છો એટલી સહેલી નથી સત્યના માર્ગે ખૂબ ઓછા ચાલ્યા છે ને સતત ચાલવું એ ખૂમારીની વાત છે. ધગધગતો થાંભલો ભકત પ્રહલાદનાં સંદર્ભને અછળતો ઉજાગર કરીને સાચી કીડીબાઈની નાનકડી વાતથી આપણને શક્યતાનાં રાજમાર્ગ પર લઈ જાય છે. અંતે એટલું જ કહીશ કે અલ્પેશ કળસરિયાની કલમે આપણને ગુજરાતી ગઝલનાં એવાં સરસ સીમાંકનો મળે જે સતત ચાલતી રહેલી પરંપરામાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરે.

# ૬

# અશોક ચાવડા 'બેદિલ'

યુગે યુગે કવિતાના સ્વરૂપો બદલાયેલાં આપણને મળ્યાં છે. પંડિતયુગ, સુધારકયુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ, અર્વાચીનયુગથી માંડીને અનુઆધુનિકયુગ સુધી આ વાતને લંબાવી શકાય. પણ આજે મારે જે યુગની વાત કરવી છે એ મારી પેઢીનાં યુગની વાત છે અને એ હતો અને છે, એ મિલેનીયમયુગની કવિતા. ભાષા પોતાના વાગાડંબરો છોડી ને વર્ણશંકર થવા માંડી હતી. અંગ્રેજીનો પ્રભાવ મીડિયમો દ્વારા ધીમે ધીમે ગુજલીશ થતો જતો હતો. જેને એ વખતની પેઢીએ ઝીલ્યો વધાવ્યો. એ જેવું બોલતાં હતાં, એની કવિતાઓ હતી, એ જે સમજતાં હતાં એવી કવિતાઓ હતી. જે સરળ સહેલી અને તેમનાં મન સહજ હતી. આ બાબતને સુપેરે જાણી એ કેટલાંક કવિમિત્રોએ પોતાની કલમ ચલાવી એમાંનાં એક અશોક ચાવડા 'બેદિલ' જેમણે આપણને આપ્યું વ્યંગથી ભરપુર એવું પીટ્યો અશ્કો જેમાંનું એક બોરિંગ છોકરીનું ગીત આજે તમારી સમક્ષ સાદર.

## બોરિંગ છોકરીનું ગીત

ઊંઘવાની ગોળી લઈ માંડ માંડ સૂતો
ત્યાં આવી ગ્યું તારું એક ડ્રીમ
તું માનીશ મેં પાડી'તી સ્ક્રીમ
સવારમાં જોઉં તો આખો દી' બગડે
એવું દિવેલિયું તારું છે ડાચું
ઈશ્વરને કહીને શું કમ્પલેઈન કરવાની
જ્યાં ઈશ્વરે બાફ્યું હો કાચું
તારો ચહેરો તો જાણે કે વ્હાઈટ વ્હાઈટ બોર્ડ
તારા ચહેરા પર દેખાતી ક્રીમ
તું માનીશ મેં પાડી'તી સ્ક્રીમ
તારૂં નામ લઈ ક્યારેક જો બોલાવું તને
તો ભસે છે ગલીનાં કૂતરાં
તારા લહેરાતાં વાળ મને લાગે છે એમ
જાણે માથામાં તારા ચબૂતરા

જટિયાં આ તારાં તું વાત મારી માન
થોડા કરાવી દે ને ટ્રિમ
તું માનીશ મેં પાડી’તી સ્કીમ

ગીતકાર માટે લય જાળવવો એ સૌથી જરૂરી બાબત છે અંગ્રેજી ભાષાનાં શબ્દોને ગુજલીશ ગીતમાં મૂકવાં એ એટલાં સહેલા નથી આ ગીતમાં બે બંધ છે. જોકે ગીતની ખૂબી એ પણ હોય છે કે તમારે તેનાં ટાઈટલની સાર્થકતાને પણ જાળવવાની હોય છે. ઊંઘની ગોળી લઈને સૂવાવાળા નાયકની મનોદશા ખરેખર ઘણી કરૂણ છે અને ગોળી લઈને સૂતેલાં નાયકને ઉપરથી એ બોરિંગ છોકરીનું ડ્રીમ આવે તો ચીસ ના પડે તો જ નવાઈ! આગળ વ્યંગકાર અશોક ચાવડા એ વાત જાણે જ છે કે જો હું ચીસ પાડવાની વાત કરીશ તો મારે એને નિભાવે જ છૂટકો અને એને કેવી સરસ મજાની ઘટનાઓથી ઉજાગર કરે છે એ એની આવડત છે એ આગળ લખે છે કે એનું મોઢું જોવાથી દીવસ બગડે કારણ કે એ દિવેલિયું છે અને વિધીની વક્રતા તો જુઓ વખાનો માર્યો કોઈ જણ છેવટે જાય તોય કોની પાસે જાય ઈશ્વર પણ અહીં તો એ રસ્તોય બંધ છે કારણકે નાયક પોતે પણ એ વાત કબૂલે છે કે ખુદ ઈશ્વરે જ જ્યાં કાચું કાપ્યું છે કવિની શૈલીમાં કહીએ તો બાફ્યું છે! આમ વ્યંગને ખૂબ જ સરસ રીતે નિભાવ્યો છે.

એટલે જ જો તેઓ અટક્યા તો ઘણું સારું હતું પરંતું વ્હાઈટ બૉર્ડ જેવો ચહેરો ક્રીમ લગાવ્યા પછી જ્યારે ભાસે છે ત્યારે એ કલ્પના કરવી જ રહી કે કેટલાં થપેડાઓ કર્યાં હશે? જો આવો બોરિંગ ચહેરો સપનામાં આવે તો ચીસ તો પડે જ પડે પણ રાત્રે ફરી પાછી ઊંઘ ન આવે એ તો નફામાં જ ને! કવિએ પહેલો બંધ ખૂબ સરસ રીતે જમાવ્યો છે તો બીજા બંધમાં નાયકની સ્થિતિ છે એનાં કરતાં ઘણી કફોડી જોવાં મળે છે.

બીજા બંધનો ઉઘાડમાં સાદ પાડવાની વાત છે નામ જોગ બોલાવવાની વાત છે ને એ નામ જેવું લેવાય કે ગલીનાં કૂતરાં ભસે તો ક્યાં જવું; નાયકની વ્યથા ખરેખર હાંસી પાત્ર છે. તેઓ પોતે ગોળી લીધા વગર ઊંઘી શકતાં નથી, ભગવાન પાસે જઈ શકતા નથી કે પછી નામ જોગ એને બોલાવી શકતા પણ નથી તો બિચારો કરે તોય શું કરે?

સ્ફોટક પરિસ્થિતિ તો હવે સર્જાય છે જેનાં વાળ ચબૂતરા જેવાં હોવાં છતાં એને એ બોરિંગ છોકરીએ જૂલ્ફે તુફાન માફક એટલા વધાર્યાં છે કે જેણે જટિયાંનું સ્વરૂપ ધારણ કર્યું છે. નાયક એને ખૂબ ધીરજથી પાછા ટ્રિમ કરાવી નાખવાની પણ સલાહ આપે છે. નાયકની દશા પર જે કટાક્ષ કવિએ કર્યો છે એ ખરેખર સરાહના પાત્ર છે.

અત્યારે એમના જેવા જ અન્ય સર્જક ડૉ. રઈશ મનીઆર અને મુકુલ ચોક્સી

કે જેઓએ વ્યંગ અને હાસ્ય કવિતાઓમાં ઘણું કાઠું કાઢ્યું જ છે એ બધાને અત્યારે વાગોળવાનું મન થાય છે અશોક ચાવડા 'બેદિલ' માત્ર વ્યંગનો જ કવિ છે એવું નથી પરંતુ એવું કહીશ કે તે વ્યંગના પણ કવિ છે તેઓના દ્વારા થયેલા દરેક કામોની નોંધ ભવિષ્યમાં લેવાશે જ એમાં કોઈ મીનમેખ નથી અંતે એટલું જ કહીશ કે તમારી લાઇબ્રેરીમાં એક આખો રેક ભરાઈ જાય એટલાં પુસ્તકો અને એક આખી અભરાઈ ભરાઈ જાય એટલાં પારિતોષિકો આ કવિ પોતે સ્વામી છે અને એક અદનો શબ્દનો સાધક પણ છે પ્રભુ એની કલમને વધુને વધુ બળકટ બનાવશે એની ખાતરી છે.

# ૬

## આશા પુરોહિત

આ તે કઈ રીત છે?
સંબંધના ચણતરમાં લાંબી તિરાડ,
અને પાયામાં શરતોની ઈંટ છે.

શબ્દોને હોઠથી અળગા કરું,
તો મને બોલવાની આપો છો આણ,
રણમાં અમથી જ મને એકલી મૂકીને.

પછી ચલાવવા આપો છો વ્હાણ?
પ્રશ્નોના કિલ્લામાં ગોંધીને કો છો કે
આ તો બસ પાણીની ભીંત છે!

આ તે કઈ રીત છે?
નસનસમાં ધગધગતા ખિલ્લા ઠોકો
ને પછી અટકાવી કહેતા કે જા

ધસમસતા શબ્દોનું તીર એક છોડીને
કહેતા કે 'ઝીલવા મંડ ઘા'
આશાઓ-ઈચ્છાઓ બાળીને કો'છો કે
'તારી ને મારી આ પ્રીત છે?'
આ તે કઈ રીત છે?

સુરેશ દલાલ સાહેબે 'કવિતાની રોજનીશી' નામક ૨૦૧૨નું સંપાદન કવિઓની જન્મ-મૃત્યુની તવારિખ બયાન કરતો એક એવો ગ્રંથ છે કે જે દરરોજનાં એક એટલે કે વરસનાં કુલ જેટલાં દિવસો એ દિવસોએ જન્મેલાં કવિઓની ચુનંદા કૃતિઓનો દસ્તાવેજી પુરાવે છે. હું એને મારા ઑફિસનાં ટેબલ પર રાખું છું. રોજ થોટ ઓફ ધી ડેની માફક એક કવિને યાદ કરું છું એનાં સર્જનને માણું છું. ૧૫મી જુલાઈવાળા પાને આવે છે આશા પુરોહિત. જીવનના વિવિધ તબ્બક્કાઓ બાલ્યાવસ્થા-કિશોરાવસ્થા-મુગ્ધાવસ્થા-યુવાવસ્થાને અંતે લગ્ન. સહજીવન પછી વરસોમાં ગણાવાનું શરૂ થાય પહેલાં વરસે મારા શર્ટને ઈસ્તરી કરી? મારો ટીફીન તૈયાર છે? કે પછી સાંજે જમવાનું શું બનાવું? કોફી સાથે શું ખાશો? મકાઈ ડોડો ખાવા જશું? જેવાં એક્સપ્રેશનો હોય

છે. પછી અમુક તમુક વરસો વીતે એટલે લવીંગમાંથી કેરીંગ શરૂ થાય અને ગળામાં ખારાશ લાગતી હોય તો મીઠાનાં પાણીનાં કોગળા કરી દ્યો તો સારું રહેશે. ગરમ મીઠા હળદરનું દૂધ પી લ્યો... ડૉક્ટરને બતાવી આવું છે? કેવું લાગે છે હવે? વગેરે વગેરે. પછી પાછાં થોડાં વરસો લગભગ મૌન ચાલે એટલે સાંજે બહાર જવાનું છે તમે આવો એટલે આપણે જઈશું? બપોર સાંજની વચમાં રીંગ વાગે અને એમાં કહેવામાં આવે કે આજે મોડું થશે. ખરેખર મોડું થાય પણ ખરું ને પછી રાત્રે સૂતાં સુધી શાંતિનો અનુભવ. બીજા દિવસે વળી પાછું કંઈક એવું આવે કે મારી બહેનપણીનો ફોન આવ્યો હતો પણ તમારે ઑફિસમાં હમણાં ટેન્સન ચાલે છે એટલે મેં એને સામેથી બહાર જવાની ના પાડી છે... અને પછી આ બધા અન્ડરસ્ટેન્ડીંગનાં વરસો ધીમેધીમે કોઠે પડતાં એમાં નવાં એક્સપ્રેશનો ઉમેરાય ને પછી એમાં ભળે થોડો સ્વભાવિક ગુસ્સો... કારણ કે પેલાં જુસ્સોવાળાં વરસો તો ક્યારનાં ગયા. હવે એવું બન્ને પક્ષે બને કે વહાલ કરવાનું એટલી હદે ભૂલાઈ ગયું હોય કે વ્હાલમાં ને વ્હાલમાં બચકું ભરાઈ જાય ને પછી એ ચકામું જેટલાં દિવસ રહે એટલાં દિવસ જીવનસાથીની જોડે પહેલાં વરસાદમાં આપણે પલળ્યાં હતાં... યાદે પેલાં બચકાનાં દુખાવા સાથે વાગોળવાના અને પછી શરૂ થાય પહેલાં આપણે અને હવે આપણાંથી 'નો ગલીપચી'વાળો મજાનો સંવાદ. કંકાસમાં રોમાંચ ઉમેરાય ને પછી રંજની સાથે નીકળે હું મારા પિયર થોડા દિવસ માટે જતી રહું ને... પછી પાછી જ ન આવું એવું થાય છે... તો બીજી બાજુ મારે ઑફિસમાં બજેટ છે ને તું અહીંયા બધા વિચારો રહેવા દે અને હા એવું તને બહુ લાગતું હોય તો શનિ-રવિમાં તારા ભાઈની ઘરે જતી આવજે હું ઑફિસમાં લંચ કરી લઈશ અને સાંજે પછી સીધો જ ત્યાં આવી જઈશ... ના સંવાદે બધું પૂરું થાય. પછી છોકરાઓની જવાબદારીઓ સાસુ-સસરા, દિયર, નણંદ સગા-વહાલાં, જમાઈઓ, ફોઈઓ, કાકાઓ, મામાઓ વચગાળાની રાહત જેવાં દૂરનાં સગાને નજીકનાં વ્હાલામાં બધું ક્યાંક ગોઠવાય. ક્યાંક ખોરંભાય ક્યાંક ખંડન તો ક્યાંક બંધન તો ક્યાંક અકળામણ તો ક્યાંક અલગ અલગ અવાજોમાં થતું ગર્જન-વિસર્જન... આ બધામાં રથનાં પૈડાં જેવી ઉક્તિ જોડવાથી વાત નવી નથી બનતી પણ સચવાઈ જાય છે... ખરુંને? આજની કવિતા આશા પુરોહિતે એવા ભાવકો માટે લાવે છે કે જેઓ કદાચ આ અનુભવમાંથી પસાર થવાનાં બાકી છે અથવા તો પસાર થઈ ચૂક્યાં છે અથવા તો પસાર થઈ રહ્યા છે યાને ચાલુ વર્તમાનકાળમાં છે. આજની કૃતિ પોતે એટલું સરસ મજાનું એકસપ્રેશન લઈને આવી છે કે જે પોતે જ સામે ચાલીને બે વેધક સવાલો પૂછી રહી છે 'તારી ને મારી આ પ્રીત છે?' 'આ તે કઈ રીત છે?' જો આ બન્નેના જવાબ હા હોય તો પછી રાજા અને રાણીએ વારતાનાં અંતે ખાધું પીધું ને રાજ કર્યું ને જો જવાબ ના હોય તો તમે એમાં શું કર્યું એ પત્ર લખી મને જણાવજો!!

# ઉર્વીશ વસાવડા

જેવી રીતે ના પાડવી સહેલી નથી. એમ કોઈને ટાળવું સહેલું નથી. કેટલાંક સર્જકો આપણને દૂર હોવા છતાં આપણાં પોતિકા લાગે, ને કેટલાંક...! ખેર આજે એવાં એક સર્જકના સર્જનની વાત કરવી છે કે જેનો સંગ્રહનામે 'પુષ્પનો પગરવ' છે. મારા કેટલાંક ગમતીલા સર્જકોમાંનાં એક એવા ઉર્વીશ વસાવડાની એક રચના આજે સાદર. મળે ના મળેની વાત આદિલ મન્સુરી કરે છે ત્યારે ત્યાં સમય કવિનું મૌન સાંભળવા ઊભો રહી જાય છે. સમયની વાત કરવાની આવે ત્યારે પળનો પણ જો વિલંબ થાય તો એ વિતેલો સમય આપણી સામે ભૂતકાળ બની અટ્ટહાસ્ય કરવાનું ચૂકતો નથી! કવિ એ સમયની ક્ષણને ચોસલામાં ગોઠવવાની પેરવી કરતા રહી જાય છે ને એ સમય ત્યાંથી સરી જાય છે અને એક અદ્‌ભુત શેર આપણને જડે છે.

એક વેળા જે મળ્યો એવો જ પાછો ના મળે,
શબ્દકોષોમાં સમયનો અર્થ સાચો ના મળે.

શબ્દકોશમાં પર્યાયવાચી શબ્દો જેવાં કે વખત-કાળ-મૌસમ-અવસર-સંજોગ કે શાળામાં શિક્ષણ માટે નિયત કરેલો સમયવિભાગ; 'પીરિયડ' જેવું કઈક લખેલું જોવા મળે. શું એ સાચું? પ્રશ્નનો જવાબ જો હા હોય તો હવે વાંચવાનું માંડી વાળો પણ જો તમારા મનમાં ના હોય તો હું કહું એ માનો આપણે કાળનાં વિભાજન આપણી સૂઝ મુજબ કર્યા. ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યકાળ પણ જો આ બાબત તમે માનો છો એટલી સહેલી જ હોત તો કવિ ચોક્કસપણે એવું ન જ કહત કે એક વેળા. આ પ્રત્યેક ક્ષણ સરીને ભૂતકાળ બનવા બેઠી છે એની વાત છે અને એથી જ લીવ ઈન પ્રેઝન્ટનું માહાત્મ્ય અત્યારે ચલણમાં આવ્યું છે. જીવન એ વિતેલી ક્ષણોનો સરવાળો નથી પણ ગયેલી ક્ષણોનો ભાગાકાર છે. વિતેલું કશું યાદ કરવામાં આપણે હકીકતમાં જીવવાનું ચૂકી જઈએ છીએ. જ્યારે આપણને જીવનની સંધ્યાએ આવી પ્રતિતી થાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. હિસાબો-સરવાળા બાદબાકીનાં કરવામાં ભાગાકારમાં વધેલી જિંદગીમાં કશું જ હાથ લાગતું નથી. અંતે તો ખાલી હાથનો વૈભવ જ આપણી જણસ બને છે. કશું જ લઈને જવાનું નથી જે બચાવ્યું હતું એ બધું પછીનાઓનું ભાગ્ય બની રહે છે આ બાબતને આગળનાં શેરમાં કેવાં શબ્દોમાં મૂકી આપે છે,

દાખલો એવો ગણીને આપણે બેઠા છીએ,
હોય ઉત્તર સાવ સાચો તોય તાળો ના મળે.

થિયરમ અને ઈકવેશનવાળી આ નવી પેઢી મોટેભાગે યુ. સી. મેથ્સ અને અબાકસની મદદ વડે અંકગણિતને ઉલઝાવી રહી છે. એ જમાનામાં દાખલા ગણવાની પુરાતન રીતને વાગોળવા બેઠા છે એનો આનંદ છે. અડધા-ઉઠા-પોણાંનાં ઉખાણાં ગયાં જોકે વ્યવહારમાંથી રૂપિયો પણ જવા બેઠો છે ત્યારે અત્યાર સુધી કરેલી જહેમતોને કેલ્ક્યુલેટરનાં યુગમાં કેલ્ક્યુલેશનવાળી જિંદગીનાં સમીકરણોનો તાળો મેળવવાનું ઘણું અઘરું થઈ ગયું છે. વ્યવહાર જગતમાં તો જી.એસ.ટી. આવવાનાં એંધાણ મંડાયા છે ત્યારે ખરેખર દાખલાવાળી બાબત આપણું ધ્યાન ખેંચે છે. સેમીસ્ટર સિસ્ટમમાં ભણીને ભૂલતી આ પેઢી જમાના પ્રમાણેની વ્યવહારુ હશે ખરી. પણ શું આ બધાનાં અંતે લાગણીના તાણાવાણા ઉકેલી શકશે કે નહીં એ પ્રશ્ન સામે જ ઊભો છે. આ જગતનાં વ્યવહારોમાં નવ્વાણું માર્કે નપાસ થઈએ તો આપણો વાંક નથી. તો પછી મેકોલેએ દાખલ કરેલી આપણી આ વૈદિક સંસ્કૃતિ આવતીકાલે નામશેષ થાય તો તાળો ના પણ મળે. આગળ જતાં બદલાતાં સમયનાં ચહેરાની વાત કરીને કવિ મનોમન જેઆશ્ચર્ય સર્જે છે એની કમાલ જુઓ,

એ જ દર્પણ, એ જ ચહેરો, એ જ જોનારો છતાં,
એ જ ચહેરો, એ જ રીતે એકધારો ના મળે.

બદલાવને જોવાની રીત પણ બદલાયા વગર રહેતી નથી. અહીં ખૂબ જ નાજૂક વાત કરે છે. કહેવાય છે ને કે સુંદરતા જોનારની આંખોમાં હોવી જોઈએ. આ વાતની સાથે મન સીધું જ જોડાય છે કિસ્ટ્રોફર માર્લોનાં ડૉક્ટર ફોસ્ટરર્સની કૃતિ સાથે જેમાં એની મંછાની વાત સાથે જ્યારે એણે મેસીસ્ટોફિલીસનાં કરારમાં દુન્યવી સુખોને ભોગવવાનો કરાર કર્યો ત્યારે હેલન ને ભોગવી ને બોલાયેલો એ સંવાદ અહી ં સીધો જ મૂકવાનું મન થાય ‘ઈસ ધીસ ધ ફેસ ફોરવીચ થાઉસન્ડસ શીપ્સ લોન્ચન્ડ એન્ડ બર્ન્ડ ધ ટોપલેસ ટાવર્સ ઓફ ઈલીયમ(ટ્રોય)’ આ ક્ષણભંગુરતાને છતી કરનારો આ અદ્‌ભુત શેર ખરેખર બદલાતાં સમયનાં ચહેરાની આપણી સમજને પડકારનારો બની રહે છે. સમજનારને મારા સો સલામ. આગળનાં શેરમાં કવિ જે નિરખે છે એને તાગે છે ને કહે છે કે..

કેમ સમજાવું તને એ કમનસીબીની ક્ષણો,
વૃક્ષ ઘેઘૂર હોય માથે તોય છાંયો ના મળે.

તમે ઘેઘૂરવૃક્ષ તળે હોવ ને છાંયો ન મળે કેવી વિધિની વક્રતા છે સામે દરિયો છે ને તમે તરસ્યા છો કે પછી થાકથી શરીર તૂટે છે ને ઊંઘ આવે નહીં એવી દશા

કમનસીબી એને જ કહેવાય કે જે સામે હોય ને છતાં અપ્રાપ્ય હોય વાતને રજૂ કરવાનાં ઘણાં માધ્યમો છે ચાંદનીમાં ચહેરો જોવાની ઈચ્છા હોય ને એ રાત અમાસની હોય મનને કમનસીબી સાથે જોડનારી અનેક ઉક્તિઓ અહીં આપણને હાથ વગી લાગે છે પણ કવિની રજૂઆત નોખી છે એમને કમનસીબીને એવી રીતે નિભાવવાની છે કે જેથી આખો શેર ઊંચકાઈ જાય. આ કવિકર્મનું સામર્થ્ય છે. આગળનાં શેરમાં કવિ એ પોતાના કર્મનાં શીલને સમજાવવાનો પ્રયત્ન કરે છે. એક પણ ડાઘા વગરનો તો ચાંદો ય નથી. પણ મન મનાવવા વાળાઓની કમી નથી અને એથી જ તેઓ કહી દે છે કે ચાંદને નજર ન લાગે માટે એમાં ડાઘ છે પણ કવિ અહીં ડાઘ વગરનાં સાચવેલાં એવાં વસ્ત્રની વાત કરે છે કે જેમાં તેઓની વરસોની નિસ્બત છતી થાય છે ડાઘ વગરનું વસ્ત્ર અહીં પ્રતીક બની જાય છે. પોતાના જીવનની સાર્થકતા અને સાફલ્યને રજૂ કરતા હોય એવો ભાવ ઉમેરાય છે. કવિ અહીં શબ્દો વડે બાકી રહી ગયેલાં ભાવને ચિતરે છે. બીજુ કોઈ હોત તો એ પોતાની આ વાતને પોતાનાં મૂખે જ રજૂ કરત પણ તેઓ તો સામેવાળા પાત્રનાં મોઢે કશુંક બોલાવા માંગતા હોય એવું લાગે છે અને એથી જ એ કહે છે કે લાખ તું શોધે છતાં એકય ડાધો ના મળે.

સાચવ્યું છે વસ્ત્રને આ જો અમે એવી રીતે,
લાખ તું શોધે છતાં એકેય ડાઘો ના મળે.

નખશિખ સુંદર ગઝલનાં સ્વામી ઉર્વીશ વસાવડાને આ ક્ષણે એવું પણ કહેવાનું મન થાય કે ના મળે કહીને અમને તો તમે આ સર્વાંગ સુંદર ગઝલ આપીને ભાવકોને તો ઉપકૃત જ કર્યા છે.

# ૯

# કલ્યાણી મહેતા

હા અને નાની વચમાં મૌન જીવે છે. આ બન્ને અભિવ્યક્તિઓ સચોટ છે. મૌન યાને સંભાવનાની એવી પરિભાષા કે જે સર્જન અને વિનાશ બન્ને પોતામાં સમાવીને બેઠી છે. પણ મારે નકરી નાની વાત નથી કરવી કે ડોકુ ધુણાવીને શરમાતા કહેવાયેલી હાની પણ વાત નથી કરવી, આપણે તો વાત કરવી છે હા અને નાની પહેલાંની અવસ્થાની એટલે કે પાત્રના પ્રવેશની વાત કરવી છે. કોઈના જીવનમાં હા કે નાની પહેલાં જે શોધ છે એની મજા છે. પ્રોસેસમાં રસ છે મેકીંગમાં રસ છે. સાચું કહુંને તો આખો આખો અનુભવ સરસ છે. જેનાં મૂળમાં છે ઇચ્છા. ઇચ્છાઓ જીવાડે છે. ઇચ્છાઓ પોતે મરતી નથી – મરવા દેતી પણ નથી. ઇચ્છા ન હો એ પણ ઇચ્છા છે. નવી સવી કલમનાં જોરે એક ઉતરી આવેલી બહેતરીન ગઝલ આજે તમારી સાથે માણવી છે જેની લેખિકા માટે એવું કહેવું યોગ્ય છે કે તારી તલાશ હતી. એક શબ્દસ્પંદ નામે સંપાદનમાં ક્યાંક છૂપાઈને બેઠેલી કવયિત્રી કલ્યાણી મહેતાને અનાયાસ મળવાનું થાય છે – મળતાની સાથે જ વાત મંડાય છે ને એ કહે છે,

જીવવાની એક આશ રહેવાની,<br>
ઉમ્રભર તારી તલાશ રહેવાની.

બોસ, પહેલી જ મુલાકાતમાં તમને પોતાનાં બનાવી દે એવું સંમોહન કરનાર એ કવયિત્રી વિશે કશું જાણતો નથી. અરે, હજુ હમણાં જ તો મળ્યાં છીએ આપણે. અરે એવુંય કહેવાનું મન થાય કે પરિચય તો આપવો હતો. આ શું આમ સીધે સીધુ પણ પછી મને થયું જમાનો ફાસ્ટ છે, આમને સામને આવી ગયા જ છો તો વાતો થતી રહેશેને બધું સમજાતું જશે. પણ આ શું આટલું બોલીને તેઓ ચૂપ થઈ ગયાં. મને જરા ઉદાસ લાગ્યાં મેં પછી છેવટે તો પૂછી જ લીધું કે આમ વાત શરૂ કરી ન કરીને કેમ ચૂપ? મારાથી નારાજ છો-થોડા ઉદાસ લાગો છો. તો કહે...

લાખ તોફાનો ભલે ઊઠે દિલમાં,<br>
ટેવ છે દિલને ઉદાસ રહેવાની.

અરે... લો આ તે કંઈ વાત છે? મને થયું કે... ખેર ટેવ છે સુધારી પણ શકાય તમને વાંધો ન હોય તો કૉફી પીવા જઈ શકીએ. યૂ નો મુડ જરા ઠીક કરવા... અહીંયાં નજીકમાં જ છે કાફે કૉફી ડે... શું વિચાર છે? હા ય ન પાડી ને ના ય પાડી હું ચાલતો રહ્યો પાછળ જોયા વગર ને એ મારી પાછળ જ છે એવું માની ને છેક પ્હોંચ્યો

કાફે કૉફી ડેનાં એક કોર્નર ટેબલે. સામે જોયું તો એ બેઠા હતાં. થેંક ગોડ!!! ભગવાને ફરી મોકો આપ્યો વાત કરવાનો. એટલામાં વેઈટર આવ્યો મેં કહ્યું કેપેચીનો. તમે શું લેશો? એક્સપ્રેસો અમેરીકનો-વીથઆઉટ સુગર... મેં કહ્યું, બાય ધ વે હું શું કરી શકું આપનાં માટે તો મને કહે એક સવાલનો જવાબ આપશો? હું જરા વ્યવસ્થિત થયો. જરા ગળાને સાફ કરવા માટે ખોંખારો પણ ખાધો. મેં કહ્યું, ઇટ્સ માય પ્લેજર... તો મને કહે,

આટલું તો ચાંદને પૂછો કોઈ,
ક્યાં સુધી મારે અમાસ રહેવાની?

બસ, હું સિમ્પલી સ્પેલબાઉન્ડ. અરે પૂછી પૂછીને આ શું પૂછ્યું એમણે? મારી પાસે કોઈ જવાબ નહીં. હું આનો જવાબ મનમાં ગોઠવવાનો હતો ને ત્યાં જ વેઈટરે કૉફી મૂકી કેપેચીનોનાં કડવાં ઘૂંટડા પીવાની મારી હોંશિયારી એની સવાલથી હવાઈ ગઈ હતી. હું જવાબ ન આપવો પડે એ માટે ઉતાવળે કૉફી પીવામાં જીભે દાઝ્યો પણ ખરો. પણ ચહેરા પર ન વર્તાવા દીધું, બે ત્રણ સેકંડ થઈ એમણે એમની કૉફીને મારા દેખતાં ફૂંક મારી અડધી ચમચી ખાંડ મીલાવી. ફક્ત એમણે કૉફીની બાષ્પ શ્વાસમાં ભરી મારી નજરથી નજર મિલાવીને એટલું જ બોલ્યાં કે...

એક છે હૈયે લગન એવી સાજન,
રાત-દિન તુજ આસપાસ રહેવાની.

હું ભૂલી ગયો કે આ અમારી પ્રથમ મુલાકાત છે. મને અંદરથી એવું કે વરસોથી અમે અહીંયા રોજ મળીએ છીએ. વરસો નહીં કદાચ યુગોથી. અમારી આસપાસનું વાતાવરણ તો અમારા થકી રચાયું છે. આ બેવને અહીંયા બેસવાની તકલીફ ન પડે માટે કદાચ આ કેફેના માલિકે અમારી આસપાસ આ બધું ચણી દીધું હશે, એવું ય બને ને કે અહીંયા મૂકેલાં દરેક ટેબલો પરના પ્રત્યેક યુગલોની આ કહાની હોય. કદાચ આ આખુ હા અને નાની વચમાં રચાયેલું સંભાવનાઓનું મૌન અહીં બેઠેલાં યુગલોને એવું કહેતું હોય કે...

ફૂલ સમ જો આયખું ખરી જાશે,
આગમન પંથે સુવાસ રહેવાની.

કલ્યાણી મહેતા સાથેની આ મારી યાદગાર મુલાકાત તમને કેવી લાગી? ચોક્કસ જણાવજો અને હા, એક બીજી વાત મારી જગ્યાએ જો તમને આ મેડમ મળ્યા હોત તો...? મળીએ છીએ આવતાં બુધવારે ફરી પાછા ત્યાં સુધી શબ્બા ખેર.

# કિશોર મોદી

કો'ક સોંસરવું પાર ઊતરી જાય એવું લાગે તમને ને પછી એ સાંગોપાંગ ફાલે તમને ડૉ. કિશોર મોદીએ એક એવું વ્યક્તિત્વ છે. મારા માટે એમનો શબ્દ એ જ એની ઓળખ છે. થોડા સમય પહેલાં એક કવિમિત્રએ તમારા માટે ખાસ કહીને નામ મારું ટહુકાતું જાય છે... નામક સંગ્રહ પ્રેમાનંદ સાહિત્ય સભામાંથી હું નીકળતો હતો ત્યારે હાથમાં થમાવ્યું. એનાં ગ્રાફિક્સ ધ્યાનાર્ષક લાગ્યા કવિનું કવિત પણ જામ્યું. મને થયું નિરાંતે પછી... વ્હોટ્સએપ પર વ્યાવહારિક આભાર દર્શન કર્યું.. પણ એક સાંજે એક બંડલ મળ્યું પુસ્તકોનું જ સ્તો.. જેમાં હતાં 'એક લીલી પળ અતીતની', 'અંઈ વખતની લીલી હૂકી વાત છે...' 'મોહિની', 'એઈ વીહલા!' 'મધુમાલિકા' અને 'જલજ'. મને રસ પડ્યો 'જલજ'માં. એનું કારણ એનો દેદાર-પીળા પડી ગયેલાં પાનામાંથી ડોકાતો પેલો મુગ્ધાવસ્થાનો જવાન કવિ. જેટલું જૂનું પુસ્તક એટલો જવાન કવિ-કોઈપણ કવિનાં જૂનાં પુસ્તકોમાં એની મુગ્ધાવસ્થા જળવાયેલી હોય છે અને તદ્દન નવાં પુસ્તકમાં એની વૃદ્ધાવસ્થા... પીળાં પડી ગયેલાં અંદરનાં પાને બહાર ચીતરેલી ભૂરાશ આંટા મારે છેલ્લા પાને મીણબત્તીની સામે કંઈક તાગતો ગુચ્છાદાર વાળનો સ્વામી એચ.એમ.ટી. વોચ પહેરીને સમય વિતાવતો જોવા મળે ને ઊઘડે છે એક પાનું. જેની પર લખ્યું છે ક્ષણની બિલાડી. બિલાડી શબ્દ સાથે બે ખયાલ જોડાય એક કૂવાની અને એક વાઘની માસી ને એ વાંચતાં કૂવાની વાત આવે ને હું સાચો પડ્યો છુંનો મનોમન આનંદ વર્તાય. 'જલજ' સંગ્રહની જૂજ કવિતાઓનાં ટાઈટલ છે.

જન્મ જન્મે ઓળખે, શી વાત છે!
મૃત્યુ જેવું કૈં હશે, શી વાત છે!

એક ષડરિપુની ગઝલ લખવાવાળો એક કવિ જવાનીમાં કેવો હોય એનો આ ઉત્તમ પુરાવો છે વિરોધાભાસોને સામસામે મૂકી શકે એ કઈક નવતર સર્જી શકે. જન્મમૃત્યુ જરા વ્યાધિ... નો અહેસાસ અને પછી પેલી મનગમતી વાત મનનાં કૂવે ક્ષણની બિલાડી... બહુત અચ્છેવાળો શેર અને એમાંય પાછી ફંફોસવાની વાત કાબિલે તારીફ છે –

ક્ષણની બિલાડી લઈ મનના કૂવે,
કોઈ ફંફોસ્યા કરે, શી વાત છે!

શબ્દ બ્રહ્મ છે એ જાણ્યા પછી જ આ વાત કોઈ કરી શકે પોતે જે તે સમયે વડોદરાનાં વડીવાડી ખાતેનાં સિક્કા નગરમાં રહી ને સાંકરદાની યુનિવર્સલ ડાયસ્ટક

ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં પોતે રિસર્ચ અને ડેવલોપમેન્ટ વિભાગનાં વડા અધિકારી તરીકે ફરજ બજાવતા. એ સને ૧૯૮૩માં પ્રકાશિત આ પુસ્તકની કિંમત માત્ર ૪.૮૦ હતી ત્યારનો કવિ એના શેરમાં રસાયણ શાસ્ત્રોનો કિમીયાગર જ્યારે લાકડી અક્ષરની લઈ મૌનના રસ્તે નીકળે છે અને સદ્‌ભાગ્યે આપણને કેવો શેર મળે છે. સૌથી મજાની તો એ વાત છે કે અંધ શબ્દો પછી લાકડી અક્ષરની લૈ નો જે ઠહેરાવ છે એ જો વાંચનાર ને પકડાય તો મને અહીં કિશોર બનીને કહેવાનું મન થાય કે શી વાત છે!

અંધ શબ્દો લાકડી અક્ષરની લૈ,
મૌન રસ્તે નીકળે, શી વાત છે!

રણની સફર જો આદરવી હોય તો કાફલો જરૂરી છે. એકમેકનાં સહારે સહરાને પાર કરવાની વાત છે અને શી વાત છે!ની જલજ ગઝલમાં આપણને હવે જે શેર સાંપડવાનો છે એની તો શું વાત કરવી! આ કવિ ખરેખર નકશીકામનો બાદશાહ છે ક્યાંથી ક્યાં લઈ જાય છે. જન્મમૃત્યુથી શરૂ કરે પછી મનનાં કૂવામાં ફંફોસવા કહે પછી પાછો એ મૌનનાં રસ્તેય નીકળે ને પછી કાફલાથી રણની સફર પણ આદરે અને રણમાં છે તો બેશક મૃગજળોને ખાળવાની વાત તો ન કરે તો જ નવાઈ પણ આ શેરની મજા જુઓ.

કાફલામાં એ સતત ચર્ચાય છે,
રણ પછી પણ રણ હશે, શી વાત છે!

આ કવિને શી વાત છે!ને સાર્થક કરતાં આવડી ગયું છે. દરેકવાર આપણને એ પેલાં આશ્ચર્યની સમીપે મૂકીને પોતાની વાતને પૂરી કરે છે. એવું જ્યારે જ્યારે લાગે છે ત્યારે ત્યારે ત્યાંથી વાત શરૂ થયાનો અનુભવ થાય છે. પડછાયો અને મૃગજળોની વાત નવી છે. રણમાં આ બેવ સિવાય કશું જ હોતું નથી. અહીં અફર એવી સફર આદરી તો છે પણ કોનાં સહારે ક્યાં પહોંચવાનું છે?! એ બાબત અસમંજસવાળી જ છે રણમાં પડછાયો સમય સૂચક છે અને મૃગજળો એ સૂચક છે પણ હયાત નથી અહીં હયાતીને વીલાં પડતી જોવાની સાથે બુઝાતા પડછાયાને આખર સુધી લંબાવીને ઓજલ થતો જોવાની વાત છે. અસ્તિત્વનો ઉત્સવ છે.

એક પડછાયો બુઝાશે આખરે,
મૃગજળો વીલાં પડે, શી વાત છે!

વરસોવરસ જેમની કવિતાઓ અવાર નવાર ધબક, કવિલોક, મુદ્રાંકન, બુદ્ધિપ્રકાશ વગેરેમાં અવારનવાર અલપજલપ માણી છે એ આજ મારાં આંગણે શબ્દસ્વરૂપે મળે તો મારે મન શી વાત છે! તો થાય જ ને? એમનાં અનેકવિધ સર્જનોમાંથી મળી આવેલી અણીશુદ્ધ ઊર્મિઓ કિશોરરૂપે કલશોર કરે છે એનો આનંદ છે. ખૂબ સાચવીને

એમની જવાનીથી જૈફ સુધીની આ બધા જ સંગ્રહોની સુવાસ લઈને બેઠો છું ત્યારે સાચું કહું તો બાગબાનની અનુભૂતિ કરી રહ્યો છું એવું લાગે છે! આ તાજગી દેશ વિદેશની છે સ્થાયીના સ્થળાંતરની છે. જૂનાં અને પીળાં પડી ગયેલાં પાનાંઓની મ્હેક જલજ રૂપે રૂંવે રૂંવે પ્રસરી રહી છે એનો અનહદ આનંદ છે. ક્યારેક રૂબરૂ થવાય તો થોડો સમય આ વિરડામાં ગાળવો છે. હાલ પૂરતું ફરી મળ્યાની અનેરી સોનેરી આશા સહ...

# કૌશિક પરમાર 'ઉસ્તાદ'

નફરતો સૌ કાપવાની એકસો ને દસ ટકા
લાગણીને વાવવાની એકસો ને દસ ટકા
એ કહી ગઈ કે મરી ગઈ છું તમારા કાજ હું,
એ છતાં એ આવવાની એકસો ને દસ ટકા
એ ખુલાસો ના કરો જે ક્યાંય કરવાનો નથી,
બંધ બાજી જીતવાની એકસો ને દસ ટકા
એક નારી રોજની છેડાય ગામે ગામ અહીં,
ક્યાંક ધરતી ફાટવાની એકસો ને દસ ટકા
ધારવા કરતાં ઘણી ઉસ્તાદજી છે આ જિંદગી
એથી એને નાથવાની એકસો ને દસ ટકા

જ્યારથી તકલાદી આવ્યું ત્યારથી ગેરંટી-વોરંટી-રિપ્લેસમેન્ટ કેશબેક અને અપ-ટુ જેવી ભ્રામક પરિભાષાઓ આવી. ટકાવારીનું ગણિત વેપારીઓને જ સમજાય છે. છતાં આ ટકાવારી ધીમે ધીમે પોતાનો ભરડો મજબૂત કરતાં કરતાં આજ કાલ રિઝલ્ટ સમયે વિદ્યાર્થીઓમાં પણ ઘણું ખરું પ્રવેશ્યું છે. એ પણ જોકે સો ટકાથી આગળ નહીં. બોલચાલમાં જ્યારે એકસો ને દસ ટકા જેવો અસામાન્ય શબ્દ કોઈ પ્રયોજે છે ત્યારે એ પોતાની અચૂકની ખાતરી પર સંશય ન કરવા જણાવે છે. જોકે આ બોલ ચાલમાં આવા નક્કર ને રજૂ કરતા પ્રચલિત એવાં કેટલાંક શબ્દો ચોક્કસ, અવશ્ય, નક્કી મોજુદ છે પણ જ્યારે કોઈ ઉસ્તાદજી નામક શાયર કૌશિક પરમાર જ્યારે એક સો ને દસ ટકાની વાત લઈને આવે છે ત્યારે એ ગઝલને આપણે તો સો ટકા માણવી જ રહી. મારા પ્રયત્નો એથી વધારે ના કદાચ નહીં હોય પણ એટલા તો નક્કી પ્રથમ શેરમાં કવિ પોતે કટિબદ્ધ બનીને નફરતોને કાપવાની વાત કરે છે. આ કદાચ એમનો મિજાજ છે અને સાની મિસરામાં લાગણીનું વાવેતર કરવાની વાત યાચે છે ખૂબ સરળ ભાષામાં કેવો સરસ મજાનો શેર આપીને આપણને તરબતર કરે છે!

બીજા શેરમાં સ્ત્રી પ્રવેશતાં વાત આક્રમક બને છે. માફ કરજો સ્વભાવનાં પ્રભાવ પર જરા લપસાયું હોય તો! ખેર બોલચાલની ભાષાનો ખૂબીથી પ્રયોગ કરનાર શાયરે કો'ક પ્રિયજન દ્વારા બોલાયેલું વાક્ય સીધું જ અહીં ગોઠવી દીધું હોય એવી પ્રતીતિ થાય છે. આપણને તો કદાચ રોજ સાંભળવા મળતો કર્કશ ગુંજારવના લાગે તો જ

નવાઈ. પરણેલાઓ મનમાં હસી આગળ વધી શકે છે! પણ ફરી કવિની કટિબદ્ધતાને સલામ. બધું સાંખીને પણ પોઝેટિવીટી જે જાળવી શકે એને સાચો માણસ કહેવાય. વિશ્વાસ જુઓ એ સાની મિસરામાં કહે છે કે એ છતાં એ આવવાની એકસો ને દસ ટકા. આ સામેવાળી વ્યક્તિને ઓળખવાની આગવી સૂઝ તેમનામાં જન્મજાત છે એવું લાગે છે. ઘરમાં ગમે એટલો કંકાસ-કજિયો થાય. બે વાસણ ખખડે તો સાંજ પડે રોટલા-ઓટલા ભેગાને ભેગા. દામ્પત્યજીવનની આજ તો મજા છે ચાલને ચકવા ત્યાં જઈએ જ્યાં સાંજ ના પડતી હોયનું ચક્રવાકમિથુનનું સરસ મજાનું સ્મરણ મારા સાહિત્યનાં શોખીનો માટે અહીં મૂકી આગળ વધું છું.

જો તમે કોઈ વાતનો ફોડ પાડો તો તમે ભોળા બલ્કે સાચું કહુંને તો તમે જમાના પ્રમાણેનાં નથી એવું કહેવાય છે. પણ જો તમે ખુલાસા કરવાનું મોકુફ રાખો તો તમે પોતે મુસદ્દી છો એ વાત નક્કી. કોર્પોરેટ જગતમાં આવું બને બંધ બાજીનાં જોરે કંઈક કેટલાં ફાવી પણ ગયા તો કંઈ કેટલાંયની પાયમાલીઓ ય થઈ જાય. એક સરસ મજાનો આજ જમીનનો એક બીજો શેર નિદા ફાઝલીનો યાદ આવે છે : ‘દુનિયા જીસે કહેતે હે જાદુકા ખિલૌના હૈ.. મિલ જાયે તો મિટ્ટી હૈ-ખો જાયે તો સોના હૈ... અહીં આ સાથે બાંધી મુઠ્ઠી લાખનીના ભાવ સાથે પોતાની વાતને ખૂબ સરસ મજાની ખૂબીથી રજૂ કરે છે અને બંધ બાજી જીતવાની રીત કહીને નસીબ પર ભરોસો કરવાનું ઈજન આપે છે

આગળના શેરમાં કવિ પોતાનું સમાજને રાહ ચીંધવાનું કામ હાથે લે છે. એમનાં આ શેર દ્વારા એ પોતાની ચિંતા રજૂ કરતાં સમાજ સામે આરસી લઈને આવે છે. ગુલઝાર સાહેબને કોઈએ પૂછ્યું હતું કે ‘બિડી જલઈ લે જીગર સે પીયા’નું કલ્પન તમને ક્યાંથી જડ્યું તો ગુલઝારસાહેબે જવાબ આપ્યો સમાજમાંથી, ક્યારેય સિનેમા સમાજમાં કશું આપતી નથી પણ સમાજ પાસેથી જે મેળવે છે એ પીરસે છે. થોડા સમયમાં જો બધું સમુંસૂતરું પાર ઉતરશે તો કરસનદાસ પે ઍન્ડ યુઝ જેવી ફિલ્મ આપણને જોવા મળશે જે કદાચ આપણાં સમાજનું જ પ્રતિબિંબ હશે. એક નારી રોજની છેડાય ગામે ગામ અહીં, ક્યાંક ધરતી ફાટવાની એકસો ને દસ ટકા. આ નિર્ભયાનો દેશ છે, રોજ હલકી અને હીન કૃત્યનો શિકાર બનતી નારીની વેદના અહીં સુપેરે બયાન કરી છે, આખી ગઝલનો સૌથી ઉત્તમ અને ચોટદાર શેર બની રહ્યો છે. ફક્ત આ એક શેરના જોરે એમ કહી શકાય કે આખી ગઝલ બળવત્તર છે, સાર્થક છે. સમાજની સામે સમાજ ને ઉઘાડતો આ એક અદ્‌ભુત શેર છે. ગઝલની જાન છે. ધરતી ફાટવાની ઉક્તિ જૂની નથી પણ જ્યારે જ્યારે સ્ત્રીના શીલની પરીક્ષાઓ જ્યારે જ્યારે થઈ છે ત્યારે ત્યારે ધરતીએ તેને જગ્યા આપી છે અને જો આ રોજની ઘટમાળ બની જશે તો શું થશે એની વાત બયાન કરતાં કવિએ સમાજનાં માનસને લલકાર્યું છે.

અંતિમ શેરમાં ઉસ્તાદની ઉસ્તાદીની નજાકત તો જુઓ. કેવી વાત કરે છે! જિંદગીના સંદર્ભે કરેલી ફરી પાછી પેલી નિદા ફાઝલી સાહેબની વાત યાદ આવે છે કે આપણી આ ખૂબસૂરત જિંદગી એ એટલી બધી અશક્યતાઓનો ભોગ બનેલી છે કે ના પૂછોની વાત. જિંદગીનો કોઈ ભરોસો નથી ક્યારે હાથ તાળી આપીને એ છટકી જાય કહેવાય નહીં. રાત્રે સૂતા પછી આપણને કોઈને એ ખબર હોતી નથી કે કાલે સવારે સવાર કેવી પડશે. જિંદગી મોત ન બનજાયે.. સંભાલો યારો.. થી માંડીને યે જીવન હૈં.. યે જીવન કા યહીં હૈ રંગરૂપ. કંઈ કેટલું ગવાયું છે અને હજુ પણ ગવાતું રહેશે. હોની અનહોની આપણાં પામર મનુષ્યનાં હાથમાં નથી. એવી જિંદગીને નાથવાની વાત છે કેવી રીતે એ આપણાં પર છોડે છે તમે એક પાણીની પરબ બાંધવાના સત્કર્મથી શરૂ કરીને ટંકશાળો ખોલી દઈ શકો. અરે આ જિંદગીને નાથવાના હેતુસર કોક જરૂરિયાતમંદની આંખનું આંસુ લૂછીને મોહક સ્મિત બની શકો. જિંદગીને સુંદર બનાવવા માટે કોકના હોઠો પર મુસ્કાન પણ લાવી શકો જિંદગીને નાથવાના રસ્તાઓ હજાર છે ફક્ત સમર્પણની ભાવના જો મનમાં અમર હોય તો અંતે આંધળાનાં હાથની લાકડી બની ને એને રસ્તો પણ ક્રોસ કરાવી દો તો ય જીવન સફળ છે અને એટલે જ આ ઘટમાળની ભરમાર એવી જિંદગીને ઉસ્તાદ કહેનાર આ કવિ આપણને આપણા પોતાનો માર્ગ શોધવાની અનુમતિ આપે છે. પણ હા, આ નાથવાની વાત કરીને ખૂબ મોટી આશાનું કિરણ છોડી જાય છે. એક પ્રાથમિક શાળાના શિક્ષકે લખેલી આ ગઝલ સમાજ માટે એક અદ્‌ભુત એવો નમૂનો છે કે જેમાં જીવનદર્શનની સાથે સમાજદર્શન વ્યક્તિત્વદર્શન અને અંતે માત્ર દર્શનનો અદ્‌ભુત સમન્વય આ ગઝલમાં રચાતો જોવા મળે છે એનો આનંદ અને કવિ કૌશિક પરમાર અગામી ભવિષ્યમાં ગઝલ મારફતે વિદ્યાર્થીઓને જીવન જીવવાની કળા પીરસતા રહે એવી મંગલભાવના સાથે ફરી મળીશું આવતાં બુધવારે એકસો ને દસ ટકા...

# ૯

# ચતુર્ભુજ અગ્રાવત 'કાફિર'

કવિ એ સામાન્ય કરતાં કંઈક નોખું જોતો જીવ છે. અહીં કવિ અર્થ એ કળા માત્રનાં દરેક ક્ષેત્રનાં કર્મીઓ માટે છે. જે ઉજાગરા ને જાગરણનો ભેદ પારખી શકે એ જ કઈક અલગ તારવી શકે. આજનો આપણો સર્જક પોતે જાદુગર છે. વ્યવસાયે એ ખરેખર જાદુગર જ છે. નામ ચતુર્ભુજ અગ્રાવત 'કાફિર' સાવરકુંડલામાં પોતે રહે છે અને એની ખુમારી એ ખરેખર કાબિલે તારીફ છે. ગમે એવી વાત કરવાની આદત નથી ઘાવને ખભ્ભે રાખવાની વાત કરે છે. દુશ્મનો એ પીઠ પર ધાવ આપવા માટે પંકાયેલા છે પરંતુ ખભા પર હાથ મૂકનારા તો દોસ્તો જ હોય છે અને એથી જ અહીં નોખી રીતથી એ વાતને મૂકે છે. અહીં રજરજની પીડાને કંડારતો એ ગઝલનો શેર આપણને સોંપે છે,

ખભે આ ઘાવ તગતગ છે અને હું એટલે જાગું,  
પીડા એની જ રજરજ છે અને હું એટલે જાગું.

બેવ પક્ષે જેનો અહેસાસ સદંતર એકસરખો હોય એને સાચો પ્રેમ કહેવાય. એકમેકનાં જાગરણનાં સાક્ષી વિખૂટા ભલેને હોય પણ અનેક બાબતે એ સાથે રહી શકે છે એમાંની એક બાબત છે અને એ છે જાગરણ. મનગમતી પીડાને સામસામે કોરીને તાજી રાખવાની વાત હોય છે. જ્યારે પ્રેમ થાય છે ત્યારથી જાગરણની શરૂઆત થાય છે એ બન્ને પક્ષે એક સરખું હોય છે અને એ બાબત જ્યારે ગઝલના શેરમાં કંડારાય છે ત્યારે આપણને કઈક આવી બે પંક્તિઓ જડે છે,

તને નીંદર નથી આવી ને તારે ઘેર તું જાગે,  
મને એક એવી અટકળ છે અને હું એટલે જાગું.

જ્યારે કવિ આ ક્ષણોને કાગળરૂપી સપાટી પર ગઝલનાં રૂપમાં કંડારવાનું વિચારે છે ત્યારે એને મનમાં એક અનોખી અવઢવ એ પણ છે કે કદાચ આ ગઝલનાં રૂપમઢીને જે અંદાજે બયાંમાં જે દર્દ ઘુંટાવાનું છે એ કદાચ મારામાં નહીં ઉતરે તો એ મને છું એનાં કરતાં વધારે વ્યાકુળ બનાવી દેશે તો? અને બસ એ જ કારણ ને અહીં શબ્દસ્થ કરતા એ આપણને એક અનેરો ચિરંતન શેર પીરસે છે અને પોતાની વાત ને વ્હેતી મૂકે છે –

મને એ ઊંઘતો જોઈ રખે, બીજેય ચાલ્યાં જાય,  
ગઝલનાં શેર નિશાચર છે અને હું એટલે જાગું.

કવિ ક્યારેય પોતાની સચ્ચાઈ ને નથી છોડતો. એ વાસ્તવિકતાની જમીન પરનો આદમી છે અને એટલે ગઝલમાં ક્યાંય એવાં મકામો નથી લાવતો જે એની કલ્પનાઓ કે વાસ્તવિકતાની વિરુદ્ધ હોય એ જે જીવે છે એ લખે છે અને એટલે જ આટલી બધી સચોટ વાત બેજીજક રજૂ કરે છે. એનાં ઘરમાં પંખો છે. એ એનું વાસ્તવ છે આ વાસ્તવની સચ્ચાઈનાં રણકાવાળો શેર,

નથી હું ઉતર્યો આ ઊંઘ સામે કોઈ ચળવળમાં,
જૂના પંખાની ખટપટ છે અને હું એટલે જાગું.

મજા ઊંઘની સામેની ચળવળની છે અને સજા એ જૂના પંખાની ખટખટની છે. સજાગ વ્યક્તિ હોવાના નાતે એ જાગે છે અને એટલે જ તો એ સજામાંથી પણ મજા મેળવી શકે છે વાસ્તવની જમીનનો એક નવો શેરનો નવો આયામ જોઈએ તો ખબર પડશે કે વાસ્તવ સાથે એને કેવો પનારો પડ્યો છે?

નહીં દીવાની ટમટમથી નથી કોઈ ફેર પડતો, પણ,
નયનમાં ઊંઘ અગોચર છે અને હું એટલે જાગું.

દીવાની ટમટમ એ એની વાસ્તવિકતા છે પણ એ તો કોઠે પડ્યું છે તો નિભાવે જ છૂટકો પણ પરાકાષ્ઠા તો નયનની ઊંઘ અગોચર થઈ ગઈ છે એ બાબતની છે. જ્યારે કોઈ એવું કહે કે નથી ફેર પડતો તો અચૂક સમજવું કે અંદરખાને બહુ મોટો ફેર પડે છે. અહીં વાત ફરીથી ફેરના ફેરબદલની છે જેને સમજાય એ સરઆંખો પર, અગોચર એ જાદુગર કવિનું વિશ્વ છે ક્યાંક સાધના કરતી વખતે પનારો પડ્યો હોય તો એ પોતે જાણે પરંતુ હાથની સફાઈ એ પણ સમય સૂચકતાની વાત છે 'મૈં જો કહુંગા વહી આપ સુનેંગે... ઔર મૈં જો દિખાઉંગા વહી આપ દેખેગેં'નાં સંમોહનથી કોઈ બાકાત નથી. ક્યાંક મને અત્યારે કોક બોલાવતું હોય એવું લાગે છે... તો એવું ય કહીશ કે ચલે આવ... ચલે આવનો સાદ સંભળાય છે... જાદુગરની ગઝલ છે! જાદુ થાય પણ ખરો... અશક્ય છે પણ શક્ય છે.

ગિરનારની પરિક્રમા વખતે આ કવિની સાથે તળેટીથી ટોચ સુધીની સફર રૂબરૂમાં કાપી છે. એક નોખી માટીનો જીવ છે. પોતે પરિસ્થિતિઓમાં પોતાનાં અસ્તિત્વને ટકાવી સંઘર્ષમય જીવતો આ કવિ પોતે એક અદ્‌ભુત જાદુગર છે અને એની આ આવડતની વાત કરતાં સ્હેજપણ ક્ષોભ રાખ્યા વિના નિખાલસ પણે આપણને બીલીનાં ઝાડની ડાળખીને દાતણ તરીકે આપતાં એ કહે છે જાદુ કંઈ નહીં બધી હાથની સફાઈ છે. પણ આ ગઝલકાર એ આજનાં આ ટેક્નોલૉજીનાં યુગમાં પોતાની તરકીબોને સહારે આપણાં સૌને રોમાંચિત કરનારો એક નોખી માટીના જીવની અંદર બિરાજેલાં શીવતત્ત્વને મારી સો સલામ...

# ૬

# ચંદ્રેશ મકવાણા 'નારાજ'

લો, હું આવી ગયો પાછો તૈયાર-બૈયાર થઈને, પરફ્યુમ-બરફ્યુમ છાંટીને... માથું-બાથું ઓળીને-ગઝલ-બઝલની વાતો કરવા. કેટલાક મિત્રો સમથળ સપાટી પરનાં હોય. કેમ છો? પૂછો તો જવાબ મળે ના મળે. પણ કેટલાંક એવાંય મિત્રો હોય કે જેને આપણે જડમૂળથી ઓળખતા હોઈએ. અમારા બેવનાં અસ્તિત્વ માટેનાં સંઘર્ષો અમદાવાદમાં સાથે શરૂ થયાં હતાં ગુલબાઈ ટેકરાની અરુહત ટેકનોલોજીમાં હું નોકરી કરતો ત્યારે સાંજે ચંદ્રેશ મકવાણા 'નારાજ' અને અનિલ ચાવડા ક્યારેક આવી ચઢતાં. ચાની ટપરીએ વાતો એ વળગતા ત્યારે ચંદ્રેશ અજબગજબનાં સવાલો પૂછતો. એ કહેતો મારા જન્મનો સમય મળે તો મારે મારી કુંડળી બનાવડાવવી છે. અને કોઈ જ્યોતિષને જઈને પૂછવું છે કે... આ રઝળપાટો ક્યાં સુધી લખેલી છે... વગેરે વગેરે. મને આશ્ચર્ય થતું અને ચિંતા પણ... ખેર આજે એની એક નિસબતવાળી ગઝલ માણીએ.

લાખ જણ ભૂખે મરે છે,<br>
એક જણ જલસા કરે છે.

સાંપ્રતની સાથે સીધી નિસબત ધરાવતો આ ગઝલકાર પોતે વાસ્તવિકતાઓને નકારતો નથી કે ગેરમાર્ગે દોરતો પણ નથી. જે છે એ પ્રત્યક્ષ છે. વિરોધાભાસી બે સંદર્ભો ને જોડીને સાચુકલું કંઈક ગળું ખોંખારીને રજૂ કરવાની એની તૈયારી છે. એ વાસ્તવ બતાવીને પોતે આપણો કાન આમળતો જોવા મળે છે. પોતે ઊંઘમાંથી જાગ્યો છે ને બીજાઓને પણ એ જગાડતો હોય એવી અનુભૂતિ કરાવી રહ્યો છે. વાસ્તવિકતાનો જીવ છે સત્યને ઉઘાડુ કરે છે ક્યાંય કલ્પનો નથી!! હળહળતું સત્ય છે જીવ-સજીવ મૃત અમૃત જેવાં ભાવોને એ પોતે જાણે છે. જ્યાં સુધી જીવ છે ત્યાં લગીની જ આ બધી હાય હાય છે ને કદાચ એટલે જ કફનમાં ખિસ્સું નથી. મનપાંચમનાં મેળા છે. પણ આ બધું જ જીવ ને જ્યાં જીવ શિવમાં ભળે છે ત્યાં આવે છે માત્ર એકાકાર. પણ આગળ દૃષ્ટિ જો થોડીક ઝીણી કરીએ તો બેફિકરાઈવાળા આપણે સૌ શબની અવસ્થામાં તો નથીને? આ સવાલનો જવાબ કદાચ આપણને અહીં મળે પણ ખરો :

જીવ તો ડૂબી ગયો જળમાં,<br>
શબ બેફિકર થઈને તરે છે.

ખુમારી ખોઈ બેઠેલા સમાજની વાત છે. અવાજો દબાયેલા છે ક્યારેક તો આપણને

એવું પણ થાય કે લોકો ખરેખર અંદરથી એટલાં બધા ગભરાયેલા છે કે અન્યાય સહન કર્યા કરે છે કેમ કોઈ કશું બોલતું નથી! મરદ મૂછાળાઓ જે હતાં એ ક્યાં ગયાં? લોકો ચાડિયા થઈ ગયા છે! એક જમાનો હતો કે નરબંકાઓનાં પાળિયાઓ થતાં હતાં. ભલભલા માથાભારે લોકો ક્યાંય ખોવાઈ ગયાં છે. કવિ પડકાર ફેંકે છે અંતર આત્માને જગાડે છે. કવિનું કામ સમાજને દિશા ચિંધવાનું પણ છે. અંદરની આગને ફૂંકમારી ફરી જલાવવાનું પણ છે.

ખૂબ લાંબી મૂછવાળા,
કોને ત્યાં પાણી ભરે છે?

આગળનાં શેરમાં ખૂબ હોંશિયારીથી પોતાની વાત રજૂ કરે છે ને સહન ન કરવાની વાતને મુખર કરે છે ક્યાં સુધી આજીજી કરવાની જો સામાવાળાને વિનંતીની ભાષા ના જ સમજાય તો પછી મૂળ સ્વરૂપમાં આવીને સમજાવવી પણ પડે લાતોનાં ભૂત વાતોથી નથી માનતા. એ વાતને આગળનાં શેરમાં ઉઘાડે છે અને કહે છે કે...

મારી દેને એક થપ્પડ,
આટલું શું કરગરે છે.

લાગણીને અડક્યા વગર સર્જન શકય નથી. અહીં વાત એ પોતીકાને ખોવાની છે. મા માટે બધાં છોકરા સરખાં ક્યારેક ગમતીલો કે અળખામણો કોઈ હોતો નથી. સંબંધ કેવો હોવો જોઈએ? હાથને જો વાગે તો આંખમાંથી આંસુ આવે ને આંખમાંથી આંસુ નીકળે તો પાછો હાથ એ લૂછવા જાય કંઈ આ જ વાતને ચંદ્રેશ પોતાની શાયરીમાં આ રીતે રજૂ કરે :

વૃક્ષ આખું થરથરે છે,
પર્ણ જ્યાં એક જ ખરે છે.

વળી પાછો લલકારનો મિજાજ છોડ્યાં વિના કવિ આગળના શેરમાં પોતાની ખુમારી ફરી ભેગી કરતો જોવા મળે છે. પ્રશ્નાર્થ દ્વારા પોતાની જાત કસોટી કરે છે અને પાછો હૂંકાર ભરે છે અને એક ખુમારીવાળો શેર આપણી સમક્ષ મૂકે છે :

આવી જા મેદાનમાં તું,
હું ડરું કે તું ડરે છે?

આ બધાયથી થાકીને જાણે કે એ કહેતો હોય કે યુદ્ધ તો ચાલુ રાખવાનું છે.. સૂરજ આથમ્યો છે બસ. કાલે પાછો દિવસ ઉગશે નવાં પ્રશ્નોની સાથે. આંતરિક યુદ્ધ ક્યારેય થંભવાનું નથી. નવી સવારે નવા પ્રશ્નોની હામ ભીડવાની તૈયારી સાથે પોતાનાં શરીરને આરામ આપતો કવિ અંતે કહે છે કે –

ઊંઘી જા નારાજ તું પણ,
જો દિવસ પાછો ફરે છે.

પોતે ‘નારાજ’ તખ્ખલુસનાં શાયર ચંદ્રેશ મકવાણા નવી આશા જન્માવનારા શયદા એવોર્ડ વિજેતા, રમણીક પટેલ પુરસ્કારના સ્વામીની છટા અને પડકારની આ અદાને મારા વંદન.

## જૈમિન ઠક્કર ‘પથિક’

પ્રેમનું ઝરણું જો વ્હેતું થાય તો કહેજે બકા!
ક્યાંક મારા ઘર તરફથી જાય તો કહેજે બકા!

સૂર્ય સાથે દીપનું તાદાત્મ્ય કરવું શક્ય છે?
જોઈતો અજવાસ ના ફેલાય તો તો કહેજે બકા!

તું મગજ પાસે જરા કસરત કરાવી લે પછી
પત્રમાં જો અર્થના વંચાય તો તો કહેજે બકા!

ક્યાં કહ્યું તરફેણ મારી તું કદી કર,કિન્તુ જો,
હું છું સાચો એમ સ્વિકારાય તો કહેજે બકા!

સાવ સીધોને સરળ રસ્તો બતાવ્યો છે તને,
ના કદી મંઝિલ સુધી પ્હોંચાય તો કહેજે બકા!

વાત તારે શી રીતે લેવી એ તારા પર રહ્યું,
ગેરસમજણની સડક સર્જાય તો કહેજે બકા!

શાસ્ત્ર જીવનનું સમજવું સ્હેજ તો અઘરું પડે,
પણ તને થોડો ‘પથિક’ સમજાય તો કહેજે બકા!

અત્યારે જો સંબોધનોમાં શિરમોર હોય તો એ છે બકા. ટેક્નોલૉજીની સાથો સાથ કઈક કેટલાંય અવતારો આવ્યાં. ઓનિડાના ટીવીવાળો લીલા શિંગડાનો બોડીયો રાક્ષસ કદાચ તમને યાદ હશે જ નેબર્સ એનવી ઓનર્સ પ્રાઈડની ટેગ લાઈન પછીના દૌરમાં ‘અમૂલ’નાં હોર્લ્ડિંગ્સમાં કરન્ટ અફેર્સ કે પોલિટિકલ સટાયરની શરૂઆત થઈ એ પહેલાં આર. કે. લક્ષ્મણના ટાઈમ્સ ઑફ ઈન્ડિયાનાં કાર્ટુનો ચાલ્યાં ટપુડો ટીવી પર લાઈવ છે. જૂજૂ વોડાફોનની એડમાં દેખાયું ત્યાં સુધી એનરોઈડ ધીમે ધીમે ઓપનસોર્સમાં પોતાનું સ્થાન જમાવી ચૂકયા હતાં શરૂઆત સન્ટા-બન્ટાથી થઈ, પછી બકો અને ભૂરો આવ્યા કોઈપણ સૂચન સલાહ જો સીધી રીતે આપીએ તો કદાચ કોઈને ખોટું લાગવાનાં ચાન્સ પણ જો બકો હસતાં હસતાં આપણને કશું કહે તો વાત શીરાની જેમ ગળે ઉતરે સોશિયલ મિડીયા પર બકો જન્મ્યો ને મોટો થયો એની નામના એટલી વધી કે એ સિનેમાઘરોનાં સ્ક્રીન પર પણ ગોઠવાયો. બાકી હતું તે હવે એ ગઝલમાં પણ આવ્યો એટલે એટલું જ કહીશ જો બકા ઈર્શાદ તો બોલવાનું

જ. વડોદરામાં કેટલીક નવી કલમોએ ગઝલમાં પોતાની નવી છાપ ઉપસાવવાનાં મંડાણ કર્યા છે. એમાં એક નામ છે જૈમિન ઠક્કર 'પથિક'નું એ આ સંબોધનને કેવી રીતે ગઝલનુમા કરે છે એ જોઈએ પ્રથમ શેરમા પ્રેમનાં ઝરણાંની વાત માંડે છે અને એ છેક એની પ્રેમીકાનાં ઘરથી શરૂ કરીને છેક એનાં ઘર સુધી લંબાવે છે અને તો કહેજે બકાનાં વિસ્મયથી વાતને છેડે છે. આગળ જતાં આ બકો શું કહે છે એ જાણીએ,

સૂર્યની વાત છેડતા એક નવી વાત અહીંયા મન પર આવે છે થાડા દિવસો પહેલાં એક વ્હોટસએપ મેસેજ મળ્યો હતો, જે વાંચતાં જ સવાર સુધરી ગઈ હતી એ તમારા માટે એકવાર આથમતા સૂરજે નિસ્તેજ થતાં થતાં બધાની સામે જોયું કોઈ કશું જ બોલ્યું નહીં પરંતુ છેલ્લે એક દીવો એટલું જ બોલ્યો, 'હું મારો બનતો પ્રયત્ન કરીશ'. કદાચ આ જ વાતને પથિક શેરમાં કહી રહ્યો હોય એવું લાગે છે.

આગળનાં શેરમાં એક પત્રની વાત છે જેમાં ભૂતકાળમાં પોતાની વાત રજૂ કરવાનું એક સબળ માધ્યમ પત્ર હતું જ્યારે અંતિમ સંવાદોમાં એવું બોલાતું હતું કે કાગળ લખજે... અત્યારે એવું બોલાય છે કે પ્હોંચીને ફોન કરજે. પણ જ્યારે પત્રવ્યવહારનો જમાનો પૂર બહારમાં હતો ત્યારની વાત છે એ સમયે પત્રનાં પહેલાં અક્ષરો કે છેલ્લા અક્ષરો ને જોડતાં એક નવી જ દિશાનો અંગુલી નિર્દેશ થતો. આ કદાચ એ જમાનાની વાત છે કે જ્યારે આઈ લવ યુ કહેવાતું નહોતું પરંતુ પતિએ પત્નીને કહી એવું કહીને ગયો હોય કે મારા પત્રની શરૂ થતી લાઈનનો પ્રથમ અક્ષર એ તારા માટે છે ને પછી જ્યારે પત્ર આવતો ત્યારે સરસામાન્ય વાતની રજુઆત કરતો કે પછી પરિવારનાં કુશળમંગળની વાત કરતાં પત્રમાં દરેક લીટીની શરૂઆતનાં અક્ષરો જોડાતા ત્યારે પત્ર વાંચનારાઓ ને મન તો એ કુશળ મંગળનો પત્ર બની રહેતો પરંતુ પત્ની માટે તો એ પ્રથમ અક્ષરોનો સમૂહ 'હું તને ખૂબ યાદ કરું છું' કે પછી 'હું જ તારો શ્યામ ને તું જ મારી રાધા' જેવાં વાક્યો એમાંથી વાંચનારાઓની નજર પારખી જતી હતી.

આગળનાં શેરમા તરફેણની વાત કરવાની સાથે સાથે હું સાચો છુંની વાતને સ્વીકારવાની રજૂઆત કરી છે. આ શેરમામાં કિન્તુ જો!ની જગ્યા પર અટકવાનું મન ભાવક ને થશે. આગળનાં શેરમાં જેમ શરૂમાં કહ્યું એમ જો બકાનો સહારો લઈને કોઈને સલાહ સૂચન આપ્યું હોય તો એ કોઈને ખટકતું નથી જો બકા કચરો તો કચરા પેટીમાં જ નાખવાનો કહેવામાં આવે તો બકાનાં કહેવા પર કચરો કચરાપેટીમાં જ જાય છે પણ હા, કચરાપેટી હોવી જરૂરી છે!

આમ જો કલીન ઈન્ડિયાને સાકાર કરવું હોય તો બકાને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાનો કિમીયો કંઈ ખોટો નથી ને હવે તો એવું કહેવાનું ચોક્કસ મન થાય છે કે મંજિલ સુધી ના પહોંચાય તો કહેજે બકા...

અગામી શેરમાં સ્પષ્ટ વક્તા બનીને કવિ જૈમિન ઠક્કર 'પથિક' પોતાની વાતની ગંભીરતાને કુનેહથી સાચવવાનું પણ જાણે છે કોઈની નારાજગીનો ભોગ ન બનવા માંગતા કવિ પોતાનો રસ્તો કરી લેતા હોય એવું માલૂમ પડે છે એ કહે છે કે વાત તમારે કેવી રીતે લેવી એ તમારા પર છોડ્યું છે બને ત્યાં સુધી સ્વભાવે સરળ એવો જૈમિન પોતાની આ સરળતાથી બધાયને વ્હાલો લાગે છે ગેરસમજણ સડક સર્જાય તો કહેજે બકા. હું એટલું જ કહીશ કે આવું જો તમે ન કહો તો પણ ચાલે બકા કારણ કે તમારી કોઈ સીધી વાતને પણ લેનારા ખોટી રીતથી લઈ લેતા હોય છે તો આ તો તમે બકા મારફતે ઉપદેશો કરવા બેઠા છો તો ભઈલા એવી પરવા કરવાની નઈ જે કહેવું હોય એ કહી દેવાનું નામ જોગ ક્યાં કશું કહેવાય છે સમજવાવાળા ને તો ઈશારો જ કાફી ખરુંને?

અંતિમ શેરમાં જીવનનાં શાસ્ત્રોની વાત કરવાવાળા કવિ એ બાબતથી વાકેફ હોય એવું લાગે છે કે જો સરળભાષામાં જો અઘરામાં અઘરા શાસ્ત્રોની વાત કરીએ તો લોકઆચરણમાં જલ્દી ઉતરે છે. કબીરસાહેબથી માંડીને જૂજવેરૂપે અનંત ભાસે કહેવાવાળા નરસિંહે પણ આ મધ્યમમાર્ગ જ અપનાવ્યો છે. અથવા તો બ્રહ્મજિજ્ઞાસા જેવા બ્રહ્મસૂત્રો જે લોકો સુધી સહેલી ભાષામાં ન ઉતર્યા હોત તો કદાચ જીવનમાં પરિવર્તનો એ કોઈ એક ચોક્કસ વર્ગનો ઈજારો જ રહેતો. સ્વામીનારાયણ સંપ્રદાય હોય કે પછી પાંડુરંગ આઠવલેનો સ્વાધ્યાય એ પછી મોરારિબાપુનું રામચરિત માનસ હોય કે પછી હરીશ મિનાશ્રુસાહેબની શબ્દમેં જિનકો ખાસ ખબરાં પડી હોય જે સરળ ભાષામાં ગવાયું એ જ સમયાંતરે લોકમાનસમાં ઉતારાયું છે. બાકી અહીં હું ગઝલો નહીં સંસ્કૃતનાં શ્લોકો સમજાવતો હોત

અત્યારે જે કેટલીક નવી કલમો પોતાનું કાઠુ કાઢી રહી છે. એમાંની આ એક તાજાકલમનાં નવા-સવા શાયર શ્રી જૈમિન ઠક્કર પથિકને આ ક્ષણે આવકારું છું ને અંતે એટલું જ કહીશ કે દોસ્ત, આ તો હજુ પહેલો પડાવ છે ભવિષ્યમાં હજુ સિતારાઓ તારા માર્ગમાં આવશે એટલી લાંબી મજલ તારે કાપવાની છે.

૯

# તખ્ત સોલંકી 'તખ્ત'

વિજ્ઞાન એટલે શું? સીધી વ્યાખ્યા કરું તો વિશેષ જ્ઞાન. જો કે ભાષાવિજ્ઞાન એ એક આખી અલગ શાખા છે. પરંતુ કવિતાને વિજ્ઞાન સાથે જોડવી એ કંઈ નાની સૂની વાત નથી. પણ એ આજના યુગની અનિવાર્યતા છે કેટલીક કલ્પનાઓ આપણને રોમાંચિત કરે છે જેવી કે ભાર વિનાનું ભણતર. ખબર નથી ક્યારે શરૂ થશે. પરંતું એ દિશામાં પ્રયત્નો ચાલી રહ્યાં છે, અત્યારે ઓડિયો વિઝ્યુઅલની મદદથી ઘણુંખરું આ કામ ઘણાં ખરાં ચિંતકો એ હાથ પર લીધું છે. એમાનાં કેટલાંક જાગૃત શિક્ષકોને હું પિછાણું છું એનો આનંદ છે. હવે જુઓને ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે. એ બાબત કૉમ્પ્યુટર યુગમાં અભરાઈએ ચઢી ગઈ હોય એવું લાગે છે. કિબોર્ડ અને ટચસ્ક્રીનનાં જમાનામાં આજે હું મારા પેલા શિક્ષકને શોધું છું કે જેણે મારા અક્ષર સુધરે એ માટે મને હાથમાં ફૂટપટ્ટીથી ક્યારેક માર માર્યો હતો.,. ખેર એ સમયે તો કેલ્ક્યુલેટર પણ લકઝરી હતી! મારાં ઘરડાઓને અડધા-ઉઠા ને પોલા આવડતાં હતાં. એ મને ન આવડ્યાં તો એનો રંજ નથી કારણ કે મારા સમયે ઢબૂડી ચલણમાંથી નીકળી ગઈ હતી. વ્યવહાર જગતની સાથે આપણે નવી પરિસ્થિતિઓ મુજબનું થવું પડતું હોય છે. હવે તમે વિચારો કે કોઈ કોમ્પ્યુટરની ફ્લોપી લઈને અત્યારે મળે તો એનું શું કરવું? કે પછી ચાલો કોઈ ટી-સિરીઝની કેસેટ લઈને આવે તો શું કરવું? કે પછી ચાલો કોઈ મને પેજલિંકનું પેજર લઈને આવે તો શું કરવું? આ બધા પ્રશ્નોનાં જવાબ આપણી પાસે નહીં જ હોય. પણ જો કોઈ ન્યુટનનો ત્રીજો નિયમ આઘાત અને પ્રત્યાઘાત એકબીજાની વિરૂદ્ધ દિશામાં લાગે છે એવું જો આપણને કવિતા મારફત ભણાવે તો ભણવું કે નહીં... તો એનો જવાબ હશે હા. જો કે ભણતર અને ઘડતર એ સામસામે ગોઠવાયેલાં એવાં બે પાટાઓ છે કે જે સદાય સમાંતર ચાલશે પણ ભેગાં ક્યારેય નહીં થાય. ખેર આપણી શિક્ષણ પ્રણાલી વિશે વાત કરવાનો આ સમય નથી પણ હા આ ઉપરોક્ત બાબતો કાઢી નાખવા જેવી તો નથી જ આજે તખ્ત સોલંકીની એક એવી ગઝલને માણીએ કે જેણે નવી શૈલીમાં આપણને એક નવા જ વિશ્વની સફર કરાવી છે. એ આપણને હોવો જોઈએનાં માધ્યમથી શું ન હોવું જોઈએ એ કહી રહ્યા છે. પરંતુ શું ન હોવું જોઈએ એ આ પરથી આપણે જ તારવવાનું છે.

ગઝલનો પહેલો શેઅરમાં એ આપણને પ્રેમભીનાં થવાની પ્રથમ શરત જણાવતાં હોય એવું લાગે છે. કવિતામાં વિજ્ઞાન જોડતાં કવિ આપણને આજે એ શીખવી રહ્યાં

છે કે ખરેખર પ્રેમની કવિતા કરવા માટે વિશેષ જ્ઞાન હોવું અનિવાર્ય છે :

બેવ પક્ષે એક સરખો પ્રેમ હોવો જોઈએ,
સાવ ન્યુટનના નિયમની જેમ હોવો જોઈએ.

વ્યવહારે વર્તાય એ પ્રેમ. પ્રથમ નજર મળે તો બીજી નજર ઝૂકે, પછી એમાં સ્મિત ઉમેરાય. આવું પાછું વારંવાર બને એટલે એમાં ફૂલ ઉમેરાય ને પછી એનું સાતત્ય જળવાય. વાતમાંથી વાત બને અને સ્વભાવો મળે બધું સરભર થતાં થતાં સાયુજ્ય કેળવાય ને પછી તો એક પછી એક એમ સંબંધો પરાકાષ્ઠાઓ ઓળંગે. આ બધું બીજી રીતે જોવા જઈએ તો શું છે? આઘાતોનાં પ્રત્યાઘાતો સિવાય કશું જ નથી. ભાષા વિજ્ઞાન ઉચ્ચારોનાં કંપનો થકી સ્વરનાં થડકાઓની વાત કરતાં કરતાં આપણને ઓષ્ઠ્ય-દંત્ય-તાલવ્યનાં સ્વરો અને વ્યંજનો શીખવે તો પ્રેમ એ સતત આપણને નીત નવ્ય રાખતા વ્યવહારો શીખવે છે. વ્યવહારે વર્તાય એ પ્રેમ. એ સમયાંતરે પરખાય છે ત્યારે પાકટ ક્યારે બની જાય છે એની ખબર પડતી નથી. પ્રેમની આ ગતિનો નિયમ અહીં આપણને ન્યુટનના નિયમ સાથે જોડતો જોવા મળે છે. કવિકર્મની આ ફાવટને અને માવજતને સલામ કરવાનું મન થાય છે. તખ્ત સોલંકી આપણને એના આગલા શેઅરમાં અચંબામાં મૂકી દે છે. આ ગઝલનો આગળનો શેઅર તપાસીએ,

હું કશું માગ્યા કરું ને તું બધું આપ્યા કરે,
આપ-લેમાં પ્રશ્નવાચક કેમ? હોવો જોઈએ.

વ્યહાર જગતને ઝીલતો કવિ આપણને આ આપ-લેની સ્થિતિ સમજાવતાં કહે છે કે પ્રેમમાં કંઈકને કંઈક નિતનવી માંગણીઓ સમયાંતરે ઉમેરાતી હોય છે. એમાં પ્રશ્નોનું ક્યારેય સ્થાન હોતું નથી મનને ગમતી માવજત અનાયસે જ થતી હોય છે. પહેલાં કહ્યું એમ સ્મિતની સામે ફૂલ મળતાં સંબંધ પરિપક્વ બનતો જાય છે એમાં ગમતાનું ધ્યાન રાખતાં રાખતાં ન ગમતાની યાદી પણ બનાવવાની હોય છે સ્વાભાવિક બાબત તો એ છે કે સામાવાળાને બને ત્યાં સુધી અનૂકૂળ બનવાની કળા એ પ્રેમ છે ક્યારેય એમાં બાદબાકી નથી હોતી, કાયમ સરવાળો જ થતો હોય છે. જો કે પ્રશ્ન પૂછવાનો નથી હોતો પણ જવાબો મેળવવાનાં હોય છે. એ તમને કેમ ગમે છે? નો જવાબ ગમે તેટલાં વિસ્તારથી આપો તોય કાયમ એ અધૂરો જ લાગે એને જ સાચો પ્રેમ કહી શકાય. પણ કેટલાંક પ્રશ્નોનાં જવાબ ન આપવામાં જ મજા છે એ વાત કવિ જાણે છે અને આપણને સૌને કેમ? પૂછીને રવાડે ચઢાવે છે. પ્રેમમાં ઉમેરણ થાય તો કયાય કશું ખૂટતું નથી એ તો બમણું થતું હોય છે. દરેક વખતે માંગવાં અને આપવાનાં સમીકરણો રચાય છે પણ એમાં ક્યારેય કશું ખૂટતું નથી. કવિ પોતે પ્રશ્ન પૂછે છે ખરા, પણ જવાબ આપણી પર છોડી દઈને આપણી મૂંઝવણોને તપાસીને

આનંદ લઈ રહ્યા હોય એવું લાગે છે. પ્રેમમાં ઉજાગરો જાગરણ બને છે. એ પછી પત્રનાં જવાબની રાહ જોતી આંખ હોય કે પછી અત્યારનાં અત્યાધુનિક સમયમાં વ્હોટએપમાં ટાઈપિંગ એવું લાંબા સમય સુધી દેખાતાં જ્યારે કશું જ ન આવે ત્યારે એણે મનમાં શું વિચાર્યું હશે ને એ લખીને ભૂસી નાખ્યું હશે-ની અસમંજસ હોય. અહીં બાબત આગળ વધતાં વધુ રોમાંચક બની રહે છે :

આંખમાં અટકી ગયેલી લાગણી ધુમ્મસ બની,
ક્યાંક ઓવર ફ્લો થતો આ ડેમ હોવો જોઈએ.

તમે નાયગ્રાનો ધોધ જોયો છે. વાસ્તવિકતામાં કોણ પૂછે છે? ફિલ્મોમાં? જો જવાબ હા, હોય તો કદાચ આ વાતને સીધી જ પામી જશો. પણ જો ન જોયો હોય તો ધુવારણ કે નર્મદા ક્યાં નથી?! અરે એ પણ ન જોવાયું હોય તો તમે કોઈની છલકતી આંખો જોઈ છે? જો એનો જવાબ હા હોય તો ક્યાંય જવાની જરૂર નથી. લાગણીનું ધુમ્મસ એ તો રડું રડું થતી આંખોની સામે બાઝેલી એવી ઝાંખપ છે કે જેને રડનાર જ અનુભવી શકે છે અહીં આ નાજૂક વાતની છબી આપણી સામે મૂકી ને એક અલગ જ સંદર્ભ બાંધ્યો છે. ડેમની ઊંચાઈની વાત અહીં અસ્થાને છે પણ હા એ ડેમની વ્યવસ્થાના ભાગ રૂપે અહીં અચરજ એ ઊભું થાય છે કે ડેમનું ઓવર ફ્લો થવું એ મોટેભાગે સ્થૂળ બાબત ન બની રહેતાં ગમતાની સામે અભિવ્યક્ત થવાની વાતને રજૂ કરે છે. જ્યારે સામેના સ્વજનની પાસેથી એવી હૂંફ મળે કે એવી લાગણીનો અનુબંધ ઉભો થાય કે આપણી આટલાં વરસોની રોકી રાખેલી ધરબાયેલી એવી લાગણીને અચાનક વાચા ફૂટે છે. એ વાચાની ભાષા એ બીજું કશું જ નહીં પણ જ્યારે આંસુ બને છે ત્યારે આપણને સમજાય છે કે અત્યાર સુધી જેની સામે અવ્યક્ત એવી લાગણી જે અકબંધ હતી એ આમ અચાનક અભિવ્યક્ત થઈ ગઈ એ કોઈ સામાન્ય વ્યક્તિ ન જ હોઈ શકે એની સાથેનો ઋણાનુબંધ સ્હેજ પણ અછળતો ન હોય એ તો મનનો માણીગર જ હોય તો જ આમ બની શકે. આગળના શેરમાં કવિ આપણી અત્યાર સુધીની બધી જ ધારણાઓને તોડવામાં સફળ સાબિત થાય છે ને એક એવાં ઉત્તમ શેઅરનું આપણને નજરાણું આપે છેકે જે કદાચ ગુજરાતી ગઝલની આવતીકાલ બનવા માટે જ સર્જાયો હોય એવી પ્રતીતિ થાય છે :

દીકરીને બાપના નાતા વિશે શું પૂછવું,
ફૂલમાં સુગંધ છે ને એમ હોવો જોઈએ.

આજે આપણે વાતની શરૂઆત જ વિજ્ઞાનની વાર્તાથી કરી છે તો એક ઔર વ્યાખ્યા આ ગઝલનાં શેઅરમાં મોજૂદ છે અને એ છે બાપ અને દીકરીનાં પ્રેમની સચોટ અને સુંદર વ્યાખ્યા કવિઓ એ ગાયું છે ને ગવાતું રહેશે. અત્યારે પાંચીકા

રમતી'તી...થી માંડીને કેસરીયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે...થી માંડીને દીકરી મારી લાડકવાયી... કહો એ બધાયનાં આદર સાથે સૌના હોઠે હવે જે શેઅર રમવાનો છે એ આથી વિશેષ બીજો કોઈ હોઈ જ ન શકે. જોકે આ પ્રણાલી આપણી સંસ્કૃતિની ઓળખ છે બાપ અને દીકરીના સંબધને કોઈ ક્યારેય કળી શક્યું નથી. ફક્ત એટલું જ કહીશ કે હું કશું આગળ લખું એનાં કરતાં તમે જ જરા ઝીણી આંખે તમારી દીકરી સાથેનાં તમારાં સંબધોને ચકાસી લો ને ફૂલની સુગંધને અનુભવી લો તો કદાચ મારાં શબ્દો ઓછાં પોકળ સાબિત થશે.. ખરૂંને?

અંતિમ શેરમાં કવિની ઓળખ એ કે પોતે પાનેલાવમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે ને મૂળે પંચમહાલનાં અંતરિયાળ મોતાલ ગામનાં તેઓ વતની છે ને પોતે ગુજરાતીમાં એમ.એ. અને સંસ્કૃતમાં બી.એ. કર્યું છે ને હાલ તેઓ નયનરમ્ય તળાવનાં કિનારે ઊભેલી એક શાળાના એવા જાગૃત સાચા અર્થમાં જાગૃત કહી શકાય એમાનાં શિક્ષક અને ઉત્કૃષ્ઠ નિસબત ધરાવતા એવા એક આચાર્ય છે કે જેઓ સતત નવું કશું કરવાની તાલાવેલીમાં રચ્યા પચ્યા જ હોય છે તેવાં આજના કવિ તખ્તનો અંતિમ શેઅર તપાસીએ,

'તખ્ત' ઈશ્વરનો દરજ્જો આપતાં વિચારજો,
પ્રેમના ઈશ્વરમાં થોડો વ્હેમ હોવો જોઈએ.

પ્રેમ હોય ત્યાં ઈશ્વર હોય છે. ક્યારેક પ્રેમ એ પરાકાષ્ઠાનું રૂપ લેતો હોય છે કે જે તે વ્યક્તિ વ્યક્તિ મટી ઈશ્વરનું સ્થાન પામતો હોય છે. તેવા સમયે શ્રદ્ધા માત્રથી કામ લેવાનો વખત આવે છે. જ્યાં પ્રેમ છે ત્યાં વ્હેમ હોવાનો જ અને એથી જ તો કહેવાનું મન થાય છે કે પ્રેમનો વ્હેમ સારો પરંતુ તમે પ્રેમમાં છો તો એ પણ તમારા પ્રેમમાં હશે જ નો વ્હેમ હોય તો ક્યારેક એનાં ગંભીર પરિણામો ભોગવાનાં આવી શકે છે. અહીં કવિએ આ બાબત દ્વારા એક અછળતી ચેતવણી કરીને વાતને આડા પટ્ટે લઈ જતાં ટાળી છે. ખૂબ જ સૂચક રીતે વાતને ઉકેલવાનો પ્રયત્ન કરીને કવિ અહીં પોતાની વાણીને વિરામ આપે છે ને આપણને મનોમંથન કરવા મજબૂર કરી છે પ્રભુ તેમની આ સાધનાનું ફળ હજુ પણ સારી ગઝલોમાં આપે એવી આશા સહ.

# ૭

# તેજસ દવે

ભાઈબંધોનાં ઘરની બહાર ઊભા રહીને એનાં નામની બૂમ પાડવાની કેવી મજા આવે!! એ પણ ત્યાં સુધી કે... જ્યાં લગી એ ઝરૂખે આવી ને તમને કંઈક પ્રત્યુત્તર ના આપે ત્યાં સુધી... અલગ-અલગ સ્વરોમાં એનું નામ બોલવું, એ કોલ-મિસ્ડકોલનાં જમાનામાં દુર્લભ છે! ખેર, આ નામની બૂમમાં શરૂઆત તો મૂળ નામે જ થાય ધારો કે... પીન્ટુ... બે વાર-પછી પીન્ટુડા... ત્રણવાર-પછી પણ બૂમનો જવાબ ના મળે તો? ઘાંટો પાડીને. પીન્ટુડીયાયાયા... જ્યાં સુધી બહાર ના આવે ત્યાં સુધી નામની એકધારી બૂમાબૂમ. તેજસ દવે પોતે કોમળ સ્વર ધરાવતો – પાતળા બાંધાનો એકદમ ગીતની નજાકત ધરાવતો કવિ છે. એનો સ્વભાવ પોતે ગીત છે. જેની અંદર સંગીત છે... એનાં સર્જનો એ મને તો કાયમ ઈર્ષા કરાવી છે. આજે એનું ફેસબુકિયા ગીત આપની સમક્ષ મૂકવાનું મન થાય છે. પોતે 'હું સ્વયમ્ ગુજરાત છું' જેવી માતબર અનેકવિધ રચનાઓના ગીતકાર છે.

> એમ થતું કે કોઈ દૂરથી પાડે,
> આપણા નામની બૂમ,
> આપણામાંથી આપણે જાણે
> સાવ અચાનક ગૂમ...
> એમ થતું...

આપણા નામની જ્યારે બૂમ પડે ને... ત્યારે આપણું પોતાનું અસ્તિત્વ વેરવેખેરમાંથી સમેટાઈને આપણામાં ઠલવાય છે. પહેલાં કામે લાગે ધ્વનિ ઈન્દ્રિય ને પછી મન એ ઓળખીતા અવાજને કોણ હશે?નાં સંદેશામાં ઉલજાવે. અવાજથી માણસ ઓળખાય પછી આપણી એ બૂમ તરફની ગતિ મંડાય... પોતાની જાતને સમેટી આપણે એ તરફ સર્તક બની ને પહોંચીએ, ને પોતાનાં અસ્તિત્વની ખાતરી પોતે કરીને બૂમ પાડનારને પણ કરાવીએ. દૂરતા ને સમીપતાનાં અંતરને બૂમ કાપે છે. આગળ વધતાં કવિ આપણને એક નવો આયામ આપે છે :

> દરિયા જેવો દરિયો લાગે,
> દૂરથી જળનો રેલો,
> એટલા જોજન દૂરથી
> તમે એમને કેમ ઉકેલો?

બૂમ પાડનારની સાથે જોડાવા માટેની આતુરતાનાં ઓરતાં અહીં કવિ ઝીલે છે ને એનાં સમગ્ર અસ્તિત્વને દરિયો કહીને એના બૃહતપણાની નોંધ લે છે. અસીમ અમાપ માં પોતાને ભળી જવાનું ઈજન આપતાં – તમે એમને કેમ ઉકેલો? ના પ્રશ્નાર્થે વાતને વિકસાવે છે. દરિયાની પ્રશાંતતાને ઝીલે છે ને બંધ રચે છે...

એમ તે ચાલે નહીં કે તમે
આમ રહો ગૂમસુમ,
એમ થતું કોઈ દૂરથી પાડે
આપણા નામની બૂમ...

આ આખી ઘટના પ્રત્યક્ષ ન બનતાં ભીતરે બની હોય એવું ય બને? માત્ર બૂમ એ આભાસી પણ હોય! અરે.. બૂમના ફક્ત ભણકારા ટોળે વળ્યાં હોય એવી પણ શક્યતા ને નકારી શકાય નહીં!! બહાર કોઈ હોય જ નહીં. ફક્ત એક આભાસ હોય – ને તમને એવું લાગ્યું હોય કે તમારા નામની બૂમ પડી છે!! તમને કોઈ એ બોલાવ્યા છે અને એ માત્ર આભાસી છલનાનાં આધારે તમે દોરવાયા હોવ એવું પણ બની શકે? અને આ અસમંજસ ને કવિ હવેનાં બંધમાં ઝીલે છે :

ભીંત તોડીને દ્વાર કરો ને
તોય ના આવે કોઈ,
દ્વારનાં તોરણ રોઈ રહ્યાં છે,
આંગણું સૂનું જોઈ,

સૂનકારની બારાખડી ઘૂંટનારા અને એકાંત સેવનારા કવિ એ પોતાની એકલતાંમાં બાકોરું પાડ્યું છે સૂનાં આંગણનાં તોરણપછીતે કંડારાયેલી વાસ્તવિકતા અંતિમ ચરણમાં મૂકી આપણી સામે આરસી ધરતાં હોય એવી પ્રતિતી કરાવે છે અને તેઓ લખે છે કે :

કેટલાં દિવસ સાચવે મને
ચાર ભીંતોની રૂમ?
એમ થતું કોઈ...

જ્યારે કવિ ટીવી નાઈનમાં હતા ત્યારનો પરિચય વર્ષાંતે જોતજોતામાં પારિવારિક સંબંધોમાં કેળવાયો. એટલું જ નહીં પરંતું તેમનાં પ્રથમ પુસ્તક ‘ઓગળતી જિંદગીના સમ’ના વિમોચન પ્રસંગે જ્યારે એમણે ખરેખર બૂમ પાડીને બોલાવ્યો હતો ત્યારે આત્મા હોલ ખાતે કાર્યક્રમ પૂરો થયા પછી હું આવ્યો છું કહેવા પૂરતું મળ્યો હતો. એ સ્મરણનાં સથવારે આજે એમની આ કૃતિ થકી તેમને ફરીવાર મળ્યાનો આનંદ. આવતાં બુધવારે નવા કવિનાં નવા સર્જને ફરી મળીશું... ત્યાં લગી એમ થતું કે કોઈ દૂરથી પાડે મારા નામની બૂમ...

# ૯

# ત્રિલોક મહેતા

હમણાં છેલ્લા ઘણાં સમયથી ગુજરાતી ગઝલમાં રૂપનાં મોહક દર્શનો કરાવવાનો ઉપક્રમ નામશેષ થયો હોય એવું લાગતું હતું. એવી ગઝલો કે જેમાં રૂપ કેફી હતું આંખો ઘેરી હતી ને હથેળીમાં એની હથેળી હતી. જેવી કૃતિઓ કે પછી અસીમ રાંદેરીનાં 'લીલા કાવ્યો' જેવાં પ્રયોગો આપણને જૂજ જોવાં મળ્યાં છે. શાંત ઝરૂખે વાત નિરખતી રૂપની રાણી ક્યાંક એનરોઈડ યુગમાં આપણને નામની પણ મળતી નથી ત્યારે ફેસબુકીયા સંબંધોમાં આપણે ટેગ અને સ્ટેટસની પાછળ પડી ગયાં છે ત્યારે લાઈક અને કોમેન્ટસની દુનિયામાંથી જરા સહેજ બ્હાર જોવાની ફૂરસદ મળે તો આપણને ફરી પાછા પેલી ઓરીજીનલ ડાયરી લખવાની આપણી જૂની આદત ફરી યાદ આવે છે ને પાછા આપણાં મૂળ તરફ આપણે વળીએ છીએ ત્યારે એવું થાય છે કે આપણી એ આદતો હિસાબ લખવાથી માંડીને છેલ્લો ભાવ પોસ્ટકાર્ડનો પચાસ પૈસાનો યાદ આવે છે જે કદાચ એક જમાનામાં પંદર પૈસાનો પણ હતો અને અત્યારે એ દિવસોને વાગોળવાનો સમય પાછો યાદ આવ્યો છે તો એક જૂની આદત એ પણ રહી હતી કે જે ગમે એને ડાયરીનાં પાનાઓ પર ટપકાવતાં આપણે સાવ બદલાઈ ગયા છીએ. ત્યારે વરસો પછી આજે એક જૂની ડાયરી હાથ લાગી, એ પીળાં પડી ગયેલાં પાનાંઓ ઉથલાવવાનો રોમાંચ. આંખોને ચમકાવે છે. એક પાનું અંદરની બાજુએ વાળેલું નીકળ્યું. એ ગઝલનાં કેટલાંક શેઅર પર બે ખરાંની નિશાનીઓ પણ હતી. નીચે ફૂંદડી કરીને કવિનું નામ લખ્યું હતું ત્રિલોક મહેતા. એ ગઝલ યાને ખૂબસૂરત અહેસાસનો રૂબરૂ દસ્તાવેજ :

> તું હસે છે એટલે તો ફૂલ ખીલતાં હોય છે,
> મોર તારા વાળ ખૂલવાથી ટહુકતા હોય છે.

ગુલાબની પાંખડીઓ જેવાં હોઠ જ્યારે હસે છે ત્યારે ફૂલનાં ખીલવાનો અહેસાસ કરાવનાર કવિની આંખે વિસ્મયનાં ચશ્મામાંથી ચહેરાની મૌસમને ઉજવાની મજા. કો'કનું સ્મિત બની જાય જીવનનું કારણ. ક્યારેક એવુંય થાય કે બસ તને હસતી જોઈ લીધાં પછી બગીચામાં જવાનું અકારણ બની જાય તો એનાં માથાબોળ સ્નાન પછી બાંધેલા અંબોડે આખું ચોમાસું બંધાયું હોય ને જેમ પ્રથમ વરસાદ બાદ ભીની માટીની ફોરમમાં મોરલાની ગ્હેક ભળે. બસ, એવું વાતાવરણ એનાં ભીના વાળ ખૂલવાની સાથે સર્જાતું હોય એવી પ્રચૂર લાવણ્ય સભર અનૂભૂતિ જે તે મનગમતાં પ્રાત્રની સમીપે કરવાનોં લ્હાવો કવિ એ કર્યો છે ને આપણને પણ એ જ દિશામાં આગળ દોરી જતાં હોય

એવું લાગે છે. દોસ્ત કો ક પરિચિતનો અહેસાસ આપણને ફરી પાછા એ રોમાંચ પાસે મૂકી દે છે તો ક્યારેક એવી પણ અનુભૂતિ કરાવી છે કે અરે આ તો એની જ વાત છે કે કદાચ આ તો મારી જ વાત છે અને હવે જોડે બેસી ને માણતાં હોવ તો આ અમારી જ વાત છે એવું લાગ્યા કરે છે. સમજદારને તો ઈશારો જ કાફી છે પણ ઈશારાના આધારે શું થઈ શકે?! એ હવેનો શેઅર આપણી સમક્ષ મૂકીને કવિએ આ ક્ષણનાં સમયનો ફોટો પાડ્યો છે –

મૌસમો કેવી રીતે નક્કી સમય કરતી હશે,
રંગ સૌ તારા ઈશારા પર બદલતા હોય છે

ઋતુઓને મૌસમનો ભેદ જે પામી શકે ને એ આ શેઅરને સમજી શકે. ઋતુઓ તો ત્રણ જ હોય છે શિયાળો-ઉનાળો ને ચોમાસું પણ મૌસમ મળવાની હોય – મોસમ ફરવાની હોય, મોસમ પ્રેમ કરવાની હોય – મોસમ સાથે પલળવાની હોય જ્યારે મોસમ ઉમેરાય છે ત્યારે તેમાં સહવાસ ભળે છે અને એ કોઈ એકનાં થકી શક્ય નથી એમાં બેવની સરખી ઈચ્છાનો સરવાળો છે. વરસાદમાં માણસ એકલો પલળતો હોય છે ને બે જણ ભીંજાતાં હોય છે. ક્યારેક ભરબપોરે સામેની વ્યક્તિ ફક્ત પોતાની પાંપણો ઢાળી દે તો ત્યાં જ રાતનો અહેસાસ થયાં વિના રહેતો નથી. મૌસમનો એક જ રંગ રહે છે ગુલાબી. આ આંખોની મસ્તી જેને જુએ છે તે સૌ અંતે મદહોશ બની જાય છે ને પછી તો એના ઘર તરફથી વાતી લૂ પણ ઠંડો પવન થઈ જાય છે અહી ગઝલકાર આગળનાં શેઅરમાં દષ્ટિ એવી સૃષ્ટિની દશામાં જે કોઈએ નથી જોયું એ બતાવવાની કોશિશ કરે છે ને સંમોહનમાં આપણને દોરી જઈને એ જે બતાવે છે એ જોઈએ –

બાગનો રસ્તો ભૂલી ભમરા વધારે ખુશ હતા,
રોજ તારા ઘર ઉપર અમથા ઉતરતા હોય છે.

જેણે અલ્પમાંથી વિરાટ જોયું હોય તેને જ દર્શન થાય. બાગનો રસ્તો ભૂલેલા ભ્રમરને દિશા ચીંધવાનો યત્ન કવિકર્મની કસોટી કરે છે અહીં વાતને સરળ કરીને કંઈક અલગ બતાવવાની તાલાવેલી છે. કહેવું હોત તો સીધું જ કહ્યું હોત પણ ના આંખોનું વિસ્મય વક્રીભાવ રચે છે એમને એવું કહેવાનોમાં રસ નથી કે તમે પોતે ફૂલ જેવાં કોમળ છો કવિ પુનરોક્તિ દોષમાં પડવા માંગતા જ નથી એ જાણે છે કે ફૂલને કોમળ કહેવું ને છોકરીને સુંદર કહેવું ભૂલભરેલું છે માટે એમણે તો માત્ર એનાં ઘર પર ભૂલા પડેલાં ભમરાનું સરનામું આપીને કહેવાનું કહી જ દીધું છે. આ વાતની સચોટ અભિવ્યક્તિ હવેનાં શેરમાં દાદ માંગી લે એવી છે. પોતાની વિમાસણને વ્યક્ત કરતાં તેઓ આગળ લખે છે કે,

એકલી ક્યારે પડી'તી? યાદ કર એકાદ પળ,
કેટલા લોકો તને ઘેરીને ફરતા હોય છે.

મળવું માત્ર કાફી હોય છે સંબંધો તો પછી એની મેળે આગળ વધતા હોય છે. અહીં કવિનાં મનમાં એકાદ પળ મળવાનાં ઓરતાં છે પણ સમય એમની પરીક્ષા લઈ રહ્યો હોય એવું લાગે છે જેનાં હસવા માત્રથી ફૂલોને ખીલવાનું કારણ મળતું હોય શું એવી સુંદરતાની મૂર્તિ એકલી હોઈ શકે ખરી? કાયમ લોકોની વચમાં લોકોથી ઘેરાયેલી એ પ્રેયસી જેનાં રૂપનાં દિવાના ખુદ ભ્રમરો પણ બાગનો રસ્તો ભૂલી જતાં હોય તેવી રૂપ રૂપનો અંબારને એકાંતમાં દિલની વાત કરવાનો એક પણ મોકો હજુ તેમને સાંપડ્યો નથી-નો રંજ કવિને વ્યાકુળ બનાવી દે છે જ્યારે આગળ જતાં તેઓનાં રૂપનો દીદાર કરેલાં એવાં દર્પણોની ઈર્ષા કરતાં કહે છે કે –

માત્ર તારું બિંબ ઝીલીને થયાં છે તૃપ્ત જે,
દર્પણો આજેય તાજાં ને મહેકતાં હોય છે.

કેટલાં નસીબદાર છે એ દર્પણો જે પ્રેયસીનાં રૂપને પોતામાં ઝીલવાનું સૌભાગ્ય ધરાવે છે એ દર્પણો આજેય મહેકતાં છે ને તાજાં છે કવિનાં આ સ્પંદનો એ તેમની વ્યાકુળતાની ચરમસીમાનાં એવાં પ્રતીકો છે કે જે હજુ આજેય તાજાં ને મહેકતાં છે જ્યારે કોઈ રૂપસુંદરી પોતાની અનેકવિધ અદાઓથી દર્પણની સામે સોળેકળાએ ખીલે છે ત્યારનાં એ પ્રથમ સાક્ષીઓ બને છે. કેવું સુંદર સાયુજ્ય અને કેવું સુંદર સજીવારોપણ કરી પોતાની વાતને સાર્થક રીતે રજૂ કરે છે કવિનાં મનને ક્યારેય કોઈ કળી શકતું નથી એ માત્ર કલ્પના કરવાવાળાઓ જ એને પામી શકે અહીં દર્પણોને મહેકતાં કહેનાર કવિ પોતે ચિરંજીવતાનાં આશીર્વાદ આપનારા બની રહે છે દર્પણો કાયમ રૂપને ઝીલનારા એવાં મૂક પ્રેક્ષકો સાબિત થતાં હોય છે કે જે બધું જ પોતાની અંદર સમાવી લે છે કશું જ બહાર નથી આવવા દેતા પણ માત્ર બિંબ ઝીલવાથી જેઓ મહેકતાં બન્યાં છે એ રૂપની શું વાત કરવી. હાલ એક શિક્ષકની ભૂમિકામાં જે ત્રિલોક મહેતાને કોઈ સરકારી શાળાનાં પ્રબુદ્ધ શિક્ષક તરીકે જોઈ રહ્યા છીએ, એની અંદર ઊર્મિઓનાં કેવાં સરસ મજાનાં ઉછાળાને સમાવીને બેઠો છે એ તો આ કાવ્યની અનૂભૂતિ કરાનારાઓને જ ખબર પડે હજુ વધુને વધુ ઉત્કૃષ્ઠ સર્જનો આ કલમમાંથી ઉતરે એવી આશા સહ તેઓને શુભકામનાઓ.

# દિના શાહ

થઈ શક્યા ક્યારે નિખાલસ હું તમે ને આપણે,
આમ તો કહેવાયા માણસ હું તમે ને આપણે.
માન, મોભો, મરતબો, કીર્તિ, શ્રીમંતાઈ છતાં,
એક પડછાયાના વારસ હું તમે ને આપણે
લાગણી, સંબંધ, આંસુ પ્રેમના સોગંદ સૌ
કંઈ ભજવીએ રોજ ફારસ હું તમે ને આપણે
ના કદી બદલી શક્યાં બદલાવ આવ્યાં ને ગયાં
સો સદી જૂનું આ માનસ હું તમે ને આપણે,
આ સમય તો કેટલો દોડી ગયો આગળ ‘દિના’
ના-તસુ પણ ના ખસ્યાં બસ હું તમે ને આપણે

સંબોધનો થકી કાયમ સંબંધો આપણે ઓળખીએ છીએ. હું તને ચાહું છું એ કોઈ પુરુષ વાચક સંબોધન છે. જ્યારે હું તમને ચાહું છું એ સ્ત્રી વાચક હોઈ શકે. પહેલાંમાં પુરુષનો અધિકાર છે તો બીજામાં સ્ત્રીનું સમર્પણ છે. જો કે આજનાં આપણા સર્જક પોતે એક સફળ ગાયનેકોલોજીસ્ટ ડોકટર છે ડોકટર દિના શાહ જેઓ પોતે શિશુના પ્રથમ રૂદનના સાક્ષી બને છે. હરપળ રોમાંચ એમની જિંદગીનું જમા પાસું છે. તમે એમને મળો તો પરોઢની તાજગીનો અહેસાસ થાય. અહર્નિશ ચહેરા પર સ્મિત એ એમની ઓળખાણ છે. હું તમે ને આપણે જેવી કૃતિ આપનાર દિનાબેન અનાયાસે હું-તમેનો પર્યાય આપણે કરતાં હોય એવું લાગે છે. ક્યારેય હું લાંબા સમય સુધી ટકતો નથી જ્યારે આપણે એ જીવી જવાની શક્યતાને તાગે છે. હું માનવી માનવ થાઉં તો ઘણુંની રેખાને એ આગળ ખેંચતાં હોય એવું લાગે છે. નિખાલસ થવું એ જેવી તેવી વાત નથી. ભરોસાનું બીજું નામ નિખાલસતા છે. માણસ હોવાની પહેલી શરત છે નિખાલસતા. વિશ્વાસનું બીજું નામ છે નિખાલસતા. કેવી અદ્‌ભુત રીતે સચોટ વાત આપણી સમક્ષ મૂકે છે. એ કહે છે કે માણસાઈની પહેલી શરત ત્યાં સુધી અધૂરી જ છે જ્યાં સુધી તમે નિખાલસતાને અપનાવી નથી. આગળનાં શેઅરમાં બાહ્ય આડંબરોની વાત કરે છે. માણસની જરૂરિયાત આમતો રોટી કપડાં ઔર મકાનથી વધારે ક્યારેય કશું હોતું નથી. પણ ભૂખ આટલાં એ ભાંગતી નથી. માણસને આ ઉપરાંત પણ ઘણીબધી બાબતોનો સહારો કે આશરો હોય છે કે જે એનાં મનની

ભૂખ માટે કે પછી એનાં સામાજિક દરજ્જા માટે એ નિભાવતો હોય છે, પરંતુ વાસ્તવિકતાની જમીન એણે ક્યારેય છોડવાની નથી હોતી. પડછાયો એ માનવીની વાસ્તવિકતાનું પ્રતિક છે. સવાર-બપોર અને સાંજનાં પડછાયા જેમ સૂર્યની ગતિથી બદલાય છે તેમ ભાગ્યનાં સૂરજ સાથે માન મોભો મરતબો કીર્તિ શ્રીમંતાઈ જોડાયેલી છે જ્યારે તમારો સૂર્ય ધખતો હોય ત્યારે આ બધી જ બાબતો તમારી સાથે જોડાય છે અને એટલે જ તો જ્યારે કોઈ માણસનું નસીબ ચાલતું હોય છે ત્યારે આપણે જેવું સમજીએ છીએ કે એનું દિમાગ ચાલે છે. થોડામાં વધુ સમજનારા વાંચકોને સલામ! આગળનાં શેરમાં હવે જે વાત આવે છે એ અત્યંત પ્રભાવક છે આપણે ફેસબૂકના લાઈકથી ખુશ થનારા લોકો છે આપણે જાણીએ જ છીએ કે હું કેર્સનાં માનસવાળા માથા ફરેલાં માનવીઓ છે છતાં જરૂર પડે પોતાના ભજવવાનાં પાત્રનું ભજવવું પડે છે. ક્યારેક લાગણીશીલ તો ક્યારેક લાગણી વિહીન ક્યારેક એક આંખે સજળ તો ક્યારેક એક આંખે કપટ સાથે રાખીને જીવતાં હોઈએ છીએ. આ ડોળ કરવાની આપણને પાછી ફાવટ પણ ખરી!! પરંતુ જો આ દૃશ્યને જો ઉપરથી નિહાળીએ તો ખબર પડે કે સૌ રંગમંચની કઠપૂતળીઓ જેમ જ વર્તતા આપણે આખા જીવનને જો નાટકની જેમ સફળતાથી ભજવીએ તો જ સાચા નટ.

સૌથી જુની પુરાણી એક કથા કે ક્યારેય આપણે એક જ નદીમાં ફરીવાર ઉતરી શકતા નથી. તમે જ્યારે નદીમાં ઉતરો છો ત્યારે આગળનું પાણી તો કયારનુંય વહી ચૂક્યું હોય છે. પરિવર્તનનાં આ ઉપર નિયમથી કોઈ બાકાત નથી અત્યારે પરવિન શાકીર યાદ આવે કે જેણે સૂક્ષ્મ પરિવર્તનને પોતાના એક શેરમાં ખૂબ જ બારીકાઈથી ઝીલ્યો છે ‘કિશ્તીયાં ખડી હૈ સહરા પે યે ઉમ્મીદ લગાયે, જબ યે સહેરા સમંદર હોગા તબ હમ તેરેંગેં’ પરિવર્તનની બારીકાઈ જુઓ. એવું કહેવાય છે કે જ્યાં અત્યારે રણ છે ત્યાં વરસો પહેલાં દરિયો હતો. હવે જ્યારે આ પરિવર્તનનું પુનરાવર્તન થશે ત્યારે રણમાં ઊભેલી એ હોડીઓ ફરીથી તરસે. આવી વાત આપણને ડૉ. દિના શાહ કરતાં હોય એવું લાગે છે. છતાં આપણે આપણાં આ માનસને બદલી શક્યાં નથી એનો રંજ ભારોભાર વ્યક્ત કરે છે. રણને દરિયો થતાં જેટલીવાર લાગે એટલીવાર તો આ માનસને બદલતાં લાગે જ ને?

બદલાવને સતત ઝીલનારા આ કવયિત્રી અંતિમ શેઅરમાં તસુ પણ ના ખસવાની વાત કરે છે ને એક અદ્‌ભુત ચિત્ર મૂકે છે કે સમયની ગર્તતામાં બધું જ અસ્ત થઈ જવાનું છે ત્યારે એક બીજી આશા એવી પણ જન્માવે છે જેઓ સાચા પ્રેમીઓ હોય છે એ ક્યારેય પોતાની આંખમાં આંજેલું વિસ્મય નષ્ટ થવા દેતા નથી પ્રથમ દૃષ્ટિ પ્રેમમાં પડનાર કોઈ દંપતી પોતાની જિંદગીની આજે પચાસમી વર્ષગાંઠ ઉજવતાં હોય અને પતિ પોતાની એ પત્નીને એવું કહે કે તું જે પાનેતરમાં મને પરણવા આવી હતી

એ પાનેતર તું આજે ફરી પ્હેર. મારે તને ફરી પાછી એ મુગ્ધાવસ્થામાં જોવી છે ને વરસો પછી એ જર્જરિત થઈ ગયેલું એ પાનેતર પહેરીને એ પ્રગટ થાય ત્યારે પતિનાં ચહેરાની કરચલીઓ પાછળનાં ચહેરા પર એ જોતાં ની સાથે જવાનીનો ખીલ ફૂટે ત્યારે આપણને એ અમર પ્રેમીઓને જોતાં જે ફિલિંગ્સ થાય એ કદાચ અહીં કંડારાઈ છે. પાનેતર પહેરેલી એ વૃધ્ધાનાં ચહેરા પર બાવીસ વરસે જે હતાં એ જ શરમનાં શેઢાં આવે ત્યારે આપણને મન થાય કે આ ક્ષણ એ દિવસથી સ્ટેચ્યુ થયેલી હતી જે ફરી જીવંત થઈ વગર એ લગ્નની પચાસમી વરસગાંઠ વેલેન્ટાઈન-ડે બની જાય છે. જા હવે તસુ પણ નથી ખસ્યાની વાત અહીં રંજ નહીં પણ રોમાંચ ઊભો થાય છે. તમારી અંદરનો ગુલમહોર ફરી કેસરીયાળો સાફો બને છે અને આપણે જે પ્રથમવાર મળ્યા હતાં એ અનુભવ એવોને એવો ફરી તાજો બલ્કે કહું તો હજી તાજો બનીને શેવાળની જેમ ચોંટે છે ડૉ. દિનાબેનનાં ટેરવાં ટહુક્યાં હોય એવી ચિરંજીવ અનુભૂતિ આપણને બે હાથ જોડીને એમનાં માટે આદરભાવ કરાવનારી સાબિત થતી હોય એવું લાગે છે. સદાય હસતાં રહોની મનોકામના સાથે ડૉ. દિનાબેન આપણને ઉત્કૃષ્ટ રચનાઓ આપે એવી મહેચ્છા.

# ૯

# ધ્રુવ જોષી

મનનો ડેટાબેઝ નિત ફંફોસી રહ્યો છું,
ફેસબુકમાં એક ફેસ શોધી રહ્યો છું.
ધરમનો ધૂણો જંક ડીલીટ કરી રહ્યો છું.
વિરહી ગ્રૂપમાં શ્યામ સુંદર શોધી રહ્યો છું.
અટકવા ના દઉં ફોનની બેટરી જરાયે,
પાવરબેંક સાથ લઈને ફરી રહ્યો છું.
ગાગા લગાગા નિત ગણગણી રહ્યો છું,
વોઈઝ મેલ ઈશને ફોરવર્ડ કરી રહ્યો છું
ભલે કોઈ માને અડિક્શન થયું છે,
ફક્ત શ્યામ પ્રેમે અપલોડ થઈ રહ્યો છું.

જો તમને એવું પૂછવામાં આવે કે સીડી લાવ્યા છો? તો તમે એને કૉમ્પ્યુટરની જ સમજવાના ખરું ને? તમે કેમ એને ઊંચાઈ પર ચઢવાની નહીં સમજો? સિમ્પલ આપણે જે યુગમાં જીવી રહ્યાં છીએ. એ યુગનો એ પ્રભાવ છે. બીજી વાત કરું તો આપણે જમવાની હોય એને ડીસ કહેતા હતા પછી ફ્લોપીને પણ ડીસ કહેતા થયા હજુ આગળ વધુ તો હાર્ડડીસ્ક સુધી એનો વ્યાપ આપણે આપણાં રોજિંદા જીવનમાં વધાર્યો આ બધાનું કારણ ડિજિટલાઈઝેશન. હા આ યુગ એ કોમ્પ્યુટર થકી સ્માર્ટ બની ગયો છે. એક ફોન અત્યારે બેટરી એટલે કે ટોર્ચથી માંડીને રેડિયો અરે, આ પણ જૂની વાત કોમ્પ્યુટરની ગરજ સારે છે, અરે આપણો સ્માર્ટ ફોન એ શું નથી? અદમ ટંકારવી સાહેબે વરસો પહેલાં ગુજલીશ ગઝલો આપીને સાંપ્રત ભાષા પ્રયોજવાનો માર્ગ ઉઘાડી આપ્યો છે. આજે એનાં થકી તો જીવાતા ડિજિટલ જીવનના શબ્દો થકી આપણને આજનાં યુગની સાંપ્રત ગઝલો સાંપડી છે. ટેકનોગઝલના આજના ગઝલકારને ધ્રુવ જોષીને હું અત્યારે સાદર પોંખું છું.

ગઝલનો પ્રથમ શેર આપણને સીધો જ મનના ડેટાબેઝની વાત કરતાં સ્માર્ટ ટેક્નોલૉજી સાથે જોડી દે છે ને એમાંય શોધવું એટલે કે સર્ચ કરવું એ આપણાં મનની ભૂખને સંતોષ આપવાનું ઉત્તમ સાધન છે. શોધવું ફંફોસવું જેવાં શબ્દો ધ્યાનાર્ષક છે મથામણ તો જુઓ. ફેસબૂકમાં ફેસ શોધવાની છે. ખૂબ સાર્થકતાથી વિરોધાભાસી બે પરિબળોને ભેગાં કરી જાણે છે આગલા શેરમાં ધરમનો જંક ડિલીટ કરવાની વાત કરે છે.

સીધું જ નહીં પણ આડકતરી રીતે એ વેવલાવેડાને તાગતા હોય એવું લાગે છે ધર્મનાં નામે ચાલતાં ધતિંગને ઉઘાડા પાડવાની નોખી રીત છે અને એ બધાને જંક ગણાવી ડિલીટ કરવાનાં ઓરતાં છે અને કૃષ્ણને બીજે ક્યાંય નહીં પણ વિરહીઓનાં ગ્રુપમાં મૂકી ને શોધનાર કવિ અદ્ભુત રીતે કૃષ્ણની સાથે જોડાતાં હોય એવી પ્રતીતિ થાય છે. આ બધાંયમાં ખરચાતી બેટરીની ચિંતા તેમને છે એને આપણે સારી અને સીધી ભાષામાં એનર્જી કહીએ છીએ. આજનાં યુગમાં તમે કોઈને પાણીનો ભાવ પૂછવાનું ભૂલી જાવ તો વાંધો નહીં પણ ઘરે આવનાર મહેમાનને એનાં મોબાઈલનું ચાર્જર ધરો તો એ વધુ ખુશ થશે. અને જો તમને એમના પર પ્રેમ આવી જાય તો તમે સામેથી એને તમારા વાઈ-ફાઈનો પાસવર્ડ જણાવો તો સમજો એની સાથે તમારું ગમે તેવું બગડેલું હોય એ સારી પેઠે ગોઠવાઈ જાય... ખરું ને? ભાઈ આ જ તો છે આ યુગની સાચી સરભરા.

અહીં બેટરીના પ્રયોગને પાવર સાથે અને પાવરનું ગુજરાતી શક્તિ એવું થાય છે આમ ડિજિટલયુગનો શાયર આપણને શિવશક્તિની સાથે જોડી આપે છે. આગળનાં શેઅરમાં ફરી પાછા ગઝલનાં પરંપરિત સ્વરૂપની સાથેની પોતાની નિસ્બત જણાવતાં તેઓ કહે છેકે ગાગા લગા ગણગણીને પાછો પોતાનો આ સૂર પાકો કરતો હોય એવી પ્રતીતિ કરાવે છે. તેટલું જ નહીં પરંતુ તેનો તાર તો અંતે ઈશની સાથે જોડાયેલો છે. એવું એ પોતે જાહેર કરે છે કવિ પોતે ઈશ્કે મિજાજી અને ઈશ્કે હકીકીની વાત સહર્ષ રજૂ કરતાં હોય એવું લાગે છે. કવિશ્રીનાં પોતાનું અંગત પોતાની પત્નીના મૃત્યુ પછી ખોરવાયું છે એ વાત તેઓને અંગત રીતે જાણનારાઓ વાકેફ જ છે આ વાત તેઓને 'જીવનચક્ર' નામના તેમનાં આ ચોથા સંગ્રહની પ્રસ્તાવનામાં મૂકી જ છે તેઓના કવિકર્મની વાત કરું તો કવિતા એ એમનાં માટે અપ્રાપ્યને પામવા માટેનો માર્ગ છે. તેઓ જેને સીધી રીતે નથી સ્મરી શકતાં તેને આ માધ્યમે પામવાની એક મમત છે. અને એથી જ તો એ બીજા કોઈને નહીં પરંતુ ઈશને સીધો જ વોઈસ મેલ કરી રહ્યા છે. સ્થાવરથી પાવરને પામવાની વાત છે અદ્ભુત રીતે આગળના શેઅરમાં પોતાની વાત કરતાં તેઓ કહે છે કે એડિક્શન થવું એ પણ એક મનોરોગ છે, પરંતુ એડિકશન કોની સાથે થયું છે એ સમજવું ને જાણવું એ એટલું જ જરૂરી છે.

ધ્રુવ જોષી પોતે એટમમાંથી અકલ્ટ સુધીની સફર જાણનારો જીવ છે. એ અંતે પોતાનો જોક શ્યામ પ્રેરે કહીને આપણને ફરી પાછો બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગરના યુગમાં લઈ જતા હોય એવું લાગે છે અમને ચાકર રાખોજીથી માંડીને મિલેનિયમ મીરાં સુધી વાતનો તંત જોડી આપે છે. ગ્લોબલ થિંકિંગ બટ લોકલ એક્ટિંગનો સુભગ સમન્વય જોવા મળે છે. આપણને ડિજિટલાઈઝેશનનાં યુગમાં કૃષ્ણ સાથે જોડાનાર આ કવિ આપણને વાઈનથી ડિવાઈન સુધીની યાત્રા કરાવતો હોય એવું લાગે છે.

આમ સીધી જ રીતે પોતાની વાતને મૂખર કરનારાં અને પોતાનાં ભાવોને જીવંતતા આપનારા આ કવિ પોતે કેમિકલ જગતનાં ક્લોર આલ્કલીના નિષ્ણાત છે. માટે તેઓ કેમિકલ ઈકેફ્ટને તો પિછાણે જ છે પણ સાથે સાથે તેની સાઈડ ઈફેક્ટોને પણ સુપેરે જાણે છે. ક્યારે કઈ પરિસ્થિતિમાં કેમીકલ રિએક્શન થાય અને એનું શું પરિણામ આવે એનાંથી તેઓ સુપેરે વાકેફ છે અને કદાચ એ કારણે જ એ આટલી આસાનીથી ડિજિટલયુગમાં પણ ડિવાઈનની વાત કરી શકે છે. આ બધાયનું સંચાલન કરનાર ઈશ્વરના વજૂદને તેઓ સ્વીકારે છે બલ્કે એવું પણ કહી શકાય કે આ બધાય કારણનું નિમિત્ત માત્ર એ ક એ જ છે ને બધાય અકારણનું પણ નિમિત્ત એ જ છે એની આ ગઝલ પ્રતિતિ કરાવે છે

આજની આ ગઝલમાં ક્યાંક છંદોલયની માવજત કદાચ આપણું ધ્યાન ના ખેંચે પણ વિચારનું વૈવિધ્ય નવોન્મેષનું સાયુજ્ય અને તેઓની ધગશ અને નિષ્ઠા ચોક્કસ આપણને મોહિત કરનારી બની રહે છે. તેમનાં આ ઉપરાંતના સંગ્રહો જીવનધારા-જીવનદીપ-જીવનસફર એ ખરેખર જીવન સાથેનાં પુનરાવર્તનની મમત જગાડનારા છે. તેઓની ખેવનાં અમર છે તેઓની પત્નીનાં વિરહની વેદના એ જ તેમનાં સર્જનોનો નાભી શ્વાસ છે. અત્યાર સુધીનાં તેઓનાં જીવન પર્યંતનાં જીવંત પ્રયત્નોને આજીવન સાદર વંદન.

# નયના જાની

ક્યારેક તમોને કોઈ પીઢ સંવેદનો પણ મળે. ઊર્મિઓને ઉંમરની સાથે લેવા દેવા નથી, પણ હા, અનુભવોની સાથે ચોક્કસ છે. આજના શાયરા નયના જાની કદાચ આ બાબતે સભર છે. સીધા કવયિત્રીનાં કવન પર આવું એ પહેલાં મને ખબર છે એટલું તમારી જોડે વ્હેંચીશ. ગઝલના સ્વરૂપમાં બે ખયાલ પ્રચલિત છે ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાજી. સાદી સરળ બાનીમાં કહું તો હકીકી એટલે અલૌકિક અને મિજાજી યાને લૌકિક. હકીકીમાં પરવરદિગાર હોય જ્યારે મિજાજીમાં પ્રેયસી અને આ બન્નેમાં પરાકાષ્ઠા એ પહોંચનારાઓ જ કંઈક પામે છે. એવો દરિયો છે કે જેમાં ડૂબનારા તરી જાય છે ને તરનારા ડૂબી જાય છે, આ આખી સમાધિની અવસ્થા છે જે પામે એનું સુખ ક્યાંક વાચવામાં આવ્યું હતું કે જેઓ સ્વયમ્ તરફ વળેલા છે. તેઓ ચોક્કસ ઈશ્વરને મળેલાં છે આખી બેખૂદીની વાત છે તમે રાબીયા કે લલ્લેશ્વરી, મીરાં સુધીનાંની લગની લઈ લો. તમોને અનરાધારે વરસતાં ઈશ્વરીય આશીર્વાદની ભીનાશ તેઓમાં તમને મળશે. હવે જો સામાન્ય ભાવકો આ રચનાને વરસાદની રચના સમજે તો તેઓને પણ મારૂં હાર્દિક આમંત્રણ છે ફક્ત એક ટકોર કે રેનકોટ પ્હેરવો કે છત્રી રાખવી એ તમારી પલળવાની ક્ષમતાને આધિન છે.

આ ધોધમાર વરસે, ચોમેર ધાર વરસે,
હું કેટલુંક ઝીલું? અનહદ અપાર વરસે!

બોલો પલળ્યા પૂછું છું ત્યારે મનોમન એવું ય થાય છે કે કોમ્પ્યુટરનાં સ્ક્રીન પર વરસાદી વોલપેપર ધરાવતાં આપણે સ્હેજ ઉકળાટમાં એસી. ચાલુ કરીને વરસાદ પહેલાં ઉઠતી ધૂળની ડમરીને બારી ચપોચપ બંધ કરી ઘરમાં પ્રવેશતાં રોકનારા ને આ અનુભૂતિ ક્યારેય નહીં સમજાય! આંખોમાં કાયમી વરસાદ હોય અને ચોમેર ધારમાં પલળવા જે પોતાની જાતને ન રોકી શકનારાની આ વાત છે. પ્રથમથી અંતિમ સુધીમાં ફક્ત અનહદ અપાર પલળવાની તાલાવેલી છે. જે અકળ છે શ્રાવણી અષાઢી વરસાદનાં દિવસમાં વરસવાની વાત કરતાં અદ્ભુત શેર મળે છે.

ના શ્રાવણી અષાઢી વરસાદના દિવસમાં,
એ તો અકળ અમસ્તું બસ વારવાર વરસે.

આ તો પ્રેમલક્ષણા ભક્તિની વાત છે એવું કહેવાય છે કે જે ડૂબી ગયું એ તરી ગયું ને જે તરી ગયું એ ડૂબી ગયું. સાવ સાચું કહું તો વાત ઘણી પાતળી ભેદ

રેખાની છે અવસ્થાઓની વાત જુઓ પ્રથમ ભીંજાઉં છે પછી એટલાં એ ન રહેવાયું માટે છેવટે એ ન્હાઉં પછી પણ ન રહેવાયું માટે આવે છે ડૂબું અને આઘે તણાવું એવું સુધીની પરાકાષ્ઠા દર્શાવતો વરસાદી શેર માણીએ.

ભીંજાઉં નહાઉં ડૂબું આઘે તણાઉં એવું,
આ નેહના ગગનનો સઘળો ય સાર વરસે!

પોતે રાજેન્દ્ર શુક્લનાં પત્ની હોવાને નાતે અધ્યાત્મ સાથે તેઓનો પરિચય અને વિષય બાબતની કોઠાસૂઝ એ ખરેખર સાંગોપાંગની હોવાની અને આ જ કારણે તેઓની ભીતરની આ તરસ અસીમ જ રહેવાની. ગુજરાતી ગઝલમાં જો આધ્યાત્મની ચરમસીમાઓને આંબી હોય તો અત્યારે એક નામ તમારે લેવું જ પડે. માટે તેઓની સર્જનપ્રક્રિયામાં જે પરિવેશ ઉમેરાય છે એની અનુભૂતિ પણ માણવા લાયક છે. સદંતર સતત એક રાગ અવિરત ચાલે અને એ જ પછી કંઈક પરમનાં ભેદ ખોલે એવું બને તો ક્યારેક અકળ લાગતું કઈક સમીપે સતત આભાસે એવી પણ સ્થિતિ સર્જાય તો તેમાંય કઈ ખોટું નથી. આંતરિક અને બાહ્ય બન્ને બાબતો નો અહીંયા સમન્વય થતો જોવા મળે છે આવી આવીને ધરાર વરસવું એતો ગોરંભાયેલાનું લક્ષણ છે :

હા જો કહું તો વરસે, ના પણ કહું તો વરસે,
કૈં ના કહું તો આવી આવી ધરાર વરસે!

તો આગળ જતાં વરસાદરૂપી આ આધ્યાત્મિક સફરનાં અનેકવિધ આયમો આપણને ધોધમાર વરસાદની અનુભૂતિ કરાવે છે એનેય જરી માણીએ,

છલકી જવાય એવું કે છોળ થઈ જવાતું,
ઘેઘૂરને ઘૂઘવતો એવો ખુમાર વરસે!

આખી કૃતિના સર્જનની એ મજા છે કે ક્યારે તમે આ વરસાદી મૌસમની લાગતી કૃતિમાંથી ઈશ્વરી વાણીની સાથે જોડાવો એની ખબર સુધ્ધા રહેતી નથી. આ જ તો મજા છે સૂફીઓની પ્રેમલક્ષણા ભક્તિની ધોધમારમાં સૌને ક્યારે પલાળીને મૂકી દે એની ખબર સુધ્ધાં પડતી નથી. ખુમાર વરસે એ કંઈ નાનીસૂની બાબત નથી ખુમારી એ આધ્યાત્મિકતાની પ્રથમ શરત છે આઠો પ્રહર ખુમારી બેમાં જ હોય છે યા તો ઈશ્વરનાં બંદામાં કે પછી કોઈ પ્રેમીમાં તેઓ ને આ લૌકિક જગતની સાથે કોઈ મતલબ હોતો નથી તેઓ પોતાનામાં જ મસ્ત અલૌકિકમાં જ પોતે સમસ્ત હોય છે.

# ૬

# નરેન્દ્ર જોશી

કેટલાક લોકો ભરચકમાં ખાલી જીવે. તો કેટલાક લોકો ખાલી જીવન સાવ ભરચક જીવે. આજે જે શાયરની વાત કરવાની છે. એમનાં માટે નિઃશંક પણે એવું કહી શકાય કે તેઓ મહેફિલનો પર્યાય હતા. નરેન્દ્ર જોશી એક એવું વ્યક્તિત્વ કે જેને જોઈને જીવન તાજગી મેળવે. એમનાં માટે મનોમન આદર કાયમ રહ્યો છે ને સદાય રહેશે. એમનાં ગઝલસંગ્રહો આભાસ,તમને મળ્યાનું યાદ છે ને બીજા અન્યોમાં અનેકવિધ રસાળ ગઝલો મળે. ગનીથી માંડી સૈફ અને આદિલથી માંડી રાજેન્દ્ર પાઠક સુધીનાં અનેકવિધ ગઝલોનાં સ્વરાંકનો એમનાં મુખે એકલાં સજાવેલી મહેફિલોનો હું મૂક સાક્ષી રહ્યો છું આજે ફરી એક લટાર મારા બાળપણથી માંડી ને જવાની સુધીની ખુશ્નુમા સાંજોને વાગોળું છું ને સંગીતમય બની તેમની તરજોને યાદ કરીને એમનાં માટેનો ઉમળકો અહીં અહીં ભરું છું. બોલા અબોલા ગમા અણગમા રાખ્યા વગર તેઓ જે સરળ જીવ્યા એ એમની બાનીમાં આપણને કહે છે કે પ્યારની વાત કરો પહેલીવાર મળ્યા હતા ત્યારની વાત કરો,

બધા ગમા અણગમા છોડો પ્યારની વાત કરો,
આપણે પહેલીવાર મળ્યા હતા ત્યારની વાત કરો,

જીવનની કઈ કેટલી વસંતો અને પાનખરોના સાક્ષી જે વ્યક્તિ રહી છે એ પોતાની વાત પોતાનાં અંદાજે બયાં કર્યા વગર રહેતા નથી અને એક ખૂબસુરત શેર પેશે ખિદમત કરતા હોય એમ કહે છે કે માત્ર ફૂલોની વાત યાદ કરે જીવાતું નથી પણ સાથે સલોગત રીતે આવેલ પાનખરમાં પણ જે કઈ ખાર રહ્યો છે તેની વાત પણ કરતાં તેઓ બન્નેનો મહિમા ગાતા હોય એવી વાત કરે છે.

ફૂલો તો સાથ આપશે માત્ર વસંત સુધી,
પાનખરમાં પડખે રહેનારા ખારની વાત કરો.

એકાંતની સોયમાં ક્ષણોને પ્રોવીને જેણે જીવન ગાળ્યું હોય એવાં આ શાયરે અલાયદી બંદગી કરી હતી. દરરોજ સાંજ પડે મહેફિલો સજાવતા આ શાયરે પોતાની બાનીમાં ઈશ્વરને ગાયો છે. ક્યારેય એમને મંદિરે જતાં જોયાં નથી. એમની રાગરાગિણીઓ જ એમને મન પૂજા હતી. પોતાની ખુમારીમાં જીવનારા આ શાયર તમને અગામી શેરમાં મહેફિલોનાં માહોલમાં લઈ જાય છે ને કહે છે કે...

હું મયકદામાં છું, મસ્જિદમાં નથી, દુઆ બંદગી છોડો,
શમા, પરવાના, સાકી સુરા, આ ચારની વાત કરો,

વાસ્તવિકતાઓનો ક્યારેય એમણે અનાદર કર્યો નથી, કુદરતના નિયમો અને કુદરતનો ગોઠવણોને તેઓએ સદાય આવકારી છે. આગળનાં શેરમાં આપણને મૂકેશ જોશીની એક એવી બળવત્તર રચનાની યાદ અપાવે છે કે બન્નેનાં શેરને સાથે માણવાનું મન થાય છે મૂકેશ જોશીનો 'ત્યારે સાલું લાગી આવે'વાળી ગઝલનો શેઅર વરસોથી પર્વત ચઢનારાની આજુબાજુ હોય ખાઈ ખાઈને ઊંડી ખીણો, એક જ પગલું બાકી હો ને ત્યારે એનું ધ્યાન ચલેને ત્યારે સાલું લાગી આવે,'ના વિચારનો અને નરેન્દ્ર જોશી સાહેબના આ શેર નો ટકરાવ અનાયાસ સર્જાય છે એની મજા માણીએ –

ક્રમ છે કુદરતનો પર્વત બને તો પાસે ખીણ હોય,
શિખર સર કર્યું ભલે બચી ગયા તે ધારની વાત કરો.

તેઓ પોતે એલએલ. બી. પણ હતા. તેઓએ વકિલાતના અભ્યાસને પોતાની ગઝલોમાં સુપેરે ભેળવ્યો ને એક ગજબનો શેઅર આપણને આપ્યો છે અને આ પાર કે તે પારની વાત કરીને ન્યાયાલયમાં થતાં કરારો લવાદો મંત્રણા ચર્ચાઓ બાદ પોતે જ ન્યાયાધીશ બનીને ચૂકાદાની વાત કરનારા આ શાયરની આગવી સૂઝને સલામ.

કરારો, લવાદો, મંત્રણા ચર્ચાથી કંઈ ન વળ્યું,
હવે જે થાય તે આ પાર કે તે પારની વાત કરો.

વસંતપંચમીના દિવસે જ્યારે આ શાયરે આ ફાની દુનિયાને અલવિદા કહીને પરમના મુશાયરાનું સંચાલન કરવાનું આમંત્રણ સ્વીકાર્યું. એ દિવસે સંસ્કારીનગરી વડોદરાના શાયરો એ સ્મશાનભૂમિમાં તેમને અગ્નિસંસ્કાર આપ્યો. એ પૂર્વે આ સદરે મુશાયરાને પોતાની ગઝલો સંભળાવીને સાચી શ્રદ્ધાંજલી આપી હતી :

જીવન અને મરણને પાપ પુણ્યથી ના તોલો,
શ્વાસ નીકળી જવાને છે તે દસ દ્વારની વાત કરો.

નરેન્દ્ર જોશી એક અદના અદાકાર મુશાયરાઓની જાન અને સૌ સુગમ સંગીતકારોનાં રાહબરને શત શત નમન.

૬૭

# નિનાદ અધ્યારુ

સદાબહાર રહેવા માટે આંખોમાં વિસ્મય હોવું જરૂરી છે. પ્રેમની કોઈ સાચી ઉંમર નથી હોતી પણ જે ઉંમરે પ્રેમ થાયને એ જ સાચી ઉંમર કહેવાય. કૉલેજકાળમાં સતત આંખો કોઈને વસાવવા તત્પર રહે છે. જ્યારે આંખોમાં કોઈ વસી જાય ત્યારપછી ગુલાબી રંગની સાચી ઓળખ થાય છે. એક જમાનો હતો કે ગુજરાતી ભાષામાં પરંપરાની ગઝલો લખાતી હતી. બલ્કે હજુય પરંપરાની ગઝલો લખાય છે. લાંબી બહેરની ગઝલોનો જમાનો હતો. પછી બોલચાલની ભાષામાં ગઝલો લખાતી થઈ એમાં કૈલાશ પંડિત 'ખરા છો તમે?'માં લખે કે 'દ્વાર ખખડ્યું કે વિચાર્યું ખોલતાં કે એ જ મળવાને મુજને આવ્યા હશે', ને પછી મેં મારા મનને સમજાવતાં કહ્યું આટલી રાત્રે તો એ હોતા હશે? આટલી સરળ ભાષામાં ગઝલ મારફતે ભાવોની અભિવ્યક્તિ એ કઈ નાની સૂની વાત નથી માત્ર કૈલાશ પંડિત જ નહીં પણ અદમ ટંકારવી ગુજલીશમાં લખે કે યાદોના પરફ્યુમ્સ ઊડે છે, ને ડનલોપી સપનાં આવે છે. તારી ગલીનાં લેમ્પપોસ્ટ પર સાઠ વોલ્ટનું ફુલ ખીલે છે.' આજે મારે એક એવાં જ તોફાની શાયરની અલાયદી વાત કરવી છે કે જેઓએ ગાંધીનગરની 'બુધકવિસભા'માં પોતાનાં પિતાજીની પાસેથી ગઝલ લખવાનાં સંસ્કાર લીધાં ને હાલ રાજકોટમાં પોતાની કારકિર્દી ધપાવી રહ્યા છે. આ ગઝલનું શીર્ષક જ આપણને ગઝલ વાંચવા પ્રેરે એવું છે. જોકે છોકરો કમાય છે ને છોકરી ભણે છે એની સરસ વાત યાને એક છોકરી ગમે છે. ગઝલની શરૂઆત નો પ્રથમ શેર જેમાં નકારાત્મકતા છે ને તેનું કારણ પણ છે :

ધંધો ન કોઈ ગમતો, ના નોકરી ગમે છે,
જ્યારથી અમોને એક છોકરી ગમે છે.

અહીંયા કવિ પોતાની નિરર્થકતાનાં કારણો આપે છે બધી જ ગરબડો છોકરી ગમવાની શરૂ થાય એટલે શરૂ થાય છે, એ કોલેજમાં જ હોય એવું જરૂરી નથી અરે ફળિયામાં આપણી સામે દોરડા કૂદતી કો'ક હોય પણ હવે જવાનીનાં રંગે રંગાયેલી એ નજર ઝુકાવીને આપણી સામેથી જ્યારે પસાર થાય છે ત્યારે આપણને એ ગમતી થઈ જાય છે જેની સાથે હતાં ત્યારે હતાં એવા સબંધો કે પછી કલાસરૂમમાં શરૂ થયેલા સંબંધો નજર ચોરાવે છે ત્યારે માદક બની દિલોદિમાગ પર છવાઈ જાય છે. બધું તો એનું એ જ હોય છે પણ કશુંક અંદર બદલાયેલું હોય છે પ્રેમમાં પડનારને પહેલી ખબર પડતી નથી પણ હા આજુબાજુવાળાઓને એની જાણ થઈ જતી હોય

છે ત્યારે બીજીબાજુ જેને ખબર પડવી જોઈએ એ બે ખબર હોય છે અને એથી જ એક છોકરી ગમે છે થી વાત મંડાય છે ને આગળ વધતાં તમને ક્યાંથી ક્યાં લઈ જાય છે એ હવેનાં શેરમાં જાણીએ :

એનો જ એક ચહેરો ઘુમ્યા કરે મગજમાં,
ના ઘર મને ગમે છે ના ઓસરી ગમે છે.

આ વાત પછી ધંધા નોકરીનાં સ્થળ પરથી વિસ્તરીને છેક ઘર અને ઓસરી સુધી પહોંચે છે. દિવસમાં એકવાર પણ જો દિદાર ન થયો હોય તો એવું બને છે કે પોતાનાં જ ઘરનાં રોજિંદા સ્વિચ બૉર્ડ પાસે ઊભેલો નાયક પંખાની સ્વિચને શોધે છે ઓસરીમાં અડધી રાત્રે ઠંડો પવન નહી ં પણ આજે નથી જોવાં મળ્યાં કારણે લૂ વાય છે હાલતની ગંભીરતા નાયકને બેબાકળો બનાવી દે છે. અહીંયા શબ્દો એ અચાનક મૌનનું રૂપ ધારણ કરીને ડંખે છે. અરે ઉજાગરા જાગરણ બને છે.

વાત એટલી હદે આગળ વધે છે કે એનાં સામાન્ય એવાં હાવભાવ આપણાં માટે અદા બને છે. પછી બધું જ ગમવાની શરૂઆત થાય છે :

સખીઓની સાથ જ્યારે એ ખાય શીંગ ખારી,
ફેંકે છે જે અદાથી એ ફોતરી ગમે છે.

સખીઓ મોટેભાગે નાનોમોટો ભાગ ભજવતી જ હોય છે એકલાં ક્યારેય હોતા નથી સખીઓથી ઘેરાયેલાં એ હોય ત્યારે એ જે કરે એ અવસર બને અરે આંખનો એ લ્હાવો બને એક સામાન્ય ખારીશીંગનું ફોતરૂં ગમવા માંડે અને અત્ર તત્ર સર્વત્ર એવું લાગવા માંડે અરે જો હું ભાડભૂંજો હોઉં ને તો આજથી મારકેટમાં બદામના ભાવે ખારી શીંગ વેચું કારણ કે એને ભાવે છે. ગમવાની શરૂઆત થાય ને એટલે પછી એમાંથી કશું જ બાકાત નહીં બલ્કે ત્યાં સુધી કે –

બાબત એ ગૌણ છે કે એમાં લખેલ શું છે?
જેમાં ગુલાબ રાખે, એ ચોપડી ગમે છે.

કવિ માત્ર છોકરીની અદાઓ પર જ મોહી પડ્યા છે એવું નથી. છોકરીનાં એકે એક વર્તનનું એમણે નિરીક્ષણ કરેલું છે એ શું લાવે છે શું લઈ જાય છે છોકરીનાં હાથમાં ગુલાબ હોય ને એ પછી વર્ગમાં જતાં કોક ડાયરી કે ચોપડીમાં મૂકાયું હોય તો પછી એ જેતે સબ્જેક્ટ આપણને આવડી જ જાય અત્યારસુધી જે ચોપડીથી દૂર ભાગતાં હોઈએ એ જ ચોપડી આપણી ભગવત ગીતા બની જાય. સુંદર છોકરીને ગુલાબનું ફૂલ એક એવો નાતો છે કે જે આપણને વેલેન્ટાઈન ડે લગી અનાયાસે જ દોરી જાય છે... હા ભઈ, આમ આંખો ઝીણી કરીને એ દિવસને યાદ કરવાની જરૂર નથી પિકચર અભી બાકી હૈ મેરે દોસ્ત...

ચુંબન કે પ્યાર કંઈ પણ ઉધાર રાખશું નહીં,
સમજાવી દેશું એને કે રોકડી ગમે છે?

બહેલાવીને અંતે બોસ મૂળ વાત પર આવી ગયા આ બધું ગમવું ગમાડવું બહેલવું બહેલાવવું ને પછી અંતે વેપારી વેડા પર આવી જ ગયા કોમર્સને ઉમેરે છે ને વાત છાનીછપની ન રાખતાં જાહેરમાંજ કહી દે છે કે ઉધાર બંધ છે. નોકરી ધંધાની સાથે પીમળતો પ્રેમ અંતે તો લેવડદેવડની પરિભાષા જ બોલે છે :

નિનાદને સૂરજનું આપો નહીં પ્રલોભન,
દીવો બળે છે જેમાં એ ગોખલી ગમે છે.

અહીં ગોખલીની વાત કરીને કવિ પોતે પોતાની વાસ્તવિકતાનું બયાન કરે છે. ખરેખર આ મોબાઈલયુગની વ્હોટસએપ ફિલીંગની ક્ષણભંગૂરતા એ આપણને વાસ્તવિક જગતથી કેટલાં બધા દૂર ફંગોળી દીધા છે નો અહેસાસ કરાવે છે વરચ્યુઅલ જગતમાં એક્ચુઅલ ફિલિંગ્સ કરાવતી આ ગઝલનાં અંતમાં નિનાદ અધ્યારૂને આદર સાદર પ્રણામ.

# ૬

# નીરવ વ્યાસ

'ફ્લેશબેક' એક હાથવગી કળા રહી છે ને રહેશે. ભૂતકાળનું નિરૂપણ કરતી કથાઓમાં હંમેશ હતું-ની જ વાતો થાય છે જ્યારે ફિકશનોમાં થશેની વાતો... બાહુબલી જેનાં પ્રથમ ભાગમાં પ્રશ્નો હતાં. ક્યાં એ તો તમે જાણો જ છો? અવંતિકા અને પેલા ગામડિયાનો પ્રેમથી શરૂ કરીને ધોધમાંથી જડેલા પેલાં મહોરાની પાછળનાં ચહેરાની વાત. બીજા ભાગમાં બધા જવાબોની વચમાં આખા મુવીમાં પ્રથમ વખતની ફિલ્મમાં ટેટું દોરતાં બે યુગલો વચ્ચેની નિકટતાં બીજા ભાગમાં બાહુબલીનાં મોં એ લેવાયેલું અંતિમયુદ્ધ વખતે લેવાયેલું એક નામ અવંતિકા. ને પછી ફિલ્મ પૂરી. સેટસથી માંડીને બધું વાહથી માંડીને ક્યા બાત હૈ.. પણ અન્ય મોટા પ્રશ્નોનાં જવાબો મળ્યાં એટલે આપણે ખુશ પણ પેલાં પાંગરેલા પ્રેમની કથા ક્યાંક હાંસિયા ધકેલાઈ ગઈ એનું શું? એનો જવાબ નીરવ વ્યાસ આપે છે,

છોડીને સઘળી સલ્તનત; તું આવ ને,<br>
અકબંધ છે મારી મમત; તું આવ ને.

આગળનાં શેઅરમાં કવિ નાનપણની રમતોને જોડે છે. રમતાં રમતાં કોકવાર જો કોઈ મોટેરૂં બોલાવે તો આપણે એ રમતમાંથી બહાર નીકળવા માટે time please જે બોલાતું હતું ટેમ્પ્લીજ... એ પ્રસંગો યાદ આવે, કેટલી સરળતાથી વિમુખ થવાતું હતું ને ફરી પાછું એ રમતમાં ભળી જવાતું હતું!! દોસ્ત આપણાં બાળપણાનું એ મજાનું ગાણું હતું... એ વાતને વાગોળતો અદ્ભુત શેર આપણને આપણી જૂની યાદો તાજી કરાવે છે

તેં માત્ર 'time please'; કહ્યું'તું યાદ છે?<br>
પૂરી તો કર આખી રમત, તું આવ ને.

ચક્રવ્યૂહ એક એવો શબ્દ છે કે જે આપણને અભિમન્યુની સાથે સીધો જ જોડી દે છે. મહાભારતકાળથી આ પરિસ્થિતિ રચાય છે. વ્યૂહરચનાઓ બદલાય છે. આજેય પણ કઈ કેટલાંય અભિમન્યુઓ સ્વરક્ષણ માટે ખૂંપી ગયેલાં રથનાં પૈડાઓ લઈને ઘૂમી રહ્યાં છે... અને કાળ અટ્ટહાસ્ય કરતો એ બધાંયને કોળિયો કરી રહ્યો છે. રોજ એકાદ હજુ આજેય હણાય છે, પણ ચીસ સંભળાતી નથી! આપણને આ પરિસ્થિતિથી વાકેફ કરાવતાં કવિ લખે છે કે –

ચારેતરફ છે વ્યૂહ, જાણે ચક્ર-વ્યૂહ,
ઘેરીને બેઠું છે જગત તું આવ ને!

પ્રેમ એ પરાકાષ્ઠાનો વિષય છે. એમાં એકબીજાનાં થવાનું નિશ્ચિત જ હોય છે. એકમેકની સાથે જીવતું સારસ-સારસીનું જોડું આપણને સરસ મજાની મિથથી જોડે છે. ઘણાં એવાં જોડાં મેં જોયાં છે, તમેય જોયાં હશે! વૃદ્ધાવસ્થાનાં આરે પહોંચેલાં કપલિયાંઓ આખા દિવસમાં એકાદવાર તો આ સંવાદ અચૂક બોલતા હશે... આ સંવાદની સંવાદિતાનો ઉપયોગ કવિ અહીં સૂપેરે કરે છે. જ્યારે આ બાબત ગઝલમાં શેઅર બનીને આવે ત્યારે આપણને નીરવને કયા બાત હૈ કહેવાનું મન થઈ જાય...

તારાથી પહેલાં હું જો ચાલ્યો જાત તો?
તું પણ મને એવું કહત;તું આવ ને...

અંતિમ શેરમાં કવિ અરણ્યરૂદનની વાત કરે છે. ઊંઘમાં કણસવું એ તમારા અપ્રગટ દુ:ખને રજૂ કરનારૂં માધ્યમ છે.

કોન્સિયસ માઈન્ડ તમને ઘણું બધુ કરતાં રોકે છે. જમાનો એવું કહે છે કે પુરુષો એ બાથરૂમમાં બેસીને સામે મોઢું કરી મોઢે છાલક મારીને રડી લેવું જોઈએ, પણ કેટલાંક તો એવુંય કરી શકતા નથી, પોતે ગમેતેવાં દુ:ખમાં કે ગ્લાનિમાં હોય પરંતુ ચહેરા પર ન લાવતાં લોકો આજનાં યુગમાં મોજૂદ છે. પુરુષો કેમ ન રડી શકે? આ પ્રશ્ન અત્યાર સુધી કોઈએ પૂછ્યો જ નથી. આ આપણાં સમાજની કરુણાં છે. એ અભિવ્યક્તિથી કઈ અભડાઈ જવાતું નથી, બલ્કે હૃદયનો ભાર હળવો કરવાનું એકમાત્ર સબળ માધ્યમ એ રુદન છે.

ડૂસકે ચઢ્યો છે ઊંઘમાં 'નીરવ' ફરી;
તારી જરૂરત છે, સખ્ખત, તું આવ ને...

ઘોઘા ન્યાયાલયનાં જજ સાહેબ નીરવ વ્યાસની નહીં પરંતુ એક પ્રેમાળ કવિમિત્રની આ ગઝલ અત્યારે ફરી મને એ ફ્લેશબેકનાં વડોદરા બુધકવિસભાનાં દિવસો વાગોળવાનો એક અનન્ય અવસર આપે છે એનો આનંદ.

# પંકજ વખારિયા

ડૉક્ટરે તને ના પાડી છે ને? એલર્જી ટેસ્ટમાં પણ આવ્યું કે તારે આ નથી ખાવાનું... આવું કહેતાં તમે કો'કને સાંભળ્યાં હશે!!. હવે એ સમયે માફક કઈ વસ્તુ નથી એ તેઓ પોતાનાં અનુભવે કે પછી તમારી તાસીરનાં ધોરણે નક્કી કરતાં. કોઈ એકાદ ચીજને માટે તેઓ કહી દેતાં કે આ તમને માફક નહીં આવે. જેની મનાઈ હોય એને રોજિંદા ખાધા ખોરાકીની વાનગી ઓમાંથી બાકાત કરાતું. અત્યારે જમાનો વૈદરાજોનો નથી. એલોપથીની પણ આગળ સેલોપથી સુધી પહોંચી ગયો છે. સ્ટેમ્પસેલ તમારા શરીરમાં એકાદ વનસ્પતિજન્ય કોષનો સમુહ ક્યાંક પેચ તરીકે લગાડવામાં આવે એ સેલ્સ તમારા શરીરને જરૂરી એવાં પોષક દ્રવ્યો પોતાનામાંથી છોડે અને દવા લીધા વગર તમે લાંબાં સમય સુધી એ રોગની વ્યાધિ કે ઉણપમાંથી મુકત રહો, આ બધામાં મને માફક બાબતની મોજ પડી. આ માફક યાને અનુકૂળ યાને પ્રતિકૂળ યાને ન ફાવે એવું વગેરે વગેરે. પંકજ વખારિયા નામના શાયર 'તને માફક નહીં આવે' રદીફ વાળી ગઝલ લઈને આવ્યા છે. જુવો કેવી મજા કરાવે છે. એકવાત એ પણ કરું કે આ બધું લખાણ છેલ્લા ઘણાં સમયથી મારા લેપટોપ પર ચાલી રહ્યું છે. પર્યાવરણવાદી હોવાને નાતે ટેક્નોલૉજીની સંગાથે છું કાગળ બગાડવો મને આમેય માફક નથી આવતો, પણ હા ગઝલની ભેજવાળી આબોહવાથી કાયમ હું તો ભીંજાતો જ રહું છું ગઝલ મને તરોતાજા બનાવે છે. એની ભીનાશને સતત આકર્ષે છે!!

ત્યજી દે સત્વરે કાગળ, તને માફક નહીં આવે,
ગઝલ છે ભેજવાળું સ્થળ તને માફક નહીં આવે,

આ કવિની ફાવટ છે પોતે નિદાન પર પ્હોંચ્યા હોય એવું લાગે છે ને નાડી તપાસી કહેતાં હોય કે તને માફક નહીં આવે એવું લાગે છે. 'આંસુ ઉપર આ કોના નખની થઈ નિશાની' કહેતાં ચિનુ મોદી યાદ આવે છે. જોત જોતામાં વરસ થશે એમને ગયે પણ હું તો કહીશ કે કોઈ નવાં શાયરની શાયરીના ખયાલ સાથે એમને ખયાલ ટકરાય ત્યારે એવું લાગે કે એ હજુ જીવે છે. આ કવિ અશ્રુજળ ને નિર્મળ કહે છે અને એની ખારાશનાં પારખાં કરીને એક અદ્ભુત શેર ઉઘાડે છે :

ભલેને સાવ છે નિર્મળ તને માફક નહીં આવે,
જરા ખારું છે અશ્રુજળ, તને માફક નહીં આવે.

તો કેટલાક અગ્રિમતાવાદીઓને તેઓ તાગે છે બચ્ચન સાહેબની વાત 'હમ

જહાં પે ખડે રહેતે હૈ વહીં સે લાઈન શુરૂ હોતી હૈ', આ કેટલાંકની ખૂબી પણ હોય છે અને એ જ ખામી પણ હોય છે. એકનું એક બાળક જેમ હંમેશાં એટેન્શન માંગે તેમ કેટલાક એવાય હોય છે કે જેઓ કાયમ બધે અગ્રેસર રહેવાની મથામણમાં જ હોય એમને પ્રથમ હરોળ જ જોઈએ અને એ બાબતે કવિ કહે છે કે :

તું ટેવાયો છે ચોક્કસ રાહ પર રહેવાને અગ્રેસર,
ભટકવું કોઈની પાછળ, તને માફક નહીં આવે.

તો તેઓ અહીં એવાય લોકોની વાત માંડે છે કે જેઓ 'દેશ તેસા ભેસ' બનાવી જાણે છે પણ લાંબા સમયસુધી એ પરિવેશને પોતાનો નથી કરી શકતા. કમિટમેન્ટ લેવલની કમીવાળાઓ માટે એક અદ્‌ભુત શેર ટાંકે છે. સદાય તત્પર ન રહેનારની અવસ્થા નિરાળી હોય છે એક ભાવને તેઓ કાયમ વશ નથી રહી શકતાં :

કદી તું ગણગણી લે શામેગમના ગીત, અલગ છે વાત,
આ રહેવું કાયમી વિહવળ, તને માફક નહીં આવે.

કવિ પોતે એસ્ટેટ બ્રોકર છે સુરતીલાલા છે માટે પૈસા ફેંકો તમાશા દેખોની રીતભાતથી પોતે વાકેફ છે. મહેલોવાળાઓની એકલતા અને એમાં પોતાની જાતને બેવકૂફ બનાવવાવાળાઓની નસ પકડી જાણે છે ને સાંપ્રત વાસ્તવિકતાથી મઢેલો શેર આપે છે નગરજીવનની વિટંબણા બયાન કરતાં બે શેઅર જુઓ :

તું તારા ફાર્મહાઉસમાં લગાવી દે ફૂવારાઓ,
વરસતી હેલી ને ખળખળ તને માફક નહીં આવે
ભલા,પાળેલાં ઝુમ્મરથી જ તારા ઘરને રોશન કર
મીંચેલી આંખનું ઝળહળ, તને માફક નહીં આવે

નવતરનું સ્વાગત કરતાં કવિ અંતિમ શેરમાં ટાંકે છે કે એ જૂનાં પીળા પડી ગયેલાં ગ્રંથોનાં પાનાંઓ ઉથલાવવાવાળાઓ નવી આબોહવાને પોતાનાં શ્વાસમાં ભરવાનો વખત આવી ગયો છે પરંતુ જેઓ પોતાની આ તાસીર બદલી શકતા નથી, તેઓને માટે ચોટદાર શેઅર ઉઘાડે છે :

તું ચાવ્યા કરજે બસ, પીળાં પડેલાં પાન ગ્રંથોનાં,
વિકસતી તાજી આ કુંપળ, તને માફક નહીં આવે.

પંકજ વખારિયા એક ઉભરી ચૂકેલા નવી પેઢીના એવા ચોટદાર શાયર છે કે જેઓને શબ્દનાં તોરણે હું આ ક્ષણે પોંખી રહ્યો છું.

# ૬

# પીયૂષ ચાવડા

ગાંધીજીનાં ચશ્માામાંથી જોતાં ચોખ્ખું ચણાક જગત દેખાય છે. ભાગ્યે જ કોઈ શહેર બાકી હશે કે ત્યાં એમનાં નામનો માર્ગ નહીં હોય! મુન્નાભાઈથી માંડીને સ્વચ્છ ભારત નામે તમને બાપુ મળી આવશે. બાપુનું બોખુ સ્મિત સરકારી બાબુઓને લાંચ લેતા જોઈને સ્મિત વેરે છે કે પછી પોતાનું કામ કરાવવા માટે લાંચ આપનારાઓની અવદશા પર હજુ નક્કી થયું નથી. ખેર બાપુની ખાદી ફેશન બની – સત્યના પ્રયોગો થયાં – તો બાકી હતી ગઝલ એ પીયૂષ ચાવડા મારફત મળી. ગાંધીજીને ગઝલમાં કંડારે છે. પણ ધડ વિંધાયાની કારમી સરહદોને પણ જોડવાનું સાહસ કરીને વાસ્તવિક શેઅર આપે છે ને રામનામનાં બિનરાજકીય સંદર્ભે વાત માંડે છે :

રોજ છૂટે ગોળીઓને, ધડ હજી વિંધાય છે,
રામના ઉચ્ચારણોથી આ જગત પડઘાય છે.

એવું કહેવાય છે કે પૂર્વજોનો જીવ જ્યાં હોય ત્યાં પણ આપણે જો કોઈ દુષ્કર્મ કરીએ તો એમનો આત્મા દુભાય. હવે આ બાબતને ગાંધીજીનાં સંદર્ભે મૂકીએ તો દેશમાં દરરોજ થતાં કઈ કેટલાંય અત્યાચારો અને હિંસાના બનાવોથી આ અહિંસાની મૂર્તિ એવા મહાત્મા ગાંધીનો આત્મા પણ ક્યાંક રડતો હશે અથવા તો દુભાતો હશે એ વાતમાં કોઈ મિનમેખ નથી. જેણે અહિંસા માટેની ચૌરીચોરાની એક ઘટનાથી આખે આખું આંદોલન સ્થગિત કર્યું એવાં વિરલ વ્યક્તિત્વ જ્યારે આ દેશની ખુનામરકીનો માહોલ જોતાં હશે, ત્યારે એમનો આત્મા કેવો દુભાતો હશે! એ વાતને ઉજાગર કરતો શેર માણીએ.

ધાડ, લૂંટો, ખૂનના કારણ બની દુભાય છે,
નોટમાંથી ચીસ જેવું રોજ કંઈ સંભળાય છે.

સૂંઠનાં ગાંગડે ગાંધી થનારાઓનો જોટો નથી,હું ઘણાંય એવાને ઓળખું છું કે જેઓનો ગાંધીવિચાર માત્ર અંગે ખાદી બની ને રહી ગઈ તો કેટલાંક નેતાઓને માથે ટોપી બનીને રહી ગયો, તો કેટલાંકની લાઈબ્રેરીના બૂકરેકમાં સત્યના પ્રયોગો થઈને શોભી રહ્યો છે. તો આગળ કહ્યું એમ ઓફિસોમાં ફોટો બની ટીંગાય છે. ફક્ત કમી છે તો આચરણમાં પરંતુ બીજી ઑક્ટોબરે એ ફોટાની ધૂળ ખંખેરી નવી સૂતરની આંટી (જો મળે તો) પહેરાવવામાં આવે છે, વૈષ્ણવજન તો એને રે કહીએ જે...ના સૂરો પૂરતા ગાંધીજીને સ્મરણ કરવાં ખાતર કરી લેવામાં આવે છે :

હાર સાથે, માત્ર દીવાલો ઉપર ઑફિસમાં,
પ્રેમપૂર્વક, રોજ ગાંધી આપણાં પૂજાય છે.

અહીં કવિ હાર શબ્દનો ખૂબજ માર્મિક અર્થ ઊભો કરે છે શું આપણે એનાથી કે એની સામે હારેલા તો નથી ને? એવો પ્રશ્ન આપણી સમક્ષ મૂકીને દૂરથી નમન કરવાની આપણી વૃત્તિને પ્રેમપૂર્વક હડસેલે છે અને આગળ જણાવ્યું એમ આચરણમાં ગાંધીજી પૂછો તો ક્યાંય નહીં? આ બાબતનો ચોટદાર શેઅર આપણને કવિ પીયૂષ આપે છે અને આગળ વાતમાં ઉમેરણ કરતાં કહે છે કે :

આચરણમાં પણ મૂકીને બહાર કાઢોને હવે,
એક ગાંધી, ચોપડીની કેદમાં હવે ગૂંગળાય છે.

ખૂબ મોટી વાત છે મિત્રો શિષ્ટવાચનની પરીક્ષાઓમાં સત્યના પ્રયોગોનાં પ્રસંગોમાં દેખાતા પરીક્ષાલક્ષી બાપુની વ્યથા છે. એક પેન્સિલનાં ટૂકડા વડે કે પછી ગોળમેજી પરિષદમાં જતી વેળા એ લખાયેલું 'છેલ્લો કટોરો ઝેરનો પી જજો બાપુ' ઝવેરચંદભાઈ મેઘાણીની કવિતાઓ થકી બાપુ ભણાવાય છે. એક લોટો પાણી લેતાં 'સાબરમતીનાં સંત'ની કથા થકી કરકસરના પાઠમાં ગૂંગળાતા બાપુને બહાર કાઢવાની વાત કરે છે, જે સમજે એને સો સલામ. અંતિમ શેર થકી કવિ આશા જન્માવવામાં સફળ સાબિત થયા છે. ક્યાં છે? અને ક્યાં નથી?માંથી ક્યાં હોવો જોઈએ અને હોય તો એની શુ અસર થાય એની વાત કવિ અંતિમ શેરમાં કરે છે :

સત્ય થોડું મેં પચાવ્યું, ને અસર બ્રહ્માંડમાં,
સ્મિત બોખું, હર કણેકણમાં હવે હરખાય છે.

કમાલ છે દોસ્ત ગાંધીજીને આજનાં સંદર્ભે જો જોવા હોય તો આ સ્વરૂપે મઢી શકાય, આખી ગઝલ ઉત્તમ બની છે. ગઝલનાં ગાંધીને મારા વંદન નખશિખ મુસલસલ ગઝલ છે, એક વિચારને પકડીને ચાલતી ગઝલ. ગાંધી વિચારની આજનાં યુગની પેશકશ બની છે. આજનાં સંદર્ભે એટલું કહીશ કે સંદર્ભોને ભેગાં કરીને વાત કરવી એ કઠીન છે કારણ લોકો સંદર્ભો વિહીન અવસ્થામાં જીવી રહ્યાં છે. સીતાનું હરણ ને હરણની સીતા એ બેવનાં ભેદને પામવા માટે મૂળે રામાયણની કથા જાણવી પડે. હવે જો રામાયણની જ રામાયણ કરવાની હોય તો સંદર્ભોને કેવી રીતે ટાંકવા! આજની મોટામાં મોટી ચૂનોતી જ એ છે કે મૂળનાં શાસ્ત્રોને કોઈ જાણતું જ નથી. આખું જગત ટેક્સબુક નહીં પરંતું ગાઈડ અને અપેક્ષિત અથવા તો આઈ. એમ. પીનું ઝેરોક્ષ કે કોપી પેસ્ટનું બની રહ્યું છે એ કરુણતા છે.

# ૯

# બેદાર લાજપુરી

ઘણીવાર એવું બને કે લોકો કવિતાઓને અલગ નજરે જુએ. કેટલાકને કવિતા વાસ્તવિકતાથી દૂર ધકેલતી હોય એવી લાગે. તો ક્યારેક કેટલાંક નાક ચઢાવીને એવું પણ કહે કે... 'ભૂખની કવિતા લખો...' અત્યાચારની કવિતા લખો કે પછી 'સાંપ્રતમાં ચાલતા વર્ગવિગ્રહની વાત કરો.' વગેરે વગેરે... ત્યારે હું કહું કે નજર ઝીણી કરો તો આ બધું જ દેખાશે. તમે પહેરેલા ચશ્માના ગ્લાસના રંગ પર તમને દેખાતા દશ્યોના રંગો આધિન છે. તો મુદ્દો લઈએ ભારત પાકિસ્તાનનો હવે કવિતાનાં સંદર્ભે એક અધ્યયન. બેવ દેશનાં મંત્રીઓ અને જે-તે કહેવાતા સંત્રીઓ જ્યારે ટેબલ પર બેસે ત્યારે વાત કરે છે, શાંતિ અને અમનની... છતાં એ શું જળવાય છે? હવે આ રાજકીય હકીકતને બયાન કરતો શેર જુઓ :

મેળ ખાતા આપણાં કઈ કેટલાંય ખ્યાલ છે,
ને છતાં ભેદાય ના એવીયે એક દીવાલ છે.

જુઓ કવિ કેવી ખૂબીથી રાજકીય પરિસ્થિતિને વાચા આપે છે. ક્યાંય કોઈનું નામ આવતું નથી પણ ગંભીરતાપૂર્વક જોઈએ તો મુદ્દાને ખૂબજ સરસ રીતે ઊંચક્યો છે. આગળ કવિ અત્યાર સુધી ન ઉકેલાયેલા એવા મુદ્દા કાશ્મીરની વાત માંડે છે. ભારતનો સૌથી વધુ ચર્ચીત મુદ્દો અને દરવખતે રાજકીય પક્ષોની ખીચડી જેની ઉની આંચે ચઢી રહી છે એની પર કેવી સરસ મજાની વાત કરે છે તેઓ કહે છે કે :

આપવા ઈચ્છું તને હું આવતી એક કાલ ને,
એય ના ભૂલી શકું કે મારી તું ગઇકાલ છે.

'ટ્રેન ટુ પાકિસ્તાન'થી માંડીને 'તમસ' નામની કઈ કેટલીય ફિલ્મોનાં દશ્યો આપણને આ ક્ષણે નજર સામે તરી આવે છે. એ ગોઝારી ગઈકાલને કવિએ શેઅરમાં માર્મિક રીતે વણી લીધી છે. બીજી તરફની લાચારી આપણે સૌ જાણીએ છીએ રાજકીય પરિસ્થિતીનો ભોગ બનેલું પાકિસ્તાન અત્યારે આતંકવાદના ભરડામાં ભરખાઈ ગયું છે ત્યાં જીવતા લોકો પણ મોતનાં ઓછાયા હેઠળ શ્વાસ લઈ રહ્યા છે અને કવિ આ બાબતને આબેહૂબ રજૂ કરતાં કહે છે કે :

તારા ચ્હેરાની ઉદાસી લાવ, હું પ્હેરી લઉં,
હા,મને એ જાણ છે કે આ સમયની ચાલ છે.

એ પછી અમેરિકા હોય કે ચીન બન્ને પાકિસ્તાનની લાચારીનો ફાયદો ઉઠાવી

રહ્યાં છે, બે બિલાડીની રમતમાં વાંદરો ફાવી રહ્યો છે. આમ સમય ચાલ ચાલી રહ્યો છે. જોકે બેવ પક્ષે આગ તો એકસરખી જ લાગી છે. જ્યાં જુઓ ત્યાં દહેશત અને ખુનામર્કીનો માહોલ છે – સીમાઓ તંગ છે. રોજે રોજ શહીદોના નામની યાદી વધી રહી છે. દેશદાઝ બન્ને પક્ષે વધે છે. કોણ પારકું છે ને કોણ પોતીકું એ સમજાતું નથી,

આ બે ધારી પરિસ્થિતીને કવિ પોતાની આગવી શૈલીથી નિરૂપે છે, બન્ને પાડોશી છે છતાં એકબીજાની સામે જોવાનાં સંબંધો સુધ્ધાં નથી અને એથી જ તેઓ જે શેઅર મૂકે છે, એ કાબિલેદાદ છે :

જોઈ લેવા દે મને પળભર તું, તારી આંખમાં,
હું ય તો જાણી શકું શું મુજ છબીના હાલ છે.

અંતે કવિ પોતાની સંવેદનાઓને અદ્ભુત રીતે બયાન કરતાં પોતે ગઝલનાં શેરમાં પ્રવેશે છે અને પોતાની વાતને મૂખર કરે છે કાશ્મીરમાં સતત બરફ પીગળતો રહે છે પણ એ છતાંય એ કાયમ સળગતું રહે છે. કહેનારાઓ એ જ કાશ્મીરને ધરતીનું સ્વર્ગ પણ કહે છે. એની સુંદરતા એટલી મોહક છે કે જોનાર તેનાં ખૂબસૂરત નજારાઓને ક્યારેય ભૂલી શકતો નથી, દહેશતના માર્યા લોકો ગભરૂ આંખોથી તેઓ એ જોયેલાં એ કાશ્મીરને ભૂલતા નથી ખરેખર કોઈપણ વ્યક્તિ કે જેણે ઉછળતી કૂદતી જેલમને જોઈ છે એ સૌ એનાં રૂપનાં દીવાના બની ગયાં છે અને આ સુંદરતાની મૂરત એ ખરેખર કુદરતનો બેનમૂન નમૂનો છે.

એક ધબકારો તને જોતાં જ ચૂકી જાઉં છું,
એ જ બસ 'બેદાર' મારી ચાહનાનો તાલ છે.

આજની આ સરસ મજાની કૃતિ મને સાંપડી એ સંપાદન ગઝલ ગરિમા ૨૦૦૪નાં અંકમાંથી મળી. સરસ મજાના સંપાદક શ્રી પંકજ શાહ કે જેઓ ગુજરાતભરનાં તેમજ ગુજરાત બહાર વસતા ગુજરાતી ગઝલો લખતાં શાયરોનું દરવરસે એક અદકેરૂં સંપાદન આપે છે તેઓ ક્યારેક કામિલ છંદમાં બધાની પાસે ગઝલો લખાવે તો ક્યારેક બધાને મનગમતી રચનાઓ મોકલવા કહે પરંતુ એમાં ચૂટેલી આવી સરસ મજાની ગઝલોનો ગુલદસ્તો બધા કર્મીઓનાં હાથમાં મૂકે આ વખતના શાયર બેદાર લાજપુરી એ બેદારના તખલ્લુસથી યુ.કે.માં બેસીને સરસ મજાનું કામ કરે છે. જોકે આ ગઝલનાં પરિપ્રક્ષને અનેકવિધ માર્મિક સંજ્ઞાઓથી ઉકેલી શકાય. પરંતુ મને આ યથાયોગ્ય લાગ્યું માટે. આવતાં બુધવારે નવા સર્જકનાં સર્જનને પોંખશું.

# ભરત વિંઝૂડા

'પરિકરથી વર્તુળ પાડોને જે આકૃતિ સર્જાય કંઈક એવી મુખાકૃતિ ધરાવતાં એક સર્જક જેનું નામ ભરત વિઝુંડા છે. અમારા ફેસબુકિયા સંબંધો. એથી નિયમિત વરસગાંઠે સામસામે બદલો વાળવાની ભાવનાએ અભિવાદન થાય એ સ્વાભાવિક છે. આ પરિચયની ભાષાઓને આજનાં યુગનાં સંદર્ભે જ્યારે જોઉં છું તો થાય છે કે પહેલાં કેવાં સંભારણાંઓ હતાં! એ વખતે એવું કહેવાતું કે મેં એમને ક્યાંક સાંભળ્યા... કે હું રેલ્વે સ્ટેશન પર મળ્યો હતો... કે અમે સાથે કવિતા વાંચી હતી... વગેરેવગેરે. એક જમાનો હતો કે એવું પણ કહેવાતું હતું કે મારી બર્થડેનાં દિવસે એમનો અચૂક ફોન આવે કે પછી મને ગ્રિટીંગકાર્ડ લખતાં કે... પણ ઓળખાણની બધી જ ભાષાઓ ફરી ગઈ છે ને અત્યારે ફેસબુક ફ્રેન્ડ કે પછી વ્હોટસઅપ ગ્રુપ કે પછી ઈન્સ્ટાગ્રામ વગેરે. યાર સાચું કહું હવે જગત એ ભાવવિશ્વમાંથી અભાવવિશ્વ બનવા જઈ રહ્યું છે. વર્ચ્યુઅલ વર્લ્ડમાં અહેસાસની બાદબાકી છે. આ બદલાતા હાવભાવને એ પોતાની ગઝલમાં ખૂબ સરસ રીતે ઝીલે છે. એ લખે છે કે –

કાલ કરતાં વિચાર જુદો છે,
આજ થોડોક પ્યાર જુદો છે.

સમીકરણો બદલાય છે. અત્યારનાં અહેસાસને ઝીલવા માટે તમારે આ બદલાતા જગતના બનવું અનિવાર્ય છે અને આ હાવભાવને જુદા તરીકે ઓળખાવે છે,

સામસામે ફૂલો જ ફેંકેલાં,
પણ પછીનો પ્રહાર જુદો છે.

કો'ક લગ્નમંડપમાં બનતી ઘટના લાગે બેવ પક્ષે ફેરા ફરતી વખતે થતા આ યુદ્ધમાં સાસરીયાં પિયરીયા કે પછી વરપક્ષ કે કન્યાપક્ષનાં મનગમતાં પાત્રો આ પ્રસંગે મુખર થાય છે એ વર-કન્યાનાં ફેરા મારફતે ગમતીલાઓનાં ઘેરાઓમાં ક્યારે પરિણમે એ કહી ન શકાય. આ પ્રકારનાં સાયુજ્યો નવાં પરિણયોને જન્મ આપે છે. અને પછી શરૂ થાય છે.. એક નવાં ગમતીલાં સાથેનો સુખરૂપ વિવાદ જે પછી આગળ જતાં દિલોને ઘાયલ કરવા સુધી પણ પહોંચી જતાં હોય છે. અને પછી જે પરિણય સર્જાય છે એની વાત પછીથી મંડાય છે ને વાત કરતાં કરતાં મારો કહેવાનો મતલબ એ હતો કે એ દિવસથી તમે મને ગમો છે અને એથી જ તો હું તમને ફૂલ મારતો હતો ને.. . એમ કરતાં કરતાં તો પછી શરૂ થાય છે મુલાકાતોનો સિલસીલો ને શરૂ શરૂમાં

જે થાય એનો એક અદ્‌ભુત શેર અહીં માણવા જેવો છે –

હું જે સમજું છું એ અલગ છે ને,
તું કહે છે એનો સાર જુદો છે.

આ બાબતની જાણ જેને થાય એને જગત સમજાય છે પણ કોઈ એક જણ નથી સમજાતું. પ્રેમની પરિભાષા વ્યક્તિ-વ્યક્તિએ બદલાય છે અને એથી કોક બોલીને વર્તાવે છે તો કોઈ મૌન પાળે છે. આ બાબતને કવિ જાણે છે અને એથી તો એ જણાવે છે,

ચાહવું તે ન ચાહવા જેવું,
પ્રેમનો આ પ્રકાર જુદો છે.

આ પ્રેમમાં પડેલાં વ્યક્તિની ભાવનાને ઉજાગર કરવાની વાતનો મિજાજ તો જુવો. ક્યારેક પ્રેમ પ્રત્યક્ષ તો ક્યારેક પ્રેમ પરોક્ષ રીતે અનુભવાય છે. ક્યાંક ધોધમાર વરસી પડે તો ક્યાંય તમને ઊંડાણમાં ખેંચી જાય. પ્રેમમાં ડૂબવું એટલે પાર ઉતરવું હોય છે,

લોહી નીકળે તો સૌને દેખાડું,
પણ અહીં મૂઢમાર જુદો છે.

પ્રેમનાં બાહ્ય અને આંતરની વાત છે અહીં અભિવ્યક્તિ છે પણ એની કેફીયત અલગ છે વ્યવહાર જગત તો એવું કહે છે કે 'દિખતા હૈ વો બિકતા હૈ' પણ પ્રેમ એ લાગણીઓનાં આંતરપ્રવાહનું સંધાન છે. હવે આ બધાની પરાકાષ્ઠાની વાત અહીં મૂકાઈ છે. આખી રચનાંમાં જો તમે ધ્યાનથી જોશો તો તમને દેખાશે કે 'જુદો છે'વાળો ભાવ આપણને એક નવા જ વિશ્વનાં દર્શન કરાવે છે. આમ જોવા જઈએ તો એક સરખું જ જીવાતું હોય છે પણ છતાં નોખામાંથી અનોખું જોવાની વાત છે. આગળ કહ્યું એમ આપણે વરચ્યુઅલ વર્લ્ડને વાસ્તવિકતામાંની ખોખલું જીવી રહ્યા છીએ. લાઈક, ડિસલાઈક કે પછી ફ્રેન્ડ અનફ્રેન્ડની જે માયાજાળ છે એની આડઅસરનાં ભાગ રૂપે પશ્ચિમી લોકો ડિપ્રેશનનાં શિકાર બની રહ્યાં છે અને એથી જ હવેનો આ વિકારનો સાક્ષાત્કાર કરાવતાં કવિ મોર્ડન વાત સમજાવે છે :

મારે અડવું નથી જરાય તને,
મારા મનમાં વિકાર જુદો છે.

આ ન અડવું એ વિસ્ફોટ છે. અંતે એટલું જ કહીશ કે ફેસબુક પર જેનાં અસંખ્ય ફોલોઅરો છે એવાં એક વ્યક્તિની બિમારી પ્રસંગે માત્ર એનાં માતાપિતા કે પત્ની જ હાજર હોય એવાં પ્રસંગો અત્યારે નવાં નથી. ભરત વિંઝુડાની સર્જકતાને સલામ આવતાં બુધવારે ફરી મળ્યા.

# ભરતકુમાર ગોહિલ

વા જેની પાછળ લાગે એ બધું ભાવદર્શક થઈ જાય જેવા કે હસવા, રડવા, પરણવા... અરે, અરે! ભાવુક ના થશો આ તો જરા અમસ્તુ... લગ્નોત્સુક બાબત બેવ પક્ષે સરખી મહત્વની હોય છે. હવે લગન એતો ગોઠવાયેલી બાબત છે ફિલ્મોમાં જોડિયાં તો ઉપરવાલા બનાતા હૈ...થી માંડીને 'જબ કોઈ કિસી કો સિદ્દતસે ચાહતા હૈ તો ઉસે મિલાને કે લિયે પૂરી કાયનાત...' કે પછી આપણી ભાષામાં 'પાંચીકા રમતી'તી...' કે 'પછી કેસરીયાળો સાફો ધરનું ફળિયું લઈને હાલે'થી માંડીને ઘણું બધું લખાયું છે ને લખાતું રહેશે.. આજે એક ગીત જેમાં ક્યાંક વ્યંગ છે અને વાસ્તવિકતાઓ પણ જોકે વિષય તો જૂનો છે પણ માવજત નવી છે કોક અધિરાને બે ઘડીનું આશ્વાસન આપવાનું છે અને કહેવાનું છે કે ડોસી કુંવારી મરે પણ ડોસો કુંવારો ના મરે.. અને એટલે જ તો ગીતકાર ભરતકુમાર એમ. ગોહિલસાહેબ લલકારે છે કે –

થાશે, બાપલા થાશે, તારું પણ થઈ જશે;
એક બે દિ આઘું-પાછું, નક્કી પણ ગોઠવાશે
થાશે બાપલા થાશે...

ધ્રુવ પંક્તિથી જ ગીતને ઊંચકી લીધું છે ને પછીના ત્રણ બંધમાં મજાની જમાવટ કરી છે. 'થાશે બાપલાં થાશે'માં જે આશાવાદ મૂક્યો છે અને પરિસ્થિતિ એક પછી એક મૂકતા જાય છે પ્રથમ બંધમાં લગ્નોત્સુકને ભની ને ભનીયો અને ધનાને ધનિયા ની જોડીની આણ આપે છે અને પાછા ઉપરથી ઉદાહરણો જોડતાં એક આશાનું પણ ઉમેરણ કરે છે બલ્કે ભૂત તમોને સામે ચાલી પીપળાઓ ભટકાશે કહેતાં વ્યંગ રચ્યો છે જે નાસીપાસ થયેલાં ને આશા જન્માવે છે ને પાછું પેલું પરિચિત થાશે બાપલાં થાશે... કહેતા વાત આગળ ધપાવે છે :

એક બે ઠેકાણે ના પડી તો, ઉજ્જડ થઈ શું દુનિયા?
ભનીને ભનીયો મળી જ રહેશે, ધનાને મળશે ધનિયા,
ભૂત તમોને સામે ચાલી પીપળાઓ ભટકાશે..
થાશે બાપલાં થાશે...

છોકરીઓને સોળ સોમવાર અને છોકરાઓને લગ્ન વખતે મળેલા અગિયાર બુધવારનાં વ્રત પર બામણોની રેંકડીઓ ચાલે છે એટલા સમયમાં ગોઠવવાવાળા ગોઠવી દે નહીંતર તો નવો ટૂચકો તૈયાર જ હોય છે. યોગના નામે પ્રયોગો ચાલે માનતાઓ

ફળે ને જાતજાતની પગે લાગવાં લગાડવાની શરતોને આધિન છેવટે બાપલાનું ગોઠવાય. એને કહેવાતું હોય છે કે કોઈને કોઈ તો તારા માટે ઘડાયેલું જ છે અને એ સામેથી આવીને તારો હાથ થામશે.

વરત માનતા ફળશે સંધુય, તારો દન પણ તપશે;
કોઈક તારોય હાથ પકડશે, નામ કોઈ તારું જપશે,
કોક બકરો કે કોક બકરી, તારામાંય બટકાશે...
થાશે બાપલાં થાશે...

વાતને સાંભળનાર ને સાચુકલી લાગે એવી પણ હોવી જોઈએ માત્ર થાશે પર અટકી જનાર ને પછી શું થવાનું છે એનો ચિતાર આપતો અંતિમ બંધ ખરેખર ખૂબ મજાનો છે. એમાં ગૃહસ્થીનાં થોડા ઘણાં ગૃહિતો વણ્યાં છે. થોડા પ્રલોભનો જેવા કે શયન માટે ખાટલો ને જમણ માટે પાટલાની સવિશેષ વ્યવસ્થાનો ઉલ્લેખ કરી ને લગ્નોત્સુકને લાલચ આપી ને પોરસાવવાનો સરસ ભાવ ઝીલાયો છે એ માણીએ. આ સ્થિતિની સમય મર્યાદા બાંધીને પછી આ અંતિમબંધમાં પછીની સ્થિતિનો ચિતાર પણ બતાવતા મિત્ર પછી નો જે હાલહવાલ થવાનો છે તેની પણ વાત કરતા કવિ શ્રી ડૉક્ટર ભરત કથાકથિત પેલી લાડુની ઉક્તિ જોડ્યા વગર રહી શકતા નથી. એ પછી કોઈ પણ સ્વરૂપ હોય સંદર્ભો વગર વાત પૂરી કરવી નહીં-ની પ્રથાના માર્ગે ગીતકાર સરસ મજાનો બંધ આપે છે :

હેય.. ને, પછી તો ખાટલેપાટલે જ્યાં જોશે ત્યાં વટ;
બેક વરસ ઉફાણે દરિયો, ને પછી શાંત થશે ઝટપટ,
પણ પસ્તાવુંય છે જરૂરી, લાડું તુંય એ ખાશે..
થાશે બાપલાં થાશે...

સંપૂર્ણ કૃતિ જોકે કલાસિક નામના વ્હોટ્સએપ ગ્રુપની પેદાયશ હોવાથી હું આ કવિની સર્જકતાને નમન કરું છું. આ ગીતનાં માધ્યમે એક હળવા ફૂલ જેવાં સંદર્ભે જરૂર મળીશું ત્યાં લગી રજા આપશો. આપના બુધવારનો સાથી સદાય આપની સેવામાં અને હા.. મારા વ્હાલા ભાવકો આવતા બુધવારે પાછી મુલાકાત થાશે બાપલા થાશે જોકે છેલ્લા ઘણાં સમયથી પેલું ચાલ્યું છે ને નવું સોનું તમને મારા પર ભરોસો નહીં કે..??વાળી બાનીમાં ગોળ ગોળ બોલવાની પૂર્વ શરતે આવતા અઠવાડીયે ફરી મળ્યાં. ત્યાં લગી આનંદ કરો... અને હા જેઓ હજુ સુધી રહી ગયેલાની ફિલીંગ્સ સાથે આજે હું શું પહેરીને નીકળું તો મારો પ્રભાવ પડે તો એના જવાબમાં એટલું જ કહીશ કે થાશે બાપલા થાશે, તારું પણ થઈ જશે; એક બે દિ આઘું-પાછું, નક્કી પણ ગોઠવાશે થાશે બાપલાં થાશે!

# ૬

# મનહર ગોહિલ 'સુમન'

પુરાવાઓ અને ખુલાસાઓ વગેરે પ્રેમનો આધાર છે? પરંતુ એ એની હદ ન ઓળંગો ત્યાં સુધી જ બેવ પક્ષે એકબીજા માટેની વફાદારી એ વિશ્વાસનો આધાર હોય છે. મૈત્રી એ પ્રથમ શરત હોય તો જ આ બાબત માતબર નિવડે. બેવ પક્ષોની બાદબાકીનો સરવાળો એ પ્રેમની પ્રથમ શરૂઆત છે કાગળ કોરા હોય અને ભાષા મૌનની હોય તો પ્રેમ પ્રગટ થઈ શકે. આ બાબત મનહર ગોહિલ સમજે છે ને પછી ગઝલનાં સર્જનને હાથ પર લે છે અને એથી જ એ કહી શકે છે કે –

પ્રેમનો ક્યાં છે પુરાવો? મારી કને, તારી કને?
સાચવી કોરી ટપાલો મારી કને, તારી.

આંખોની અભિવ્યક્તિ આંસુ છે. આંખ એ દિલમાં ઉતરવાનો સીધો રસ્તો છે, આંખ એ ઉજાગરાથી રાતી અને જાગરણથી આભાસી લાગે છે. કવિ પોતે જાગરણ અને ઉજાગરા બન્નેનાં અનુભવી છે. માટે ભેદ પારખે છે અને એથી જ એ કહી શકે છે કે જાગરણનું કારણ અંતે ઉજાગરામાં પરિણમે છે. ત્યારે તેનો જવાબ આંખને આપવો પડે છે અને એમની પાસે બીજું કોઈ નહીં પણ આંખ પોતે ખુલાસા માંગે છે અને આ જવાબ હંમેશાં બે જણે જ આપવાનો હોય છે કારણ કે આ બન્ને પક્ષે બનતી ઘટના છે.

એક સપનું જાગરણનું ઉજાગરો આપી ગયું;
આંખ માંગે છે ખુલાસો મારી કને, તારી કને

એક જણથી હંમેશાં પ્રેમ થાય છે જ્યારે એમાં બીજો ઉમેરાય ત્યારે એ પ્રેમ મટીને પ્રણય બની જાય છે અને એમાં ક્યાંય ઓછપ નથી ક્યાંય કચાસ નથી એ બાબત બન્ને પક્ષે હોવાં છતાં ક્યાંક મનદુઃખ ચોક્કસ છે અને આ બાબત ને જો ગઝલનાં શેરમાં વણી લેવાની પોતાની આગવી ખૂબી ધરાવતો આ શાયર પોતાની આ વાત ખૂબ કુનેહથી રજૂ કરવાની હથોટી ધરાવતા મનહર ગોહિલ આપણને આવો સરસ મજાનો શેર આપી જાય છે –

એક પણ ઠોકર પ્રણયના રસ્તે કદી વાગી નથી;
તો ય ઘાયલ છે! જવાબો? મારી કને, તારી કને.

આ ગઝલમાં કનેની અભિવ્યક્તિ એ આકર્ષણ જમાવ્યું છે. અહીં કને એ કનડગત રૂપ નથી પરંતુ ભાષાના પોતને ઉઘાડનારું એક અનોખું માધ્યમ બની રહે છે. સામાન્ય

અર્થ 'કને' યાને પાસે એવો થાય છે, પરંતુ છંદોવિધાન જાળવનારા આ કવિએ રોજિંદા વપરાશનો શબ્દ કને યોજીને અનોખી આભા રચી છે. સરળ અભિવ્યક્તિ અને પોતીકી રીત ભાત વાળી સંઘેડા ઉતાર અનેક વિધ રચનાઓ આપવાની મનહર ગોહિલ સાહેબની ફાવટ છે આ નવા છલકતાં ઝાંઝવા સંગ્રહમાં તેઓ એ ઘણી બધી આ રીતની બોલચાલની બાનીની ગઝલો આપીને ભાવકોને મંત્રમુગ્ધ કર્યા છે. આંખોથી શરૂ થતી પ્રેમના અભિસારોને ચીંધતી આ ગઝલની રવાની એટલી નોખી અને નયનરમ્ય છે કે જે આપણા ભાવ વિશ્વને સરસ રીતે ભાવન કરાવે છે. હવેનાં શેરમાં આંગળી ચીંધવાની વાત કરીને હિંમત દેખાડવાની આભા ઉપસાવે છે અને કહે છે કે હિસાબો માંગતા જમાનાની કે કોઈ વ્યક્તિ વિશેષની વાત કરતાં તેઓ કહે છેકે સહેજેય ગભરાવવાની જરૂર નથી. કારણ કે એ પ્રેમ કરનારાની ખુમારીને તાગે છે અને પોતાની જાતને અને સામેવાળા પક્ષને નિશ્ચિંત રહેવાનું જણાવે છે.

આંગળી ચીંધી શકે એ હિંમત નથી એની હજી;
શું પછી માંગે હિસાબો? મારી કને, તારી કને.

અંતિમ શેરમાં મનહર ગોહિલ સાહેબ પોતાનાં તખલ્લુસની પાસે કેવું કામ લેછે એ તપાસી એ તેઓની કેળવાયેલી સમજનો ઉપયોગ કરતાં કવિ 'સુમન' પોતાનાં આગલાં શેરમાં એક બાબત નોંધે છે કે તેઓ એ જાણે જ છે કે ક્યારેય જલની રાશી ઈતર વસ્તુઓને પોતાની ભીતર સમાવતી નથી અને એટલે જ એ પછી ડુબનારની લાશ હોય કે ચઢાવેલાં સુમન એ હંમેશાં તેને કિનારે ફેંકી જ દે છે. આ વાસ્તવને પોતે પામી ગયા છે. તેઓ એ બાબતને આગવી રીતે ઉપસાવે છે. સરસ મજાનું અવલોકન આ કવિ ગઝલના માધ્યમે યોજીને લોકભોગ્ય બનાવે છે એનો આનંદ છે. પોતાના પ્રેમનાં કિનારાને છિછરો જરાય ગણતા નથી કિનારા હોવો અને એ પણ ઊંડો હોવો એ વાત સૌને રોમાંચ પમાડનારી બની રહી છે.

ડૂબવા મઝધારમાં જાવાનું 'સુમન' પોષાય નહીં;
પ્રેમનો ઊંડો કિનારો મારી કને, તારી કને.

મનહર ગોહિલ સાહેબજી 'સુમનજી' પોતે ટેલરીંગનું કામ કરે છે તો ગઝલને તો નોખા વાઘા પહેરાવે જ નેક! પૂર્વે તેઓ એ ૨૦૦૯માં જખ્મોનો જીણોધ્ધાર આપીને ઉપકૃત કર્યા જ છે. એની નોંધ લેવી જ રહી.

# મહેશ રાવલ

હશે-થશે-લગભગ-કદાચની શક્યતાઓમાં આપણે જીવી રહ્યા છીએ ત્યારે આપણને કોક આવીને સાચુકલું કશુંક બતાવે ત્યારે આપણે એને માનવા તૈયાર હોતાં જ નથી. જીવાતું જીવન અને સમજાતું જીવન એકબીજાની હરીફાઈમાં લાગેલું છે એવાં સમયે કોઈ કવિ આપણને પોતાની કલ્પનાશક્તિ વડે વાસ્તવિકતાની ધરતી પર ઉતારે ત્યારે આપણે પોતે ખાતરી કરવા માટે આપણને પોતાને એક ચૂંટી ભરી લેતાં હોઈએ છીએ.

આજે મારે તમારી સમક્ષ એક એવી રચના મૂકવી છે કે જે આપણને આ બધીજ શક્યતાઓની પાર સુપેરે લઈ જશે અને તમને ખરેખર એવું થશે કે આ તો અમે ક્યારેય વિચાર્યું જ નહોતું. આમ તો ક્યારેક એવું થાય કે આ બધું અંતે ક્યાં સુધીનું છે? તો એનો જવાબ મળે કે આપણે માનીએ છીએ ત્યાં સુધી નું કે પછી આપણે જાણીએ છીએ ત્યાં સુધીનું છે,

બધું લગભગ તથા અથવા સુધીનું છે,
અને અથવા સ્વયં, ગણવા સુધીનું છે!

આ ગણવા સુધીનું છે પછીનું આશ્ચર્ય આપણને જીવાડે છે. કવિ ડૉક્ટર મહેશ રાવલ ખૂબ સુંદર અભિવ્યક્તિ દ્વારા આપણી અંદર પડેલી શક્યતાઓને તાગે છે તેઓ આગળનાં શેરમાં જે વાત મૂકે છે એ જરા અલગ પ્રકારની છે બાળપણમાં આપણે કાગળની હોડી બનાવતા ને ઘર પાસે ચોમાસાના કારણે વહેતા પાણીનાં પ્રવાહમાં તરતી મૂકતાં ને પછી એ જ્યાં સુધી ન પલળે કે જ્યાં સુધી એનું અસ્તિત્વ આપણી સમક્ષ મોજૂદ રહે ત્યાં સુધી આપણે એની સાથે જોડાતાં ને પછી યાતો કોક અલગ કાર્યમાં જોડાતા કે પછી એ વિસ્મયને ભૂલી જતા. કંઈક આવી જ ક્ષણભંગુરતાવાળા આ જીવનરૂપી આયખાની વાત અહીં એ જ જૂનાં સંદર્ભનો ઉપયોગ કરીને કવિ આપણને આ અલાયદો શેર આપે છે :

મળી છે નાવ કાગળની બધાને અહીં,
જેનું હોવું ફક્ત તરવા સુધીનું છે!

નવું આશ્ચર્ય અને ચીરકાલિન અનુભૂતિની પરિકલ્પના કરાવનાર કવિ ફરી એક નોખી રીતે નવી વાત કરે છે ક્ષણભંગુરતાની નવી દિશા ચીંધનારા આ કવિ ફૂલોનો સહારો લે છે અને તેનાં જીવનની લાક્ષણિકતાનું બયાન કરતાં એક નવો શેઅર જન્માવી

ને આપણને મંત્રમુગ્ધ કરી નાખે છે અને સમજાવે છે કે –

બગીચે હોય કે રણમાં ખીલેલું, પણ,
મુકદર ફૂલનું ખરવા સુધીનું છે!

એવું ઘરડાઓ ભૂતકાળમાં કહી ગયા છે કે જ્યારે તમે મુશ્કેલીમાં હો ત્યારે તમારી બાજુમાં જે હોય તેને તમારે તમારો મિત્ર ગણવો. આ અનુભવે સિદ્ધ બાબતને કવિએ આગળનાં શેરમાં આત્મસાત કરી હોય એવું લાગે છે, કચ્છનાં ભૂકંપમાં જમીનદોસ્ત થયેલા કંઈ કેટલા કાટમાળોમાંથી કોકના કાને પડેલો શબ્દ બચાવો કે પછી કોઈનાં રૂદનની કણસ સાંભળીને જે તે અજાણ્યાને બચાવવા માટે દોડી આવેલા લશ્કરોની યાદ તાજી કરાવે એવો હૃદયસ્પર્શી શેર આપણને મળે છે –

નિયત અંતર નિકટતાનું હશે બસ, એ,
જે અંતર સાદ સાંભળવા સુધીનું છે,

તો આગળ જતાં માનવીની પોકળતાની વાત પણ ખૂબ સૂપેરે કરી છે. અડીખમ દેખાતા ઘણા લોકો ક્યારેક સમયે પોકળ સાબિત થતા હોય છે, ચોકની બરળતા એ આનું ઉત્તમ ઉદાહરણ છે. કવિ પોતાની બાનીમાં પોતાનો મિજાજ મૂકે છે ને કહે છે કે –

બધાં, એ કાન ખોલી સાંભળી લેજો!
બરડનું બળ ફક્ત, વળવા સુધીનું છે.

અહીં ભાષાકર્મની નજાકત જુઓ આશ્ચર્ય ચિહ્ન એ સાંભળી લેજો પછી મૂકાયું છે જ્યારે બરડનું બળવાળું એ સર્વ સ્વીકૃત વિધાન વાક્યની માફક મૂકાયું છે. કવિતા એ એના ભાવોથી બરોબર વંચાય તો આંખો ઉઘડી જાય નહીં તો કદાચ આ બધા ભાવો ઉઘાડી આંખે પણ નજર અંદાજ થઈ જાય એવું બને. આગળનાં શેરમાં સૂર્યની વાત મૂકી ને એક નવો જ આયામ ઉગાડ્યો છે. એક સરસ વાત કરું કે આથમતા સૂરજે જ્યારે બધાને પૂછ્યું કે, હું આથમી રહ્યો છું ત્યારે બધા આગિયાઓ એ ભેગા થઈને કહ્યું કે, અમે નિશાના અંધારમાં પથદર્શકો બની રહીશું. પરંતુ દરેકે પોતાનાથી બનતું કરી છૂટ્યા પછી અંતે પરમકૃપાળુ ઈશ્વરેચ્છાને જ આધિન થવાનું છે એની સુંદર અભિવ્યક્તિ કરતો શેઅરના,

વલણ કૂણું તમારું આગિયા પ્રત્યે,
સૂરજનાં ઊગવા-ઘગવા સુધીનું છે!

આ બધામાં 'સુધીનું છે'નાં વિધાનો અને આશ્ચર્યની વચમાં અંતિમ ચરણમાં એક અદ્ભુત આત્મશુદ્ધિનો શેઅર આપણને મૂકી આપે છે અને વાસ્તવિકતાની ધરતીની જમીનનો શેર આપે છે અને કહે છે કે –

ધજા છીએ ‘મહેશ’ કેવળ ધખારાની,
ફરકવું આપણું બસ ‘વા’ સુધીનું છે!

કવિ ‘વા’ પ્રયોજીને શ્વસવા સુધી આપણને દોરી જાય છે. આ અદ્‌ભુત ગઝલ દ્વારા તેઓ આપણને ક્યાંથી ક્યાં સુધી લઈ ગયાં એ તો આપણે જ જાણીએ છીએ અંતે એટલું જ કહીશ કે કવિનું બધું લગભગ તથા અથવા સુધીનું બધું સાર્થક!

# મંગેશ પાડગાંવકર

જેમનાં હૃદય વૃક્ષોનાં
તેમને જ ફક્ત ફૂલો આવે;
તે જ વધે, પ્રકાશ પીએ,
તે જ મૌસમ ઝીલી લિયે.
તેમને ગરજ હોતી નથી
વ્યાખ્યાનબાજ કંઠોની;
કાન બહેરા કરે એવા
આધ્યાત્મિક ઘંટોની.

તેમને માણસ સીડી નથી
પગ મૂકીને ચડવાની,
તેમની સોડમાં જગા હોય છે
હારેલાને છૂપાવાની,
તેમને સહેજે સમય નથી
સત્તા પર પણ થૂંકવાનો;
ભોળો ભોળો તડકો તેમને
ખભે બેસી કૂદવાનો
જેમનાં હ્યદય વૃક્ષોનાં
તેમને જ ફક્ત ફૂલો આવે;
તે જ ફક્ત ગુચ્છા જેવા
ચોમાસને સૂંઘી લિયે

ઊર્મિકાવ્યોનો યુગ ક્યારેય વિસરાયો નથી કે નતો કદી વિસરાશે. આજે મરાઠીનાં મંગેશ પાડગાંવકર સાહેબનાં સુરેશ દલાલ સાહેબે કરેલાં અનુવાદની વાત કરવાનો અવસર મળ્યાની ધન્યક્ષણની ઉજવણીમાં આપ સર્વેનું હાર્દિક સ્વાગત છે. કુલ પાંચ એવા બંધમાં રચાયેલું આ ઊર્મિકાવ્ય એ ખૂબજ સરળ ભાષામાં સરળતાની વ્યાખ્યા કરી આપે છે. થોડા વરસો પૂર્વે મને કોઈએ પૂછ્યું મિત્ર એટલે શું? તો એનાં જવાબમાં મારા એક મિત્રનાં નામથી વિશેષ કશુંજ ન બોલી શક્યો. માણસે શું બનવાનું છે

એની વાત કરે છે તેઓ પ્રથમ બંધમાં કઈક એવું કહેતા લાગે છે કે પરોપકારી બનો.

સાવ સાદી રીતે નહીં પરંતુ તેઓ તમોને વૃક્ષસમ હૃદય એવું કહીને વાતને બાંધે છે. આ કવિકર્મની સિદ્ધિ છે તેઓ કહે છે કે જેનું દિલ વૃક્ષસમ છે, તે પોતે ફૂલે ફલે છે, તેમાં અવનવી રીતે પીમળવાની શક્યતાઓ મોજુદ છે. પ્રકાશ પીને મૌસમને ઝીલવાની જે કળા વૃક્ષમાં છે એનું સ્થાપન કરે છે. હું અહીં એવું કહીશ કે તેઓ સજીવારોપણથી વૃક્ષારોપણ કરે છે. આ પછી જે સામાન્ય માણસોનાં આનુવાંશિક લક્ષણો હોય છે એની વાત કરે છે તેઓ પછી પોતાના પોતે વિકસે છે અહીં બીજા બંધમાં ખોરાકની વાત કરી છે આજે માણસ સોશિયલ મિડીયા હોય કે પછી ટીવી મીડીયા બધે બાબાઓ અને સાધુઓનાં પ્રવચનોનો રાફડો ફાટ્યો છે સદાય ધર્મોપદેશ પીરસનારા ઓ અને ધર્મને નામે ધતીંગ કરવાવાળાઓની જરૂરત નથી હોતી તેઓ કહે છે કે સમાજમાં આ બધાનો સહારો શિથિલ મનોવૃત્તિ ધરાવતા લોકો જ લે છે. બાધા આખડીને વ્રત વચનવાળાઓ જો પોતે લેબોરેટરીમાં પોતાનો સમય કાઢે તો ચોક્કસ પોતાનું અને જગતનું કલ્યાણ કરી શકે. જેમનાં હૃદય વૃક્ષોનાં હોય છે તેઓમાં ક્ષમા વીરસ્ય ભૂષણમ જેવા ગુણોથી ભરેલાં હોય છે તેઓ હારેલાઓને છડેચોક હાંસી પાત્ર બને એ પહેલાં તો પોતાની વિશાળતામાં ક્યાંક છૂપાવી દેતા હોય છે અથવા તો એવું કહેવા માંગે છે કે તેઓની સાથેનાં વ્યહારમાં પણ તેઓ ક્યારેય કશાથી હાર્યા છેનો અનુભવ તેઓને થવા દેતા નથી બલ્કે તેઓ સદાય તેઓનાં પથદર્શક બની ઊભા રહે છે આવા ઉમદા વ્યક્તિઓનાં અન્ય લક્ષણોમાં તેઓ નોંધે છે કે આવા વિશાળ હદયનાં વ્યક્તિઓને સત્તાનો નથી મોહ હોતો કે પછી નથી હોતો કોઈપણ પ્રકારની હરીફાઈની વૃતિ એ તો સૌને સાથે રાખીને આગળ ચાલવાનું પસંદ કરે છે એ સામેવાળાને ટીમ પ્લેયર તરીકે જુએ છે નહીં કે હરીફ તરીકે ક્યાંય કપટને સ્થાન નથી બલ્કે સતત આગળ વધવાની અને પોતની આ સુવાસ ને મોઘમ ફેલાવવાની જ વાત છે. કવિ બે બંદોમાં સર્વોદયની વાત કરે છે અને નિર્લેપ રહીને જીવનારાઓ માટે આદરભાવ રાખવાનું જણાવે છે. કવિએ જે ગુચ્છાઓનાં ફલની વાત કરી છે એ કઈ સામાન્ય બાબત નથી એ તો દ્વેષ ભાવને ત્યજીને સમભાવમાં ઉતરવાની વાત છે અહીં સહજ સમાધીની વાત છે બંગાળના યોગીઓની વાત 'યોગીકથામૃત'માં થયેલી છે એનો એક પ્રસંગ અહીં મૂકવાનું મન થાય છે કે બાલ્યાવસ્થામાં ગુરૂમાતાને જ્યારે એવી ખબર પડે છે કે તેઓની કામવાળીને પૈસાની વધારે જરૂરત છે. તે સમયે પોતાનાં ધણીને પણ એ પૂછવા ન રહેતાં તેની જરુરિયાત સંતોષવાનું વધારે મહત્ત્વનું સમજે છે, ત્યારે આપણને ખરેખર એવું થાય કે આ માતાને ધન્ય છે અને આવા ના પેટે જ યોગીઓ જન્મે અને જેઓ ક્રિયાયોગમાં પોતાની સિદ્ધિઓ દ્વારા સૌને પ્રેરણા આપે. આજે આ બહાને આ વાત નીકળી જ

છે તો આ પ્રકારનાં વ્યક્તિત્વો જે પુસ્તકમાં ભર્યા પડ્યાં છે એવું આ પુસ્તક યોગાનંદ દ્વારા લખાયેલું છે પણ મને એક સવાલ જે આ પુસ્તક વાંચતાં ઊઠ્યો હતો એ કાયમ રહેશે જ કે આ બધા યોગીઓએ સમાજોપયોગી કાર્યો કેટલાં કર્યાં?

# મિત્તલ રાજગોર

લય એ જીવન છે. ગીતનો પ્રાણ છે. કોઈ ગીતનો લય આપણને સ્વાભાવિક એની સાથે બહેલાવે ધારો કે ‘ધીમે ધીમે ઢાળ ઉતરતી ટેકરીઓની સાથે સહિયર તમને ફુલ દીધાંનું યાદ’ કે પછી ‘આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે’થી માંડીને ‘કૂંચી આપો બાઈજી’ કે પછી ગરબા તરીકે પોંખાયેલું ઇંધણા વીણવા ગઈ’તી મોરી સહિયર... હું કાયમ કહું છું ને કહેતો રહીશ કે ફોટો પડયાની બીજી જ ક્ષણે તમે મોટા થયેલાં હોવ છો. આજે જે કવયિત્રીની વાત અહીં કરવા જઈ રહ્યો છું એ છે ‘એકાંત’ એ જે નામ નથી પણ અહેસાસ છે મિત્તલ રાજગોર ઉર્ફે ડૉક્ટર, મિત્તલ મકરંદ શુકલ. જેમણે ગીતનાં કેમેરે ક્ષણને જકડી છે. આજની ગીતરચનામાં ધ્યાનાર્ષક એ એનું વિષય વસ્તુ છે. ઉઘાડ એકદમ લવચિક છે તમને સમજાય પણ નહીં કઈક એવી રીતે એ તમને એની રવાનીમાં ખેંચી જાય છે :

> આ જતી પળને જકડ, કાં આવતીને પકડ...
> પળ એ પળની પકડા-પકડી, ખેલે દોડ-પકડ,
> એક વારનું ખેલી નાંખો, પતે રો-કકળ.

ધીન ધીનક ધીન.. ધીનક ધીન ધીન જેવો લય છે જકડ પકડ પકડા પકડી રોકકળની મજા જુઓ. વાત કદાચ સામાન્ય લાગે પણ એમાં છૂપાયેલી વાત નોખી છે પળને જકડવાની વાત છે અને જો એ સરી જાય તો પછી આવતીને પકડવાની કોશિષ કરતાં થતી પકડા પકડીની રમત રમવાની. આ રમવું ને ખેલદિલી રાખવાની હારજીત માટે નહીં પણ રમત માટે રમત રમવાની વાત છે. હારી જવાય તો ય અંતે બધુ ભૂલી જઈને છેલ્લે હાથ મિલાવીને છૂટ્ટા પડવાની વાત છે. અહીં સમયને ભીંસમાં લીધો છે કવયિત્રી પોતાની પકડ મજબૂત કરતાં શ્વાસની રમતનો શેર આપતાં આપણી ભાષાનાં મુર્ધન્ય શાયર ચિનુ મોદી સાહેબનો શેર યાદ કરાવે છે ‘આ શ્વાસની રમતમાં હારી ગયો છું તોપણ, મારા ઘરે પધારો ઓ ગંજીફાની રાણી!’ અહીં રમતમાં રહીને પર થઈ જવાની વાત છેડાઈ છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ સંવેદનનો ફોટો પાડીને મૂકે છે :

> દાવ સમયનો ચાલે, કદી દાવ લે શ્વાસ,
> હાંફ ના-કૈં કર્યાનો, ને કૈંક કર્યાનો થાક!!
> કોણ થાકી બેસી પડશે, કોણ રમશે સજ્જડ!?...
> આ જતી પળને જકડ, કાં આવતીને પકડ..

મનની ગતિને સમયની ગતિ સાથે જોડવાનો ફર્ક આજની પેઢીની કવયિત્રીઓમાં છે, એ મનસા વાચા અને કર્મણા પોતાની જાતને પ્રામાણિક રહીને કંઈક નવું કરી બતાવવાની હામ ભીડે છે, તૈયારી છે, તત્પરતા છે, સાહસ છે, આત્મગૌરવ છે. કલ કરે સો આજ કર આજ કરે તો અભી-ની તાલાવેલી છે. અંતિમ ચરણમાં વર્ષા,વર્ષો,વરસી ચાલ્યા બાદ અકકડ પછી નું આશ્ચર્ય એ કવિ કર્મનું કૌવત છે.

આજ, અભી, સબ કરવાનાં.... ક્યાં ઘડીમાં મારવાનાં?
મનનાં, વનમાં ઘોડા થઈને, ચિતર, વિતર ચરવાના,
વર્ષા, વર્ષો, વરસી ચાલ્યા, પણ આ માંકડું અક્કડ!...
આ જતી પળને જકડ, કાં આવતીને પકડ...

છેલ્લા બંધની બારીકાઈ અદ્‌ભુત છે ટીપેટીપે સરોવર ભરાય એવું જાણનારાઓ માટે પ્રયુક્તિ મૂકી છે. અહીં કર્મની વાત છે. માઈક્રોમાંથી મેક્રોની ગતિ છે. ભાગ્ય સાથેની ટક્કર છે. તો અસ્તિત્વ માટેની આ લડાઈમાં પોતે રાખેલી ખેલદિલીની વાત છે. જીવનના ઉતાર ચઢાવમાં ખભે ખભો મિલાવવાની વાત છે. પોતાના સંગદિલની સાથે આજીવન રાખેલી મિત્રતાનો ભાવ છે. એકમેકનાં પડખે ઊભા રહીને સદાય સાથે જીવવાની જિજિવીષા છે. તો જે મળ્યું છે એને સ્વીકાર કરીને ક્ષણોને મનભરીને ઉજવવાનાં ઓરતાં છે. અહીં મનોરથ છે. અહીં ખેલમહાકુંભ છે. અહીં થાગડથીગડ ખેલાડીની ખેલદિલી સાથે જાતને ઝળાહળ કરતો આત્મવિશ્વાસ છે.

છે ટીપે-ટીપે ભરીયુ,ને કર્મોનું નીચે તળિયું,
રેખા ઉપર હંકારેલું, કિસ્મત નામે બળિયું.
હું થાગડ-થીગડ ખેલાડી, પણ જાત, ઝળાહળ ફક્કડ!...
આ જતી પળને જકડ, કાં આવતીને પકડ...

કવયિત્રીની ભીતરનાં આકાશમાં જન્મેલી ઉડાન માટે સજ્જ એવી આ ગતિ એ આ ગીતનો પ્રાણવાયુ છે. એની ગતિ એ પોતે એનો મિજાજ છે. હાલ કેટલીક નવી કવયિત્રીઓમાં ડૉ. દિના શાહ, પારુલ મહેતા, એશા દાદાવાળા, મિનાક્ષી ચંદારાણા, રીનલ પટેલ જેવાઓનાં કાવ્યગઝલ સર્જનો આપણી નજર સામે છે જેમાં પરંપરાની સાથે આધુનિકતા બેવને સમાન દરજ્જો બક્ષવાની હામ છે. ગાયત્રીબહેન મહેતાનાં ગીતોમાં તળપદો અસબાબ 'પાણિયારે' જેવી રચનાઓ છે, તો એશા દાદાવાળાની કલમે પ્રેશરકૂકર જેવી સંદિગ્ધ રચનાઓ છે તો મિત્તલ રાજગોર 'એકાંત'ની રચનાઓમાં મોલમાં ચકલીએ માળો કર્યો જેવી કૃતિઓ ધ્યાનાર્ષક છે. બે હજારની સાલમાં એમણે 'કાવ્યકળશ' જેવો સંગ્રહ મૂક્યો હતો જેને બે ત્રણ પારિતોષિકો પણ મળ્યાં હતાં તો હવે પછી અગામી સંગ્રહ 'ઈનફાઈનાઈટ' એ હવે ટૂંક સમયમાં આવનાર છે જેમાં તેઓ સાહસથી શઢને હંકારવાની વાત લઈને આવે છે જેની આતુરતા છે.

# મિલીંદ ગઢવી

મારા કેટલાક દિલેર મિત્રો એવાંય છે કે જેઓ ફક્ત ચાર શેઅરની ગઝલો આપે. મને ત્યારે થાય કે એ બધા કેટલા સમજુ છે! પોતે જાણે કે ક્યાં અટકવું! આમેય હવે એક પંક્તિ ઓછી છે એવી કૃતિ હાથ ચઢી છે તો થોડી વાત કરું. મૈત્રી થવાનાં કારણો દરવખતે જુદા હોય છે. એકવાર એવું બન્યું કે સભાખંડ સુગમ સંગીતના રસિયાઓથી ભરેલો હતો. હું ત્યાં પહોચ્યો. જગ્યા શોધતો હતો કોર્નરની એક સીટ સ્ટેજની નજીકમાં ખાલી હતી. ખાલી જગ્યાની બાજુનાં સીટવાળાને વિવેક કરીને મેં પૂછ્યું અહીં કોઈ આવે છે? તો એ કહે હા... તમે ને હું ગોઠવાઈ ગયો! વાતમાંને વાતમાં અમારા બન્નેના ઘણાં શોખ સરખા નીકળ્યા. એ કાર્યક્રમની ફળશ્રુતિમાં એક દોસ્ત મળ્યો. એનું નામ નિમીષ શાહ અંતે મિત્રતા એવી જામી કે અમે અત્યારે એક સારા દોસ્ત છીએ, તેઓ પોતે રેડિયો દિલ નામની એડિસન ન્યૂ જર્સીમાં સવારે આઠથી દસમાં એ વર્ડ ઑફ ધી ડે-ન્યુઝ અને થોટ ઑફ ધી-ડેની વાત કરે છે તો સાંજે આઠથી રાતના દસમા એ શેરો શાયરી-ગઝલો અને જૂનાં ફિલ્મી ગીતોની વાત કરે છે. જો કે આ સમય ત્યાંના લોકો માટેનો છે. એ આમ તો રેડિયો જોકી હોવાનાં કારણે બધામાં અનોખા તરી આવે એવી પ્રકૃતિના છે. અમારી સીધી લીટી દોસ્તી છે. એમની સાથે વાતો કરવાની મજા આવે છે. પોતે વર્લ્ડ લિટરેચરનો જાણકાર હોવાથી એની વાતો વૈવિધ્ય સભર તો હોય છે. પોતે તેઓ એક સારા નાટ્યકાર હોવાનાં નાતે થિયેટરની વાતોથી પણ મન બહેલાવી જાણે છે. એમનાં ઘરે ક્યારે પ્રથમવાર ગયો હતો એ તો યાદ નથી પણ એમના ઘરે વારંવાર જવાનું બને છે. એમની સાથેનાં સંબંધનું એક બીજુ કારણ એ પણ છે કે એમની લાઈબ્રેરી ખૂબ સરસ છે. મારા મિત્રો બનવાની આ એક લાયકાત હું આ પણ ગણાવી શકું કે જો તમારી લાઈબ્રેરી મને ગમે તો તમે મારા દોસ્ત બની શકો, એ વાત નિઃશંક પણે કહી શકાય. એકવાર એમની સાથે રણુ જવાનું થયું તો એમણે મને સિલ્વેસ્ટર સ્ટેલોનની 'રોકી' નામની ફિલ્મની વાત કરતાં કહ્યું હતું કે જ્યારે સિલ્વેસ્ટ સ્ટેલોન નાં એક ઈન્ટરવ્યુઅરે એમને પૂછ્યું કે હવે તમે રોકી જેવી ફિલ્મો કેમ નથી લખતા? ત્યારે સિલ્વેસ્ટર સ્ટેલોને એનો જવાબ ખૂબ સરસ આપ્યો હતો કે... 'એ વખતે હું હાડમારીવાળું જીવન જીવતો હતો અને હવે હું મિલીયોનર છું.' એ ફિલ્મમાં એ વખતની મારી સચ્ચાઈનું બયાન હતું. હવે મારી એ હકીકત રહી જ નથી આવો જવાબ કોઈ સાચો કલાકાર જ આપી શકે. જોકે આ વાત મને નિમિષે કહી હતી એ રણુની સફરમાં અમારી એકવાત એ પણ થઈ

હતી કે કોઈપણ કલાકાર શરૂઆતનાં વરસોમાં જે કઈ પણ કરે છે તે બધી એની પ્રેક્ટિસ હોય છે. એનાં આધારે એ પછી ધીમે ધીમે સિદ્ધ થાય છે ને પછી પાકટ બનતો હોય છે પરંતુ પછીનાં એટલે કે પાછળનાં વરસોમાં ફરી પાછી પેલી એની મૂળ સ્ટાઈલમાં એ આવી જતો હોય છે. ખરેખર એ વખતે મને એ વાત એટલાં માટે સાચી લાગી હતી કારણ કે મેં વાન દ ગોનાં પેન્સિલ સ્કેચ જોયાં છે અરે એમ.એફ. હુસેનનાં પેન્ટિંગોમાં પણ સમયાંતરે ફરી પાછા એમનાં શરૂઆતમાં દોરેલા ચિત્રોની ભાત મળી આવેલી જોવાં મળી જ છે. આ વાત કરવાનું પ્રયોજન માત્ર એટલું જ છે કે આજનો જે શાયર છે એની ખૂબ સુંદર ગઝલો આપણે સૌ માણી રહ્યાં છે પરંતુ શરૂઆતનાં વરસોમાં એણે કેટલીક આવી પણ ગઝલો લખી છે એ કવિમિત્ર છે મિલીંદ ગઢવી. અત્યારે આ નામ ગઝલ ક્ષેત્રે પંકાયેલું છે. પૂજ્ય મોરારિબાપુ પણ જાહેર કથાઓમાં એની ગઝલો બોલે છે એવા મિત્રની શરૂઆતની ગઝલનાં કેટલાંક શેઅર આજે માણીએ. આ કવિતામાં 'જેવી છે' કહીને શક્યતાને તાગવાની વાત કરવામાં આવી છે,

આંખમાં રે'છે, નીર જેવી છે,
શાયરીનાં રૂધિર જેવી છે.

ક્યારેક કશું સામ્ય જોયું કે તરત જ મનમાં જેવી છે – જેવું હતું કે જેવું હશે એવા શક્યતા વાચક ઘણા ઉદ્ગારો આકાર લે છે. પણ જેવું એ સતત સામ્યતાનો પર્યાય બને છે એવું ય નથી. ક્યારેક શક્યતાનો આભાસ પણ બની રહે છે. વાંચવું એ પણ એક કળા છે આ બાબતે 'કઠપૂતળી' નામક ગઝલસંગ્રહ જે એક ખરેખર વસાવવા જેવું પુસ્તક છે એના સર્જક વિવેક કાણે સાહેબે સરસ ઉદાહરણો થોડી શાસ્ત્રીય વાત-માન્યતાઓ અને નીતિ વિશેમાં કરે છે એ એમનાં જ મત્લામાં કરે છે,

મનના સાવ અંગત ખૂણે સાચવ મને,
જેમ કૃષ્ણાને વસે માધવ મને
અહીં સાવંગત એવો વિકૃત ઉચ્ચાર નિવારવા આમ કર્યું
મનનાં બહુ અંગત ખૂણે સાચવ મને.

અહીં આ નિર્દેશ એટલા માટે જરૂરી છે કે તમે આંખ મારે છે એવું વિકૃત ન વાંચો અને રે અને છેની વચમાં જ્યાં અટકવાની જગ્યાને જાણો. અસ્પષ્ટતા સૂચક ઉલા મિસરો જુઓ ક્યાંય કોની વાત છે એ ઉકેલાતી નથી. બસ ફક્ત આપણને ભાવવિશ્વના દ્વારે ઊભા કરી દે છે. આંખમાં છબી પણ રહી શકે. આંખમાં બીજું એવું ઘણું રહી શકે જેને આપણે નીર સાથે સરખાવી શકીએ. અને સાનીમાં તેઓ જણાવે છેકે શાયરીનાં રૂધિર જેવી છે. આપણને અહીં શાયર કશું જ ન કહેતા ઘણું

બધુ કહી જવાની એક સાર્થક ચેષ્ટા કરે છે. ખાવા પિવાની વાનગીઓ ગીત ગઝલોમાં ધરેણાં કે લટકાની જેમ પીરસાતી રહી છે. તું વડોદરાનો લીલો ચેવડો કે સુરતની છે ઘારી તું ગરમ મસાલેદાર મીઠી મીઠી.. હોય કે પછી ફિલ્મોમાં લોકોનાં મોઢે ચઢેલી જલેબીબાઈ હોય. આવી જ એક સરસ મજાની ચેષ્ઠા અહી ં કવિ તાગે છે ને આપણને કહે છે કે –

આમ મીઠી છે ખીર જેવી છે,
આમ ટિક્કા પનીર જેવી છે.

શું એ યાદ હશે? કે પછી સાચે જ કોક મનગમતી છોકરી હશે! કે પછી શું હશેની કલ્પના આપણે જ કરવી રહી પણ હા એ વાત નક્કી છે કે જે કઈ હશે એ ખીર જેવી ગળચટ્ટી પણ છે ને ટિક્કા પનીર જેવી મજેદાર પણ છે. પાકશાસ્ત્રોનો બહોળો ઉપયોગ કવિઓએ કવિતામાં કર્યો છે એ વાત અહીં સાદર છે તમારે જે કલ્પવું હોય એ કલ્પી શકો છો પત્ની જૂની પ્રેમીકા કે પછી ભાવી પણ આ બન્ને ગુણો જો એકમાં મળી જાય તો જીવન રસસભર બની જાય એ નકકી વાત છે. એક જમાનો હતો કે કવિઓ પોતાના તખલ્લુસમાં પોતાના શહેરનું નામ પણ મૂકતા. મુરાદાબાદી, લખતરવી, પાલનપૂરી વગેરે. જો કે ન જાણતા હોવ તો કહી દઉં કે આજના આપણા સર્જક જૂનાગઢના છે માટે ગીરપ્રદેશની છાપ આગલાં શેઅરમાં ખૂબ ચીવટપૂર્વક છોડે છે ને કહે છે :

રોજ ભૂલો પડું છું જંગલમાં,
યાદ આવે તો ગીર જેવી છે.

જેણે ગીરનાં જંગલોમાં સિંહોની ડણક સૂણી હોય એ જ આવો શેઅર આપી શકે. ગિરનારની પરિક્રમા કરો તો ગીરનું જંગલ કેવું છે, એની પ્રતીતિ થાય અમરેલી ધારીથી માંડીને છેક તલાલા અને સોમનાથ ભાવનગર લગી વિસ્તરેલું આ વન નયનરમ્ય છે. આ ઘેઘૂર વનમાં જો ભૂલા પડો તો ક્યાંયનાય ના રહો અને એ યાદનાં સહારે ભૂલો પડનાર આ કવિ ખરેખર કાબિલેદાદ છે. અંતિમ શેઅર કવિ જરા મૂખર થાય છે ગઝલનો દરેક શેઅર સ્વતંત્ર હોવાથી તમે એનું અનુસંધાન સીધું ક્યારેય ન પામી શકો એવી ગઝલોય મળે કે જે એક વિષયને આધીન હોય. અહીં છેવટે મિલીન્દ છોકરી શબ્દ પ્રયોજીને વિસ્મય ઉઘાડતો જોવા મળે છે. પરંતુ વાતને સીધી રીતે ન ખોલતાં અકબંધ રાખીને આપણાં વિસ્મયને જગાડે એ સાચો કવિ એ કહે છે કે –

પ્રશ્ન એનો નથી ઉકેલાતો,
છોકરી કાશ્મીર જેવી છે.

છોકરી અને એ પણ પાછી કાશ્મીરનાં પ્રશ્ન જેવી! ક્યા બાત હૈ. વધુ શબ્દોને

ઉઘાડવાની જરૂર નથી. ભાગલા એ હિન્દુસ્તાનની એક એવી ઉધાર બાજુ છે કે જેની ભરપાઈ ક્યારે થશે એની ખબર નથી. કવિઓએ એ જ કાશ્મીરને ધરતીનું સ્વર્ગ લેખ્યું છે. જૂની ઘણી ફિલ્મોમાં આપણે એનાં નઝારાઓ માણી ચૂક્યા છીએ. આજે કાશ્મીર કોનું એ સવાલ સળગે જ છે એ રાજકીય રંગ ને ગઝલમાં લેખીને ખૂબ જ રંગીનિયતથી કવિએ કામ લીધું છે. કપુ કરતું ગયું અનંત મને કે પછી ગુજરાતી ‘થઈ જશે’ જેવી મોર્ડન ગુજરાતી ફિલ્મોનાં ગીતકાર સર્જકને ઉષ્માસભર શુભકામનાઓ આપવા જેવી છે.

# ૯

# મુકેશ દવે

‘મા એ મા બીજા બધા વગડાના વાથી માંડીને મધર ટેરેસા સુધી.. માનો મહિમા કવિઓએ હોંશે હોંશે ગાયો છે, ગવાયો છે. અને ગવાતો રહેશે. ‘જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.. નિબંધ પાનાંનાં પાનાં ભરીને લખ્યો હશે. ઘરમાં કામ હું ને મારી બા પણ સાવ સાચું કહું ને માનો કોઈને જોટો મળ્યો નથી કે મળશે.. આ વિષય હાથવગો છે પણ સાચું કહુંને તો લખનારા સૌને આ વિશે લખતાં શબ્દો ખૂટે... ન ખૂટે તો જ નવાઈ, જોઈ જોઈ તોય તું અજાણી જેવો ઘાટ થાય. વ્હોટસેપીયા કવિઓની ભરમાર છે મોબાઈલમાં કવિતાઓ બિલાડીનાં ટોપ જેવી ફૂટી નીકળે છે. શું ન વાંચવું એ વાચ્યાં પછી જ નક્કી થાય છે... ખેર નવરાત્રિ નિમિત્તે માની ભક્તિ શક્તિરૂપે આપણે કરતાં થાકતા નથી. શિવશક્તિની આરાધનામાં પ્રકૃતિ એ નારીનું રૂપ છે. સ્ત્રીનાં અનેકવિધ રૂપોમાં માત્ર મા એ એક સ્વરૂપ છે બાકી બધા તો... ખેર હવે થોડી ફિલ્મોની વાત કરું. તો નિરૂપા રોય, દિના પાઠક કે રીમા લાગુ એ અમર પાત્રો આપ્યાં તો નાટકોમાં બા રિટાયર્ડ થાય છે જેવા રંગભૂમિનાં નાટકોએ જમાવટ કરી આજનાં સર્જક મુકેશ દવે પોતે અમરેલી ખાતે કાંકટની શાળાના પ્રિન્સિપાલ છે તેઓ એ માને સરસ નિરૂપી છે. આજની જાગૃત માની વાત કરે છે અને કહે છે કે...

> એકને ભણાવ્યું; ને બીજું ભણે છે,
> મા હજુય એના શમણાં લણે છે.

લણવું એ પાક તૈયાર થઈ ગયા પછીની ઘટના છે અહીં શમણાં જે હજુ જોકે સાકાર થવાનાં બાકી છે એની વાત છે પણ હા એકને ભણાવ્યું નો સંતોષ છે અને બીજુ પણ ભણી રહ્યું છે માટે સપનાં સેવવાની પ્રોસેસ ચાલુ છે એ વાત અહીં ખૂબ સરસ રીતે મૂકે છે તો પોતાની જાતે આપેલાં બલિદાનની વાત ખૂબ ચીવટપૂર્વક મૂકીને આગળનો શેઅર માણીએ :

> જાત પૂરી દીધી ભીંતકોચલામાં,
> માતા ઊંબરને લક્ષ્મણરેખા ગણે છે.

છોકરો દસમામાં હોયને ત્યારે મા-બાપની પરીક્ષા હોય છે પોતાના મોજશોખ પર લગામ પોતે બાંધે છે અને પછી એ બંધાવે છે. હું પોતે એનો સાક્ષી રહ્યો છું બલ્કે મેં પોતે પણ અનુભવ્યું છે મારા પોતાની પણ જો વાત કરું તો મારા માતા પિતાએ મને ભણાવવા માટે પોતાની ઓફિસમાં રજા મૂકી હતી, યાદ છે એ દિવસો.

હું ખરેખર રમતિયાળ હતો. ખેર, મારા ભૂતકાળમાંથી ગઝલમાં પાછો ફરું.

પીંડલે જિંદગીનો નિચોડ બાંધી,
રોટલી સાથે હવે સ્મરણો વણે છે.

દરેક જમાને એક વાત થાય છે અને થતી રહેશે કે અમારા વખતે આવું ન્હોતું. પણ જો મારી જોડે આવું થયું હોત તો મેં કદાચ આવું કર્યું હોત.. આ જિંદગીનો નિચોડ છે. રોટલી વણતી મા પોતાની વ્હાલસોયી દીકરીને પોતાનાં સાસરીયાઓને કેવી રીતે પોતાનાં કરવાની શીખ પણ લોટ બાંધતી વેળા અટામણની જેમ આપતી જાય છે ને સંબંધોમાં કેવી રીતે સોડમ ઉમેરવી એ શીખવતી હોય છે. આ બધું કરતાં લોહીનું પાણી કરતી મા પોતાની આખી જાત પોતાનાં કુટુંબ પાછળ હોમી દેતી હોય છે એનો શેઅર માણીએ.

સંબંધો ગૂંથવામાં હોમી દીધેલું,
આખું શરીર પંડ-પીડા જણે છે.

મા ને તમે ક્યારેય થાકેલી કે હારેલી નહીં જુઓ,કાયમ હસતી હસાવતી જીવન જીવતાં શીખવતી મા પોતે જે પીડાઓ ભોગવતી હોય છે એનું આ કવિ બયાન કરે છે. પરકાયા પ્રવેશ કરનાર કવિને નમન અને અંતિમ શેઅરમાં કવિ ‘મા’ની પરાકાષ્ઠાને આંબતાં માલૂમ પડે છે એ લખે છે કે :

અસ્તિત્વને માટે મથી ખૂબ લીધું,
હાર અંતે પામી એ ખૂદને હણે છે.

પોતાનાં કષ્ટો પોતાનાં પૂરતા સીમિત રાખીને પણ પોતાનાં જાયાઓ માટે જીવતી મા અંતે પોતાની જાતથી થાકી હારી પોતાને જ પીડા આપે છે આખી ગઝલમાં ચરમસીમાનો અંતિમ શેર થોડો ઘણો નિરાશાવાદી છે પણ અહીં જે આત્મઘાતની વાત છે એ દિવા જેવો છે પોતે બળીને બીજાઓને પ્રકાશ આપવાની વાત છે. કવિ પોતે બાજખેડાવાડ બ્રાહ્મણ છે. એવું કહેવાય છે કે તેઓ દક્ષિણ દિશામાંથી આવ્યા હતા. કોક રાજાએ યજ્ઞ કર્યો હતો અને તેઓ એ પોતાનાં નિયમ મુજબ દક્ષિણા સ્વિકારવાની ના પાડતા તેઓને બંદી બનાવ્યા હતાં. એમાંથી તેઓ બાજ ની જેમ છૂટી નીકળ્યા ને સૌરાષ્ટ્રને પોતાનું વતન બનાવ્યું એવી કથા છે. કવિ પોતે કોલેજકાળમાં કવિતાઓ કરતા હતા. હમણાં છેલ્લા પાંચ વરસથી ફરી પાછા ગઝલક્ષેત્રે પોતાનું પદાર્પણ કરે છે એમનું સ્વાગત છે.

## રંજન પંડ્યા

ડોસો ડોસી બે,
લાકડી પકડે બે,
ડગલાં ભરે બે,
વાતો કરે બે,

હોંકારા કરે બે,
ખોંખારા ખાય બે,
રોટલી ખાય બે,
દીકરા તેમને બે,
પરદેશ રહે બે,
વાટ જુએ બે,
નિસાસા નાખે બે,
આશ્વાસન આપે બે,
માળા ફેરવે બે,
ઝોકા ખાય બે,
આંસુ પાડે બે,
સપનાં જુએ બે,
ડોસો ડોસી બે...

કવિતાએ મનોરંજનની સાથે મનોમંથન કરાવતી એક એવી ઘટના છે કે જે તમને સદાય એનાં પ્રત્યે અવનવાં ભાવો ઘડવા પ્રેરે છે. વાંચે એની કવિતા-માણે એની કવિતા ક્યારેક એવો પણ વિચાર આવે છે કે આ ટેક્નોલૉજીનો યુગ એ આ સદીનું સૌથી માતબર જમા પાસું છે! હું મારા સર્જકોને આંગળીનાં ટેરવે સ્પર્શી તો શકું છું હવે તમે જ વિચારો કે ગાલિબથી માંડીને મરીઝ સુધીનાં સર્જકો સાથે એ વાત તો આપણે ક્યારેય નથી જ કરી શકવાનાં કે તમે આ ગઝલ કે કાવ્ય ક્યાં સંજોગોમાં રચ્યું? આપણને એની રચનારીતિથી જે મનોવ્યાપાર સૂજે એ આપણી ઉપલબ્ધિ. શબ્દોનાં માધ્યમથી જેટલું પામી શકાય એ બધું જો આપણી અનૂભુતિમાં પહેલાં ક્યાંક ઉતર્યું હોય તો કવિતા મુખર થાય. બાકીનું બધું તમારી કલ્પનાની સીમા સુધી વર્તાય યા તો અનુભવાય. મારે આજે એક એવી કવયિત્રીની વાત કરવી છે કે જેને હું એની

કવિતાથી તો ઓળખું જ છું. જેઓની સર્જકતા વિશે એમનાં સંગ્રહ સ્મરણોના ઉપવનમાં ઘણા ભાવાવેશમાં લખાયેલાં ઊર્મિકાવ્યો છે. એમના ફોટાની નીચે લખ્યું છે કે જીલાગણીઓ મહેંદી બની જીવન પાષાણે પીસાતી રહી, કલમ સથવારે તે અચાનક કાગળે રંગ લાવતી રહી.

આપણે અત્યારે હાફગર્લફ્રેન્ડના યુગમાં ઉછેટેલા સંવેદનો જીવી રહ્યા છીએ. મુગ્ધાવસ્થા પર બધાં રોમાંચિત થાય. પણ વૃદ્ધાવસ્થાનું શું? સુરેશ દલાલ આપણને કમાલ કરે છે, ધમાલ કરે છે ડોસો ડોસીને હજી વ્હાલ કરે છે કે પછી 'પાંચીકા રમતી'તી દોરડાઓ કૂદતી'તી'માં મૂકેશ જોષી 'દાદાનાં હુક્કામાં તમાકુ ભરવાનું હજી બાકી' જેવું સંવેદન ઝીલે છે ત્યારે ફરી દાદા-દાદી, બા-બાપુજીનાં સંવેદનો તાજા થાય છે તો બીજી બાજુ વિનોદ જોષી જેવાં માતબર કવિ આપણને કૂંચી આપો બાઈજી જેવી રચનાઓ પીરસે છે. આમ ગીતોમાં ઘણુંખરું સંબંધોનું વાવેતર થયેલું જોવાં મળે છે.

આજનાં આ કવયિત્રી એમનાં જીવનની સમી સંધ્યાએ આપણને જે કાવ્ય આપે છે એ કાવ્ય કદાચ એટલું પ્રચલિત કે પ્રશિષ્ટ નથી પણ મોહક અને ધ્યાનાર્ષક તો છે જ છે,

મજા બે દ્વારા રચાયેલા અંત્યાનુપ્રાસની સાથે તેમની દિનચર્યાની છે. કલોઝ સરકીટ કેમેરામાં જોયેલાં દશ્યો જેવી અનુભૂતિ આપણને કરાવે છે કદાચ આ કેમેરો કો'ક વૃદ્ધાશ્રમનો પણ હોઈ શકે! પ્રથમ તો સહવાસ સાથે સાયુજ્યની વાત કરે છે. અહીં બેડલી છે સારસ સારસી છે બે નાં હોવાનો ઉત્સવ છે ક્યાંય રંજ નથી પણ અહીં જીવનપ્રસંગ છે. એકબીજાની સાથે હોવા છતાં લાકડી રાખવાની વાતે બેવ થોડા જુદા હોય એવું લાગે છે પણ સાથે પોતાનો સહારો પોતે ઊભો કર્યાની ખુમારી પણ છે. બે ડગલાં ભરવાં એવી વાત જ્યારે થાય છે ત્યારે એક મજાનો શેર અહીં યાદ આવ્યા વગર રહેતો નથી ' 'બેફામ' તોય કેટલું થાકી જવું પડ્યું, નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી...' આ સત્ય ને સ્વીકારવાનું અને જીવવાનું. આપણને ડોસા અને ડોસીની બધી જ પ્રવૃત્તિઓ એકદમ નિખાલસ લાગે છે વાતો-હોંકારા-ખોંખારા એમાંથી હંમેશ અર્થ સરતો હોય એવું જરૂરી નથી. પણ હા, આ બધાનો આધાર હોય છે વૃદ્ધાવસ્થા. ભૂખ લાગતી નથી છતાં એવો સાદ સંભળાય છે કે ખઈ લો જોય... તમને ખબર છે ને કે તમે જમો છો પછી જ હું જમું છું? છોકરાઓ ભેગાં થઈને બા-દાદાની અગિયારસો ઉજવે. એટલે એ બહાને ઘી ઓછું વપરાય! અલગ એમનાં માટે બનાવવાની પળોજણમાંથી બહાર નીકળી જવાય પણ આ

બધા માટે દીકરા-વહુઓ સાથે હોવા જરૂરી. અહીંયા તો પરિસ્થિતિ સાવ જુદી છે : બે દીકરા પરદેશમાં છે એમની રાહ જોવાની છે – એમની રાહ જોવાની છે નિઃસાસા નાખવાનાં છે ને પછી એકબીજાને આશ્વાસન આપવાનાં છે. અહીં ક્યાંય

ઉંમળકો નથી પણ હા, આશા જરૂર છે ક્યાંય હરખશોક નથી પણ નિસાસા જોડે જ આશ્વાસનનાં અનુષ્ટાનો છે જાપ છે પણ એમને એ બાબતનો સ્હેજ પણ જંપ નથી અજંપો છે અને એનું નિરાકરણ છે હાથમાં ચાલતી એવી મિકેનિકલ પ્રોસેસ જેવી માળા. ધ્યાન પ્રભુનું નથી કરવાનું પણ સામેવાળાની દરકારમાંથી થોડો સમય ચોરીને આત્મમંથન કરવાનું છે પેલાને એવો અહેસાસ કરાવવાનો છે કે હું તારાથી વિમુખ છું મારી માળા ચાલે છે એટલો સમય તમે તમારી જોડે રહો ને હું મારી જોડે રહું પણ આ બાબતની ક્ષણભંગુરતાને જીવવાની આદત પાડવાની હોય છે.

આ અવસ્થામાં અજંપામાં ઊંઘ નથી આવતી અને એટલે જ માળા ફેરવતી વખતે ઝબકી મારવાની હોય છે ઝોકાં ખાવાનાં હોય છે બેસી રહેવાનો થાક લાગે છે અંતે આંસુ સરતાં વાર નથી લાગતી, પણ અહીંયા સુધીની જે વાતો થઈ એમાં શિરમોર વાત છેલ્લે આવે છે અને એ છે સપનાંની વાત જે ઉપરનાં બધાં જ પ્રલાપોને કવિતા બનાવે છે આ ઉંમરે જ્યારે મોતિયો બે વાર ઉતરાવ્યો હોય ને તમને સપનું આવે એવી જો તમારી થોટ પ્રોસેસ હોય તો સમજવું જીવવાનું સફળ છે.

આ સપના જોવાની વાત એ કવિતાનો પ્રાણ છે ડોસા ડોસી બેવનું હોવાપણું છે. બેવનાં જીવવાનું કારણ છે હૃદયનાં ધબકવાનું કારણ છે. આંખનાં પલકારાનું કારણ છે અને એથી જ તો એ ડોસા ડોસીનાં ઉજાગરા નથી પણ સાચું કહું તો જાગરણ છે.

ડોસોડોસી બેની ધ્રુવપંક્તિ અને અંતિમ પંક્તિની વચમાં ઝીલાયેલું જીવન એ ખરેખર એકબીજાનાં માટે રચાયેલી કવિતા છે. અહીં બેની મજા બેવડી છે અંતે એટલું જ કહીશ કે રંજન પંડ્યા-જોષી પોતાની મહેંદીનો રંગ કાગળ પર ઉતાર્યા કરે અને એમનો ચૂડી અને ચાંદલો અમર રહે એવી શુભકામનાઓ.

# રાજેન્દ્ર પાઠક

કલાજગત સાથે અને સાહિત્ય જગત સાથે સંકળાયેલાં કઈક એવાં નામો છે કે ‘જેઓએ મહેફિલો લૂંટી હોય ,જાહેર કાર્યક્રમોમાં વાહ વાહ મેળવી હોય, ને એ કાર્યક્રમ પૂરો થયા પછી તૂરત જ એમને એકલતા એટલી હદે ઘેરી વળે કે પછી એ હૉલ પરથી ઘરે કેવી રીતે પહોંચવું ના પ્રશ્નો ઊભા થાય. ઘણાં એવા પૂર્વસૂરીઓ અને માંધાતા કહેવાતાઓની સાથે બનેલી સાચુકલી ઘટનાઓ આપણી આજુબાજુમાં જ મોજૂદ છે. પણ આજે મારે એક એવાં સર્જકની વાત કરવી છે કે જેને માટે ઉતારાઓ સામેથી દોડતા આવ્યા છે. એટલું જ નહીં પરંતુ એમનાં શોખ ને લોકો એ માથે ચઢાવ્યાં છે. એમની અલાયદી વ્યવસ્થાઓ જે તેઓ એ કોઈપણ પ્રકારની આશા વગર કરી, બલ્કે પોષી છે. હમણાં જ તાજેતરમાં એવાં એક સાહિત્યનાં જીવે આ ફાની દુનિયાને અલવિદા કહ્યું બેશક એ નામ છે ચિનુ મોદી. એમને માત્ર કવિ કહીને કે ફક્ત ગઝલકાર કહીને અન્ય સાહિત્યનાં સ્વરૂપો સાથે મારે અન્યાય નથી જ કરવો. કારણકે આ નામ જે જે સ્વરૂપોની સાથે જોડાયું એ બધાય ક્ષેત્રનો એમની પર પૂરો અધિકાર છે પ્રસ્તુત ગઝલ એ વ્યક્તિ વિશેષ ચિનુ મોદીનાં મૃત્યુના દિને શબ્દાંજલિ આપવાનાં આશયથી લખાઈ છે. સવારે તેઓને વી. એસ. હૉસ્પિટલમાં દેહદાનની ઈચ્છા માટે વળાવવા ગયેલા તેઓના અંગત કવિમિત્ર રાજેન્દ્ર પાઠક દ્વારા લખાયેલી આ કૃતિથી આપનું અભિવાદન કરું છું, ભલે પછી જમાનો આને અંગત સમજે પણ આતો અંગતની સંગતનું જ નજરાણું છે પ્રથમ શેઅરમાં જ તેઓ લખે છે કે :

ઠાઠ ભપકા સાથ લઈ સૌ ઈર્શાદ ગયા,
ને ગઝલથી પ્રેમનાં સૌ હિસાબ ગયા.

ચિનુ મોદી ‘ઈર્શાદ’ યાને ખરેખર એક ઠાઠને ભપકાનો જણ હતો. એ કોઈપણ નવોદિતને ‘બોલ શું લખ્યું કહી કે પછી ગઝલ સંભળાવ...’ કહીને જ વાતની શરૂઆત કરતાં... એ પ્રેમ ભર્યા આવકારથી હવે પછીની પેઢી કાયમ માટે વાંજણી બની છે ત્યારે માત્ર ગઝલનાં સ્વરૂપને જ નહીં પણ ગઝલ લખતાં સહુને આ પ્રેમની ઉણપ વર્તાયા વગર નહીં જ રહે.

બર્ફ-સોડા-ઢોકળી-મેથીયું ને ભાખરી,
ગુજ્જુ મોઘલાઈ આગવાં સૌ અંદાજ ગયા.

ખાવા પીવાનાં શોખીન આ જીવનું સંમોહન જેની જેની સાથે રહ્યું એ બધાયનો

ઉલ્લેખ કરીને અહીં મોઘમમાં ઘણું કહેનાર કવિ એ એમની અંગત અલાયદી સ્ટાઈલથી વાકેફ હોવાનો પૂરાવો પૂરો પાડે છે એક પ્રસંગે એમનાં શિષ્ય ધ્રુવ જોષીનાં પુસ્તક વિમોચન બાદનાં મિષ્ટાન સભર જમણવાર ત્યજી ચિનુકાકા ઘરે બનાવેલી ઢોકળી ખાવા દોડી આવે અને સવારે મેથીયો મસાલો અને ચ્હા જોડે ભાખરી ખાવાનો એમનો નિત્યક્રમ અહીં સીધો જ શરિયતમાં તેઓ નિભાવે છે. સાંજ પડે મોગલાઈ તવાની તન્દુરી ચિકન એ એમની પેશન હતાં જે પ્રસ્તુત થયાં તેમજ દારૂબંધીનાં ગુજરાતમાં બર્ફ અને સોડા બાકી રહ્યું કંઈકનાં ભાવ સાથે આગળનો શેઅર માણીએ :

વામકુક્ષી-પંપ દમનો જળ ને ચવાણું,
શ્વાસ સુગર ઊંઘના સૌ કકળાટ ગયા.

તબિયતની દુરસ્તી કે નાદુરસ્તી સાથે આ બધાની સાથે સંઘર્ષ કરતો આ જીવ આટલી વ્યાધિઓમાં પણ સિકંદરને પણ શરમાવે એવું જીવ્યો. જેમની બપોરે વામકુક્ષી કરવાની આદત હતી. કેટલાંય વરસો સુધી વિલ્સન બ્રાન્ડની સિગરેટનાં એ બંધાણી રહ્યાં હતાં એ વાત જાહેર છે –

કુંડળી ચોરાણું પૂરાં કરશે જ વરસ,
થાપ આપી નિજના જોષને રંફાટ ગયા.

જે ગામ આખાને એવું કહેતાં ફરતા કે આપણે ચોરાણું પૂરા કરવાનાં. પોતે જ્યોતિષ હતા પણ જો કોઈ અંગત એમને હાથ બતાવવા જાય તો એ અચૂક કહેતા કે હું... તો ફક્ત છોકરીઓનાં જ હાથ જોવું છું... ચિનુભાઈના ગયા પહેલાં તો સવાલ જ નથી પરંતુ આજેય એમની આ બાબતથી નારાજ છે કે એમનાંથી આમ ચોરાણું પૂર્વે તો કેવી રીતે જવાય. અનેકવાર તેઓ એ જાહેરમાં કહ્યું હતું કે મારી કુંડળીમાં લખ્યું છે કે હું ચોરાણું પુરા કરીશ જ બધાયને ચકમો આપી ખરેખર તેઓ રંફાટ ગયા જેની વાત અહીં પ્રસ્તુત છે :

ડાંગ-દોહદ-ભૂજ-સૂરત-ભાવેણું કે દિવ.
જામનગર-પુરપાલનનાં સમ્રાટ ગયા.

ગઝલને જીવતી રાખવા ધબકતી રાખવા અને એને લોકરંજન સુધી લઈ જવામાં તેમનો ફાળા માટે ગુજરાત સદાય ઋણી રહેશે. એકપણ જગ્યા બાકાત નહીં હોય કે જ્યાં ચિનુ મોદી વગર મુશાયરો થયો હોય. એક એટલું વિશાળને બૃહદ વ્યક્તિત્વ અત્યારે ગુમાવ્યું છે કે જેનાં ગઝલ થકી ડુંગરે ડુંગરે ડાયરા હતા. ખરેખર તેઓ સાચા અર્થમાં સમ્રાટ હતાં :

ઘર બળે કે દિલ બળે છો ઈર્શાદના,
દેહ આપ્યો દાનમાં સૌ કચવાટ ગયા.

તેઓનો સૌથી પ્રચલિત શેર ઠાઠ ભપકા એ જ છે ઈર્શાદના, ઘર બળે ત્યારે

તાપી લેવું જોઈએ. કેવો અલગારો સાચો શિક્ષક મેડિકલ કૉલેજનાં વિદ્યાર્થીઓને પણ શીખવાનો ચાન્સ આપી ને દેહ દાન કરતો ગયો. પ્રાધ્યાપક તો એ સ્વામિનારાયણ કૉલેજમાં હતાં જ પરંતુ દેહદાન કરીને તેઓએ મેડિકલનાં વિદ્યાર્થીઓને પણ લાભ આપ્યો તેટલું જ નહીં એમણે એક જમાનામાં ઈસ્લામ ધર્મ પણ અંગીકાર કર્યો હતો માટે દાટવા કે બાળવાની અસમંજસમાંથી લોકો ને સુપેરે બહાર કાઢી ને ચાલતી પકડી કેવું પડે બોસ...!!!

અંતિમ શેઅરમાં આ બાબતને વધુ સચોટ રીતે પ્રસ્તુત કરતાં રાજેન્દ્ર પાઠકે બધી જ વાતો ને આટોપી લે છે ને અંતિમ વાત કરે છે કે :

હિંદુ શું? કે મુસલમાં શું? મજહબ ધરમ શું?
રબ પરમ પાસે ચિ. મો. તો બિન્દાસ ગયા.

આ સાથે ચિનુ મોદી કે જેનાં નામનો અર્થ જ 'ચિનવું' યાને કે 'જાણવું'. એવો થાય છે અને એથી ચિનુ અર્થાત્ જાણનાર એવો જીવ આપણને સૌને છોડીને ગયો છે એમનાં માનમાં એમનો જ શેઅર આ ગઝલ લખવાનું કારણ એજ છે કે આંખનાં ખૂણે હજુયે ભેજ છે.

# રાજેશ મહેતા 'રાજ'

રામચરિત માનસ હોય કે પછી કોઈ ફિલસૂફનાં પ્રવચનો આપણને હરહંમેશ અનુભવોમાંથી જીવન જીવવાની ચાવીઓ મળે છે. કોઈનાં જીવનનો પ્રસંગ કોકનાં જીવનનું પરમ ધ્યેય બને છે. સત્યવાદી હરીશચંદ્ર નાટકના એક પ્રસંગમાંથી ગાંધીજી બાપુ માથી મહાત્મા બન્યા હતાં. સંસ્કારો આપણને શ્રુતિ અને સ્મૃતિ દ્વારા પ્રાપ્ત થતા આવ્યા છે. માણભટ્ટની ગાગર પર ફરતી આંગળીઓમાંથી રેલાતાં સંગીતમાં કે પછી પ્રેમાનંદનાં નળાખ્યાનમાંથી કે પછી કુંવરબાઈનાં મામેરાનાં પ્રસંગોમાંથી જીવનનાં મૂલ્યોનું રસદર્શન થતું હતું એ જમાનો આજનાં યુગમાં વ્હોટ્સએપનાં ગુડમોર્નિંગનાં મેસેજ સાથે કોઈ સુવિચારોનાં માધ્યમે પાસ ઓન થતાં આપણે જોઈ રહ્યાં છીએ એવાં સમયે કોમ્યુનિકેશન ગેપનાં યુગમાં વાતો કરવી એ એક ફેશન બની છે. વાતો એટલે કે ચીટચેટ નહીં અનુભવોની અભિવ્યક્તિ એટલે વાતો. આપણે શું કરીએ છીએ તો એનો જવાબ વાતો!! માણસ જ્યારે મુંઝાય ત્યારે સંવાદની ગેરહાજરી વર્તાય છે. આપણે એ વાતથી વાકેફ છીએ કે જો વાતો થવાની બંધ થાય તો શૂન્યાવકાશ સર્જાય. માણસ ડિપ્રેશનનો શિકાર બને ને છેવટે આત્મહત્યા સુધીની ચુનોતી વહોરી લે છે. રાજેશ મહેતા-'રાજ' આપણને એક નોખા વિશ્વમાં પ્રેરે છે :

એ જ રણની એ ચરણની વાત કર,
હાંફતાં, તું એ હરણની વાત કર.

રણ-ચરણ અને હરણની વાત કરનાર એક નોખી રીતે વાત કરવાની વાત માંડે છે પ્રથમ શેઅરમાં થયેલો ઉઘાડ સૌને આકર્ષે એવો છે એમાં રણમાં ચાલવાની વાત કરીને મૃગજળનો સંદર્ભ આપતાં હાંફતાં હરણની વાત કરીને એક સરસ મજાની સફર અને કાપવાની બાકી મજલની વાત કરતાં માલૂમ પડે છે ઉપરાંત એમાં ઉમેરાયેલું તું એ બેકલા હોવાની સીધી શરત ઘડનારું બની રહે છે. આગળ જતાં એક એવા સંદર્ભે વાતને લઈ જાય છે કે જે આપણને જીવનસારાંશની અનુભૂતિ કરાવે છે. જીવન અનુભવથી નહીં પરંતુ અસરથી જીવાતું હોય છે કોક એકાદ શબ્દની શોધ છે કે જેના સહારે આખો ભવ તરી જવાય એને એથી જ એ યાચે છે કે :

જિંદગીનો સાર સઘળો નીકળે,
કોઈ એવા અવતરણની વાત કર.

જાગરણ અને ઉજાગરાનો ભેદ જાણનાર કવિ આગળ જતાં જે વાત કરે છે

એ ખૂબ માર્મિક છે. તેઓ એક એવી યાદના વિસ્મયને આંખોમાં આંજી બેઠા છે કે જેમાં કંઇક નવતરનાં આગમનની વાત છે. આખોમાં કોઈ ચહેરાને વિસામો આપવાનું વચન આપ્યાનો અનુભવ કરાવતાં હોય એવી અનુભૂતિ આપણાને કરાવવાનો એમનો આ આયાસ સૌને મનગમતાં સાથે રાચવાનું ઈજન આપનારો બની રહે છે :

યાદની લાલી ભરી જે આંખમાં,
તું હવે એ જાગરણની વાત કર.

બોલવાથી ક્યારેય કંઈ મળતું નથી. જ્યાં સુધી એ આચરણમાં ન આવે ત્યાં સુધી તો એ માત્રને માત્ર સૂફિયાણી વાતો જ રહે છે. મહાત્મા ગાંધી એ એથી જ તો સત્યના પ્રયોગો નામ આપ્યું એ જે જીવ્યા એ એમાં આલેખ્યું. એમનાં નીતિ નાશને માર્ગે પુસ્તકનો આધાર લઈએ તો પણ એમણે એ સત્યને કેવી રીતે સિદ્ધ કર્યું એની આપણા સૌને પ્રતીતિ થાય છે. તેટલું જ નહીં આચરણ એ સૌથી કઠીન બાબત છે અને આજનાં આ યુગમાં જીવી જવું એટલાં એ વાત નથી પૂરી થતી. 'ભૂખે કો ખાના ખીલાયા નહીં અબ મંદિર બનાને સે ક્યા ફાયદા.' જેવી સંતવાણીમાં પણ સદાચારની વાત વણેલી કંઈ કેટલી શીખ આપણને મળે છે. જીવનમાં યોગી નહીં પણ ઉપયોગી થવામાં સાર છે. આ બાબત પર આચરણ કરનારાઓનાં નામ ક્યારેય ભૂસાયાં નથી સૌરાષ્ટ્રની ધરતીનાં આ માણસ પાસે તો આવાં નામોનો વારસો છે એ પછી મેકણદાદા હોય કે કાદુ મકરાણી, બાપા સીતારામ હોય કે પછી જલારામ હોય કે પછી ભોજા ભગતની ધરતીના આ જાયા કેવી સરસ મજાની વાત કરીને આખા સંતવારસાની મહેફીલ જમાવે છે એ આગલાં શેઅરમાં માણીએ :

બોલવા ખાતર હવે બસ બોલ મા,
કોક વેળા આચરણની વાત કર.

આખી ગઝલની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે આ ગઝલ માધ્યમથી 'રાજ' સાહેબ આપણને જીવન જીવવાના મર્મની વાત સમજાવતાં માલૂમ પડે છે. કોઈ ફિલસૂફ જેવી વાત કરતા આ શાયર પોતે મરવા માટેની તૈયારી બતાવે છે. અહીં મોતનો મલાજો કરતાં હોય તેવું જણાય છે. સામાન્ય વ્યક્તિની વાત ન બની રહેતાં તેઓ આ વાતને સાતમા શિખરે લઈ જાય છે અને મોતને મહોત્સવ બનાવવાની વાત કરે છે :

લાખમાંથી એકના હો ભાગ્યમાં,
તું મને એવા મરણની વાત કર.

આવતા બુધવારે ફરી મળ્યા અંતે એટલું જ કહીશ કે બાત નીકલી હૈ તો ફીર દૂર તલક જાયેગી...'

૯

# રાઝ નવસારવી

ક્યારેક કવિઓ આપણને સચવાયેલાં મળે તો ક્યારેક ચવાયેલાં. ક્યારેક જાણ્યા હોય પણ ફક્ત નામે. તો ક્યારેક કૃતિઓ ફરતી હોય ને સર્જકો ભૂલાઈ ગયા હોય. સમયાંતરે કેટલાંક ગેરસમજનો પણ ભોગ બનેલાં હોય. પૂર્વસૂરીઓમાં તો સર્જનનાં મિજાજ કવિની ઓળખ છતી કરતાં. મરીઝસાહેબનાં કેસમાં તબીબનો કિસ્સો ઘણો પ્રચલિત છે. ખેર યુગોથી ચાલ્યું છે ચાલશે અત્યારે વ્હોટએપ અને ફેસબુક પર વિવાદો તો કમ નથી. રાઝ નવસારવી અદના સર્જક. જોકે એમનું એક આખું પ્રકરણ લખી શકાય એવાં ગઝલનાં ભેખધારી જીવ 'ઊર્મિની ઈમારત' એ એમનો સંગ્રહ એમેઝોન પર મળે છે નજીવા દરે. આ તો યુનો શોખની વાત છે. વર્ડપ્રેસ પર રચનાઓ પણ મળશે. ખૂબ માર્મિક વાત ગઝલમાં લાવતો આ કવિ છે. તમને ગમશે કારણકે મારા વાચકોને દૂધિયા દાંત પડી ગયા છે ને ડહાપણની દાઢ ફૂટું ફૂટું છે!!

> વ્યવહાર વિશ્વનો છે જીવનનાં વલણ સુધી;
> છે દુશ્મની કે દોસ્તી મારા મરણ સુધી.

જીવન એ જીવાતું હોય છે અને સમય વીતતો હોય છે વીતેલા સમયનો ફોટો એ ભૂતકાળ છે, જ્યારે ખટઘડીએ આવેલું સપનું એ ભવિષ્યકાળ છે.

તમારું બીજાની જોડે રાખેલું વલણ એ વ્યવહાર જગતનાં હોવા સુધી જ હોય છે પછી તો ચાર ખભા પર મૂકવા માટે નીકળેલાઓની વાતો સાંભળવા આપણે હાજર હોતા નથી. દોસ્તી અને દુશ્મનીને તેઓ વ્યવહાર વિશ્વના જીવન વલણ સાથે જોડીને વાતને છેક મરણ સુધી જોડી આપે છે. ક્યારેક ગરજે ગધેડાને બાપ કહેનારાઓ પર સીધો કટાક્ષ કરીને રાઝ સાહેબ ખૂબ જ મહત્ત્વની બાબતને આપણી સમક્ષ મૂકીને સમજદારીપૂર્વક નવાઈ પમાડે એવો અદ્ભુત શેર આપીને નિયતની પરખ રજૂ કરે છે. તેઓ લખે છે કે વ્યવહાર જગતની તાસીરથી તેઓ પરિચિત છે અને એથી એકદમ પ્રેક્ટિકલ શેર આપે છે.

> આવ્યા છો મારી પાસ તમે એ નવાઈ છે,
> નહીંતર નદી જતી નથી નાના ઝરણ સુધી.

ભીતરના ભાવને જાણનાર સાચા ભાવકની વાત કરતાં તેઓ કહે છે કે બાળજગત પર નિર્ભર વ્યવહારો હોય છે આત્મહત્યા કરનારાની આજુબાજુ રહેલાંઓનાં ઈન્ટરવ્યુમાં મોટે ભાગે એક વાત સૌથી વધુ કોમન હોય છે કે એને આટલો બધો મુંજારો હતો

એ અમે જાણી ન શકયા કે પછી જો એણે અમને કશું કહ્યું હોત તો ચોક્કસ એનો રસ્તો કાઢ્યો હોત. જોકે કાયરોની વાત કરવાની આપણને મજા ઓછી જ પડે છે પણ એકવાત ચોક્કસ છે કે બાહ્ય આડંબરો અને ભીતરના ભેદ ભરમને જાણનારાની તલાશ કરતાં શાયર રાઝસાહેબ પોતે આ બાબત જાણે જ છે અને એથી જ જમાનાની આંખો વાંચી શકે છે ને લખે છે કે :

ભીતરના ભેદ કોઈ ઉકેલી શક્યું નહીં,
પ્હોંચી તી આમ સૌની નજર આવરણ સુધી

દિલથી ચોટ ખાધેલા શાયરની શાયરી છે પોતે આશિક મિજાજ ધરાવે છે અને બસ એથી જ તો આટલો માતબર શેર આપે છે. પ્રપોઝ કરવાની ક્ષણ છે. અહીંયા સીધેસીધું કહી દેવાનું હોત તો એ સહેલ વાત હતી પણ અહીંયા તો ભાવોની અભિવ્યક્તિ છે તું મને ગમે છે એવું કહેવાનું નથી પરંતુ હું તને ચાહું છું ને તારા વગર મારૂં જીવન વગેરે વગેરે.. દોસ્તો આ ફોરવર્ડેડ કોકનો આવેલો મેસેજ નથી સેન્ડ કરવાનો. આ તો પ્રેક્ટિકલ પેઝન્ટેશન કરવાનું છે એની વાત છે અને માટે તેઓ લખે છે કે,

એના વિચારમાત્રથી ધડકન વધી ગઈ,
શું થાશે દિલનું પ્રેમના પ્રકટીકરણ સુધી.

કબરોની આસપાસનું વાતાવરણ મૌન કે પછી ચિરશાંતિથી વધારે કશું જ હોતું નથી રાઝ નવસારવી આપણા સૌને નવા જ સરનામે મોકલે છે. આપણને રોમેન્ટિક લાગતો એવો જમાનાનો ખાધેલ શાયર આપણને ક્યારેક આવરણની વાત કરે છે તો ક્યારેક જગતનાં વ્યવહારની અને આખરે અંતિમ સફરના અંતિમ મુકામની ફિલોસોફી મૂકી આપીને આપણને નોખી સફર કરવી જાય છે રાઝ તખલ્લુસ પાસેથી સરસ મજાનું કામ લે છે અને સૌને મંત્ર મુગ્ધ કરે છે. ક્યારેક એવું પણ થાય કે યાર આ બધું ફોરવર્ડેડ મેસેજમાં આવતું સાહિત્ય કોણ લખતું હશે. રૂઢિપ્રયોગો રચનારાઓનાં નામ શું હશે? તો કહેવતો કોણે રચી હશે? વગેરે વગેરે આ બધાનાં જવાબો મેળવવા યાને કે જિંદગીને સમજાવવી અને આ બધાનો જવાબ લેવા જ્યારે શાયર નીકળે છે, તો તે તેની શોધ ક્યાં લગી વિસ્તારે છે,

હું રાઝ જિંદગીને સમજવાને જાઉં છું,
કબરોની આસપાસના વાતાવરણ સુધી...

# વિનોદ જાની

સોનાની ચકલી ભારત એ ગઈકાલ છે. આ ચકલીએ પોતાનાં મનગમતા હૂંફાળા ફોટાની પાછળ ભૂતકાળ અને ઇતિહાસનાં તણખલાં ભેગા કરીને માળો બનાવ્યો છે. એવો એક ફોટો અત્યારે મારી નજર સામે છે. મૂછાળી માનો ગિજુભાઈ બધેકાનો. કે જેઓએ મોન્ટેસરીની રીતસરની વકીલાત કરી અને ભારતભરમાં પ્રિ-સ્કૂલનાં કોન્સેપ્ટને અનેકવિધ કેળવણીની પ્રથાઓ ભેટ આપી જીવંત કર્યું. ભાર વગરનું ભણતર અને બાળજગતનું ઘડતર કરવા માટે તેઓએ ગિજુભાઈની બાળવાર્તાઓ, માબાપોને, દિવાસ્વપ્ન વગેરે પુસ્તકો દ્વારા સીમાચિહ્નો આપ્યાં તે ઉપરાંત બાળસાહિત્યની વાત કરીએ તો જીવરામ જોષીથી માંડીને ચાંદામામા ચં. ચી. મહેતાનું યોગદાન પણ નોંધપાત્ર છે તાજેતરમાં કિરીટ ગોસ્વામી એ તેમ જ કૃષ્ણ દવે વગેરેને પણ યાદ કરવાનું ચૂકાય નહીં. એટલું જ નહીં પણ માછલીઓ તરવાના કલાસ નથી ભરતી...થી માંડીને ઘણું છે. આ પ્રિફેસ એટલા માટે બાંધી કે આજના આપણા સર્જક શ્રી વિનોદ જાની કે જેઓનાં બાળકાવ્ય સંગ્રહો કૂકડેકૂક, શૈશવનું ઓશીકું, શૈશવનાં શમણાં અને શૈશવની આંખેને પાંખે લોકપ્રિય થયાં છે અને રહેશે. આજે એમનું એક બાળગીત શિયાળો માણીએ.

શિયાળો સુસવાટે આવ્યો,  
ગાડું ભરીને ઠંડી લાવ્યો;  
ના જુએ કૈં દિવસ -રાત,  
થથરાવે સૌ માનવજાત.

બાળક સાથે વાત કરવા માટે પ્રથમ બાળક બનવું પડે. અઘરા નહીં પણ સહેલા શબ્દો ગુંથવા પડે અને એટલી રસાળ શૈલી જોઈએ કે બાળક સીધું જ જોડાય. બીજી વાત એ પણ જરૂરી છે કે તેની બધી ઊર્જાને પોઝિટિવિટી તરફ દોરવાની છે માટે આવ્યો — લાવ્યો કહેતાં કહેતાં ઠંડીના સુસવાટાઓનો અનુભવ પણ કરાવવાનો છે. એટલું જ નહીં પરંતુ સાથે સાથે પરિચય પણ કરાવવાનો છે. આ બધી જ શરતોનું ચોકસાઈપૂર્વકનું પાલન કરીને તમારે તમારી વાત રજૂ કરવાની છે. આ એક મોટું સાહસ જાની સાહેબે સૂપેરે પાર પાડ્યું છે ને પછી આગળ જતાં તેઓ કહે છે કે –

આંખમાં પાણી આવી જાય,  
શરદીની આગાહી થાય;

નાકનું ટેરવું થાયે લાલ,
સ્વેટર પ્હેરો કે ઓઢો શાલ.

પરિચયમાં તેઓ લક્ષણો ઉમેરે છે. આ એક ગીતકારની પ્રતિભા છે. પોતે શું પીરસી રહ્યા છે તેનો તેમને ખ્યાલ છે, અહીં આ ભાર વગરનાં ભણતરની શીખ સચોટ દેખાય છે. આજે મને જણાવતાં એક વાતનો આનંદ એ પણ થાય છે કે જે કઈ થોડાઘણાં ગુજરાતી માધ્યમમાં ભણતા ભણાવતા માબાપો મોજૂદ છે તેઓ માટે આ પ્રકારની કણિકાઓ કેળવણી માટે સીમાચિહ્નરૂપ બની રહેશે. શરદી થવાનાં કેટલાંક લક્ષણોમાંનું એક આંખમાં પાણી આવવું છે અને બીજું નાક શેકી લીધાં પછી સુંવાળપ ધરાવતાં બાળકોનાં ચહેરા પરના નાકની લાલશ પણ કવિએ સરસ રીતે નિરૂપી છે. આમાં કવિની અવલોકન શક્તિનો આપણને પરિચય થાય છે. ફરી પાછા આ બધાથી બચવાના ઉપાય જણાવતાં તેઓ કહે છે કે સ્વેટર પહેરો કે ઓઢો શાલ. કેટલી સરસ હૂંફાળી શીખ આપે છે ને આગળ લખે છે કે

પાક-વસાણાં કૈં કૈં થાય,
કચરિયું ને ઊંધિયું ખવાય;
શક્તિ-સંચય એથી થાય,
ઋતુ મજાની જલસા થાય.

બાળકોને સરસ મજાની ખાણી પીણીની વાત થાય તો મજા પડે. અને એથી જ તો પાક-વસાણાંની સાથે સાથે કચરિયું, ઊંધિયું જોડે છે. આપણે ત્યાં ઋતુફળ અને ઋતુ ખોરાકનો મહિમા કાયમ રહ્યો છે. કવિ પોતાની આ બાળ કવિતામાં શીખ આપવાનું અને સુટેવો પાડવાનું કહેતાં ચૂકતા નથી. તેઓ પરિચયની સાથે સાથે શું કરવું જોઈએ એ પણ જણાવે છે બાળકોને શિયાળો એ તો જલસાની ઋતુ છે એમ કહીને મનાવે છે. ખાવાપીવાની વાત કરતાં કરતાં સારા સ્વાસ્થ્યની પણ હિમાયત કરે છે અને જોડે છે કે,

વ્હેલા ઊઠીને ફરવા જઈએ,
તાજી હવા લૈ તાજા રહીએ;
તંદુરસ્તી લઈ આવે શિયાળો,
શીત ભલે પણ લાગે પ્યારો!

વરસોથી કહેવાયું છે કે રાતે વ્હેલા જે સૂવે, વ્હેલા ઊઠે વીર, તન બુદ્ધિ ને વિદ્યા વધે ને સુખમાં રહે શરીર... આ જ વાતને કવિ પોતાની રીતે બહેલાવે છે અને એમાંય તે વળી ખાસ શિયાળાની તાજગી ભરી સવારે બાળકોને જ્યારે ગોદડામાં લપાઈને ભરાઈ જવાનું વધુ સૂઝતું હોય તેવા સમયે તેઓને કહે છે કે તમારે કશું કરવાનું

નથી. બાળકો તમારે તો ઊઠીને ફરવા જવાનું છે. અને આમ તાજી હવા એટલે કે ઓક્સિજન પોતાનાં શ્વાસમાં ભરીને તાજા માજા રહેવાનું છે. આ કવિની સર્જન પ્રતિભાને વખાણતાં કવિ શ્રી ઉશનસે જે આ સંગ્રહમાં ટાંક્યું છે એ નિવેદન સહેજ પણ ફેરફાર વિના સાદર રજૂ કરું છું અને પ્રભુને એમની દીર્ઘાયુષ્યની પ્રાર્થના સાથે વિરમું છું.

'તમારા બાળકાવ્યોનો સંગ્રહ 'કૂકડેકૂક' મળ્યો. હું જોઈ ગયો છું ને મને તે ગમ્યો છે. તમે વ્યવસાયે પણ શિક્ષક હતાં એટલે નાની ઉંમરના બાળકોનો રોજ સંપર્ક મોઢાંમોઢ; આ પરિસ્થિતિ ને આ જાણકારીએ તમારાં બાળકાવ્યોને ઘડ્યાં છે. ઘડવામાં મદદ કરી છે, બેશક. મેં જોયું કે, તમારામાં બાળકલ્પના ઉત્તેજક રીતિ છે ને શક્તિ પણ છે; તો વધો હવે આગળ. મારા તો આશીર્વાદ ને શુભેચ્છા બધું જ તમને-તમારા માટે છે.

# ૬૭

# સુરેશ પરમાર 'સૂર'

પોતાની પાત્રતા સિદ્ધ કરવા માટે પરીક્ષાની પ્રથા સતયુગના રામાયણની અગ્નિપરીક્ષાથી ચાલતી આવી છે. એ જ સંદર્ભે શિવધનુષ ને તોડવાની વાત પણ બની હતી. એમાંય ઘણુંખરું સીતાના પતિ થવા માટેનાં સામર્થ્યને સિદ્ધ કરવાની વાતે મામલો બીચક્યો હતો. અપમાન થયું ને પછી તો જે કંઈ થયું ન થયું એ બધાથી આપ તો વાકેફ જ છોને. હવે આપણે પરીક્ષા સંદર્ભે પાછા ફરી વિચાર કરીએ તો પરીક્ષાનાં અંતે આવતાં પરિણામનું મહત્ત્વ પરસેન્ટાઈલ અને પરસેન્ટેજને મુખ્ય વિષયથી માંડીને ગૌણ વિષયનાં કુલ માર્કને પછી ન સમજાય એવી તદ્દન નવી જ શ્રેણીમાં જોડાવા માટેનો પાછો એન્ટરન્સ ટેસ્ટ... ભઈ સા બ માફ કરો મને. આ તો હું જ ગૂંચવાયો. પણ એક વાત કહું, મને જે સમજાયું એ બહુ સીધું લાગ્યું. એ હતું કે પરીક્ષાનું શું રિઝલ્ટ આવ્યું? એવું મને કોઈ પૂછે તો હું કહું કે પાસ. હવે અંગ્રેજી શબ્દ પાસ નો અર્થ પસાર થવું એવો થાય છે. મને આ બાબત ખૂબ સુપેરે સમજાય છે કે આપણે બોસ એ વરસને પસાર કરી નાખ્યું. આપણે પાસ થઈ ગયા. વધારે વામણું લાગે એવું કહું તો નપાસ થઈ શક્યાં. આમાં કોઈ ચાતુર્ય નથી બસ એક વિભાવ છે. મારી વાત પર સંમત થવું જરૂરી નથી પણ હા વિચારવાની છૂટ છે. જોકે હું જે કઈ બોલું છું એનાં માટે હું ચોક્કસ જવાબદાર છું પણ તમે શું સમજો છો એનાં માટે...?? શાળા જીવનની એક બીજી વાત અત્યારે યાદ આવે છે એ બાબતને જ્યારે સમજ્યો ત્યારબાદ કશી મુશ્કેલી પડી નથી અને એ કે દિવસમાં કુલ આઠ પીરીયડ હતા વચમાં નાની અને મોટી રિસેસ પણ પડતી. હવે લગભગ શાળા જીવનનાં બાર વરસ આપણે એ પણ જોયું કે ચિત્રના શિક્ષકે ગમે એટલું સુંદર ચિત્ર બ્લેક બૉર્ડ પર ચીતર્યું હોય એનો પિરિયડ પૂરો થતાં એ ભુંસાઈ જાય ગમે એટલો સરસ મજાનો શિયાળાની સવારનો નિબંધ લખાયેલો હોય એ પછી ભુંસાઈ જાય. હવે આ બદલાતાં પિરીયડોની આપણને તો બાર વરસ સુધી આદત પડી જ હતી પરંતુ ત્યારબાદ જો જીવનમાં સ્હેજ અમસ્તો સમય બદલાય તો આપણે કેમ હચમચી જઈએ છીએ? સમજાતું નથી. ખેર, આ બદલાતા સમય વચ્ચેની રિસેસ માણતા જે દિવસે થઈશું એ દિવસે કદાચ આપણે સુખ શોધવા નહીં જવું પડે! સુરેશ પરમાર 'સૂર'ની આજની આ ગઝલ આપણને ચોક્કસ એ દિવસોની યાદ અપાવશે કે જ્યારે આપણે આટલાં વહેંચાયેલા નહોતા. સમય આપણો હતો અને આપણી પાસે સમયથી વિશેષ કંઈ જ

નહોતું. આ એ મુગ્ધાવસ્થાની વાત છે કે જ્યારે આપણે વાંચવાના બહાને કિતાબ સિવાયનું પણ ઘણું વાંચતા હતા, તેઓ પ્રથમ શેરમાં લખે છે કે :

હાથમાં કિતાબ રાખી ચહેરો મારો વાંચતા;
એમને જોયા હતા મેં એક પરીક્ષા આપતા.

આ સાથે નાઈનટીઝમાં આવેલી એક ફિલ્મ 'બાઝીગર'નું સોંગ યાદ આવે કિતાબે બહુત સી પઢી હોગી તુમને, મગર કોઈ ચહેરા ભી તુમને પઢા હૈ... તો કદાચ લાઇબ્રેરીમાં બેસીને સામેની બાજુએ બેઠેલું કોક મનગમતું પાત્ર પણ આ ક્ષણે નજર સામે આવી જાય કે જેને જોતાં વાંચતાં લાગેલો બધો થાક ઉતરી જાય યા તો પછી યાદ રહેલું બધું જ ભૂલી જવાય શક્ય છે! અહીં વાતનું વતેસર કરવું હોય એટલું થઈ શકે છે. તમારી કલ્પના શક્તિઓની સીમાઓ બાંધવાવાળો આખરે હું કોણ? તો હવે આગળનાં એક ખૂબસૂરત શેરમાં કવિ આપણને પાછા પરિણામ તરફ લઈ જતાં લખે છે કે,

પાસ કે નાપાસની એ વાત નહોતી એટલે;
પાસ પાસે બેસતાં'તા દૂરનું કંઈ માપતા.

પરિણામની વાત આ બધામાં એટલી જ હોય કે પાસ યા તો નપાસ પણ એ પણ નહીં ફક્ત સામે બેઠેલાં એક જણમાં આંખો નાખીને નજરથી નજર ચોરાવાની ઘટમાળ અહીં નિરૂપનારા આ કવિની અનુભૂતિને ખરેખર માણવા જેવી છે. અહી પછી દૂરનું માપવાની વાત કરીને પ્રણયનાં ફાગ ખેલવાનાં મનનાં ઓરતાંની વાત છે. જો બધુ સમુસૂતરૂં પાર ઉંતરે તો પછી એ સામે બેઠેલાં જણની સાથે જિંદગીભરનો સાથ નિભાવવાની મહેચ્છાની વાત અહીં કરી છે. પ્રણયનો રંગ ઉઘડે તો એ કોઈનાં નામની હાથની મહેંદી બનાવવા સુધીની યોજનાઓ મનોમન બનતી. જો એ સાથે હોય તો દુનિયા આખીસર કરવાની વાત સ્હેજપણ વામણી નથી. ક્યાંથી ક્યાં મન આપણને લઈ જાય છે ક્યારેક કોકની એટલા નજદિક મૂકી આપે છે કે શ્વાસની ભીંનાશને તમે વરસાદ ગણી લ્યો છો. આમ પાસ પાસે દ્વારા કવિ આપણને દૂરસુદૂર લઈ જવાની વાત માંડે છે. હવેનાં શેરમાં આપણને ગમતી બે પંક્તિઓ એક સાથે સૂઝે છે એક તો હળવે હાથે હથેળી ઉપર જરા તમારું નામ લખી દો, અને એવી જ એક બીજી સદાબહાર પંક્તિ 'મનગમતાં નામ ને ઉંમર ના હોય એતો ગમે ત્યારે હથેળી પર લખાય.' આટલાં સંદર્ભ પછી શેરનો ઉઘાડ ખરેખર આપણને તરબતર કરી નાંખનારો છે,

એમની મુઠ્ઠી ખૂલે એવું કરે જો કોઈ તો;
એ ય બમણું બળ કરીને નામ મારું દાબતાં.

હથેળીમાં નામ લખવાનું પણ છે અને પછી એને કોઈ જોઈ ન જાય એ રીતે સંતાડવાનું પણ છે. ખૂબ નિર્દોષ મમત છે. આ એક એવી સરસ મજાની લત છે

કે દરરોજ નામ લખવાનું પછી એને જોવાનું ને એ પોતાની મુઠ્ઠીમાં છે એવું વિચારી ને એને ધારણ કર્યામાં રત રહેવાનું! જોકે અનુભવ મજા નો છે એમ કહું તો જે જાણે અને જે માણે એનો અંગત પોતાનો છે. કેટલી સહજતાથી કોઈનું નામ હથેળી પર ઘૂંટાય છે. અહીં બાબત મ્હેંદીના રંગના નિખારની સાથે નવોઢાનાં પ્રથમ રાત્રીનાં પ્રણયની પણ છે. અહીંયાં નામ બમણા બળે સંતાડીને પોતાની જાતને ઉઘાડવાની છે. અનહદ આનંદની ક્ષણોને આ પ્રકારની ચેષ્ટાઓ દ્વારા લંબાવવાની છે. અહીં એ કોઈ એ બીજું કોઈ ન રહેતાં પોતાનું જ એક પ્રિયજન છે અને એ કાયમ માટે કોઈ ન રહેતાં સમયાંતરે પોતીકું બની જ જવાનું છે પરંતું આ કોઈ અને મારૂંની વચ્ચેનું અંતર કાપવાની આ ક્ષણો અહીં કવિએ ખૂબ સરસ રીતે દશ્ય મૂકીને આપણાં ભાવ વિશ્વ પર કંડારી છે એનો આનંદ છે. આપણે જાણીએ જ છીએ કે પૃથ્વી ગોળ છે અર્થાત્ આપણે બધા વર્તુળાકારમાં છૂટાછવાયા બિંદુઓ જેવાં ગોઠવાયેલાં છીએ હવે વર્તુળને જોઈએ આપણે પ્રથમ છીએ યા તો આપણે અંતિમ છીએ આગળ જોઈશું તો બધાં આપણી આગળ છે ને આપણે છેલ્લાં છીએ અને એ જ રીતે જો પાછળ જોઈશું તો આપણે પ્રથમ છીએ ને બધાં પાછળ છે હવે આ સત્ય સમાંતરે નહીં જ સમજી શકાય. આકારના નિરાકારપણાને જો ખરેખર સમજવું હોય તો આપણે પોતે ઉપર ઉઠવું પડશે, એટલાં ઉપર કે આપણે આ ગોળાકારને નરી આંખે જોઈ શકીએ. ખેર આગળનાં શેરને આ સંદર્ભે સમજવાની કોશિશ કરીએ :

હોડમાં નીકળી પડ્યા, જીતા જીતવા આખું જગત;
ને અમે થાકી ગયા’તા પાછળ પાછળ ચાલતાં.

આ પાછળ ચાલવું એ કોઈ નાની સૂની બાબત નથી. વિશ્વવિજેતા સિકંદર જેમ જેમ જીતતો જાય છે તેમ તેમ એનો નશો બમણો થતો જાય છે પછી એક સમય એવો ય આવે છે કે એનું લશ્કર ઓછું થતાં થતાં ખૂટતું જાય છે. અંતે થાકેલું હાંફેલું જેલમ નદીનાં કિનારે પોરસ સાથેની એની છેલ્લી લડાઈ બાદ આગળ વધવાની ના પાડતાં તે પાછો ફરે છે, સાચી હકીકત તો એ હતી કે લશ્કરની ના એ ક્ષણે જ વિશ્વવિજેતાની આખરી લડાઈ બની જાય છે. છતાં ઈતિહાસ ગવાહ છે કે પોરસને જ્યારે સિકંદરે પૂછ્યું કે હું તારી સાથે કેવો વ્યવહાર કરું તો પોરસે જવાબ આપ્યો હતો કે એક રાજા જે રીતે બીજા રાજા જોડે વર્તે એવો.

આટલી રંગીન ગઝલનાં અંતિમ શેરમાં સૂર આપણને એક મજાની આંતરિક અનુભૂતિની વાત મૂકતા જાય છે પોતે ઓશો રજનીશનાં અદના સાધક હોવાના નાતે છેલ્લે એક સહજ સમાધિની ચાવી આપણને હાથવગી કરી આપનાર સુરેશ પરમાર લખે છે કે :

‘સૂર’ તું તારા ચરેલા પાશ સઘળા છોડી દે;
તો પછી નહિ વાર લાગે બીજું બંધન કાપતાં.

આ જ તો ખૂબી છે એક સાધક અને સર્જકની. શૃંગાર શતક લખનાર ભર્તૃહરી જ આપણ ને આગળ જતા વૈરાગ્ય શતકં આપે છે પાશનો અર્થ ફાંસો;ગાળો એવો થાય છે તો એને ફસાવવાની યુક્તિ પણ કહી શકાય. ક્યારેક એવું બનતું હોય છે કે બીજાને ફસાવવામાં આપણે પોતે જ ફસાઈ જતા હોઈએ છીએ. પ્રથમ પોતાને મુકત કરવાની વાત છે તો બીજા શબ્દોમાં એવુંય કહી શકાય કે અહીં મુક્તિનાં માર્ગે આગળ વધતાં પોતે પોતાની જાતને મુક્ત કરીને અન્યને તારવાનું ઈજન આપતા હોય તેવું લાગે છે. બંધન અને મુકિતની વાત અહીં ખૂબ ચોટદાર કરીને કવિ એવાં મુકામ પર આપણને મૂકે છે કે અત્યાર સુધી કરેલી કલ્પનાઓ સાચી હતી કે પછી આ કલ્પનોનાં સહારે આદરેલી દરેક અટકળો એ ભ્રાંતિ હતી? આજનાં આ સર્જક સમયાંતરે એક સાધકની પરીક્ષામાં પાર ઉતરે અને પોતાની સહજ સમાધિને યુગો લગી વિસ્તારે એવી મંગલ ભાવના.

# હરજીવન દાફડા

'ઈચ્છાને હાથ પગ છે એ વાત આજે જાણી...' ઈર્શાદે લખ્યું. કે પછી રાજેન્દ્ર પાઠકે લખ્યું કે 'ઈચ્છા પરીને મારું વરણ છે... હુકમમાલિક નાટક યાદ આવે અધિકારી અને જીનની વાત હોય કે થોડા વરસો પહેલાં પોપ્યુલર બનેલી સિરીયલ આઈ ડ્રીમ ઑફ જીની હોય બધી જ વાતો આપણને ઈચ્છા પૂરી કરવાની વાતે ચગડોળે ચઢાવે છે. આ જે ઈચ્છા છે ને બોસ! એ બધાંયનું મૂળ છે હવે ધારો કે સોનાનું હરણ પામવાની ઈચ્છા જ ન કરી હોત તો... આપણે ભજવા માટે ભગવાન ક્યાંથી લાવત? એટલે મારો કહેવાનો અર્થ જરા જુદો છે. આ તો હું જરા આડે રસ્તે એમાં પણ વચમાં મારે આમ વર્તવાની ઈચ્છા... ખેરનાં આજના આપણાં સર્જકને તો મોતીડે વધાવવાની ઈચ્છા જાગી તો થયું હરજીવનભાઈ દાફડાને મળીએ. અલગ પ્રકારનો ઈસમ છે એને ઈચ્છા નથી કહેવાની ઈચ્છા છે અને એણે એ કહ્યું કઈક આવી રીતે,

આરામદાયક રાહની ઈચ્છા નથી,
તલભાર સસ્તી ચાહની ઈચ્છા નથી.

પોતે મહેનતકશ ઈન્સાન છે ડ્રાફ્ટમેન છે અને એ જ્યારે કવિતાના મુલાયમ પોતને સ્પર્શે છે ત્યારે એમાં હાડમારી અને સખ્ત મહેનતની સુવાસ ભળે છે. એ એ. સીમાં બેસીને કવિતા કરતો માણસ નથી અને એટલે જ એની વાસ્તવિકતાને પડકારતાં લખતો ઈસમ અને એટલે ખુમારી છે. નક્કર વાસ્તવની વાત કરે છે. એટલે જ એ તલભાર પણ સસ્તી ચાહને ત્યજે છે. આ તો જાત મહેનત જિન્દાબાદની જબાન છે અને એટલે જ એ પોતાનાં રોલ મોડેલની વાત કરે છે એ કોઈપણ હોઈ શકે? એ કહે છે કે –

પૂજા કરું છું જીવતા ઈન્સાનની,
દેવળ અને દરગાહની ઈચ્છા નથી.

આજ જમીનનો એકબીજો શેર યાદ આવે છે, 'સામને હૈ ઉસે લોગ બુરા કહેતે હૈ, જિસકો દેખા હી નહીં ઉસકો ખુદા કહેતે હૈ.' પ્રત્યેક જીવમાં જે શિવ જોતો હોય એ જ આવી વાત કરી શકે. એ આમદને વધાવે છે. એ પોતે એવું માને છે કે એમનો આ કસબ એ ઈશ્વરની દેન છે અને એ પોતે આ બાબતને પામી ગયા છે એ ધંધાદારી નથી એ મહેનતનો જીવ છે. એ પેટની ભૂખને સંતોષવા માટે કવિતાનો આશ્રય નથી લેતા. એને મન કવિકર્મ એ ઈબાદત છે. એ ઈલમનો આરાધક છે અને એથી જ

તો એ આગળનાં શેરમાં લખે છે કે :

અણમોલ મૂડી સાંપડી છે શબ્દની,
એના ઉપર નિર્વાહની ઈચ્છા નથી.

મોટેભાગે કવિએ પોતાની કૃતિ રજૂ કરે પછી તરત જ એને કોક વખાણે એવી એને ચાહત હોય છે પરંતુ આ કવિ ઈચ્છાઓ ત્યજીને નિજાનંદ માટે બેઠો છે એની અંદર એક અનંતનો પ્રવાહ વહે છે એ એના કિનારે છે. એને બાહ્ય આડંબરોની ચાહ નથી. એક શોભિત દેસાઈનો એક આવા જ ભાવનો એક શેર યાદ આવે કે 'અનાદિકાળથી એટલો અદ્ભુત પ્રસન્ન છું, બેઠો છું કલ્પવૃક્ષની નીચે અને નિરીચ્છ.' આપખુદીની વાત છે સ્વયમના થઈને સંચરવાની વાત છે. આ નિજાનંદ એ તો એક અવસ્થા છે અને એ સહજ જો પ્રાપ્ત થાય તો સમાધિ છે :

મારે ગઝલ કહેવી હતી તેથી કહી,
બાકી દુબારા, 'વાહ'ની ઈચ્છા નથી.

અત્યાર સુધીના જે કઈ પણ શેર હતા એમાં ક્યાંય પણ આયાસ નથી જે કઈ બને છે તે સહજ બને છે, પણ અંતિમ શેરમાં એક અનાયાસ નવી ઓળખ છતી થાય છે. એ પોતે કોઈની નજરમાં છે અને એ પણ પાછી અંગારમય? આ શેરનું વિશ્વ આપણને કઈક નવી જ દિશા ચીંધનારું બની રહે છે. અહીં અસહ્યને પણ પોતાની અંદર સમાવી લેવાની હામ ભરનારા કવિની વાત છે એની ખુમારી તો જુઓ, નજરને પી જવાની વાત છે. આ બાબત એ કોઈ યોગીની કક્ષાએ પહોંચેલાં સાધકની જ હોઈ શકે!

અંગારમય તારી નજરને પી ગયો
એથી વધારે દાહની ઈચ્છા નથી

એકરૂપ ૨૦૦૪માં પ્રગટ થયેલાં આ સંગ્રહની ઘણી બધી રચનાઓ ધ્યાનાર્ષક છે. આ કવિનો સંગ્રહ હાલતો અપ્રાપ્ય છે પરંતુ Gujlit નામક એક એપ્લિકેશન પર મોજુદ છે. મોબાઈલ મિડીયાનાં જમાનામાં ગુજલીટ જેવાં ઓનલાઈન એપ્લીકેશનના થકી સાહિત્યજગતને મોબાઈલનાં સ્ક્રીન મૂકવાનાં પ્રયત્નોને પોંખું છું ને હરજીવન પોતે ઝીણું કાંતનારા એવા અદ્ભુત મજાના આંતરમુખી પ્રતિભા ધરાવતા અમરેલીમાં વસતા ઓછું કામ કરનારા પણ આછું ક્યારેય નહીં એવું ચોક્કસ પણે માનનારા આ શાયરને બિરદાવું છું દરવખતની જેમ એક નવા જ શાયરની નવી શાયરી આપની સમક્ષ આપના માટે લઈને કવિતા.કોમ પર ફરી મળ્યા.

## હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

મોટેભાગે એવું બને કે કોઈ કાવ્ય પ્રથમ નજરે ગમે. પછી એને જે તે સમયે ક્યાંક હાથવગું મૂકવાનું ક્યાંક સ્ટોર કરી દેવાનું ને પછી નિરાંતે ફરી પાછું લખતાં પહેલાં એને જોઈ જવાનું હોય. પછી એનાં ભાવોને ક્યાંક પહેલાનાં અનુભવોની સાથે જોડવાની કોશિષ કરીએ તો એમાંથી અનેકવિધ-અર્થછાયાઓ પ્રગટે(ભારેખમ લાગ્યું હોય તો એનાં અર્થો સમજવાની વાત છે) પછી એમાં થોડા બાહ્ય પરિબળો-એની સાથે જોડવાનાં મનોમન પાત્રો ઊભા કરવાના. મોટેભાગે ગઝલોમાં પ્રેમીકા અને પ્રેમી એવો ભાવ પકડીએ તો ભાવકને ગલીપચી વધારે થાય. યાતો કોઈ મનઘડંત પ્રસંગ ઊભો કરવાનો એવું કંઈક... આજની કૃતિની જ વાત કરું તો થોડા દિવસો પહેલાં ક્યાંકથી એ મારા મોબાઈલે ચઢીને તરત જ હાથવગી સાચવી મૂકી હતી. હવે મોટેભાગે આ બધા આસ્વાદ વાળાઓ એવું કહેતાં હોય કે હું તમારી કૃતિને વાંચ્યા પછી સ્હેજેય રહી શક્યો... મેં મારા બધાં કામ મૂકી દીધા ને પછી તાત્કાલિક પેન અને કાગળ લઈને... વગેરે વગેરે ભાવાવેશવાળું બધું... પણ સાચું કહુંને કે ફુરસદ વગર કંઈ પણ લખાણ શક્ય નથી. આજની કૃતિની ચર્ચા સર્જક અને ભાવકની વચ્ચે રચાતા સર્જનનાં સત્યાસત્ય માટે રચનાકાર હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'. જેને જાણતો નથી પણ એવું કહી જ શક્યો હોત કે મારાં અંતરંગ મિત્ર છે :

> જૂઠની જાહોજલાલી નીકળી,
> સત્યની ત્યાં પાયમાલી નીકળી.

હવે જો હું કહું કે સિગરેટનાં બે દમ ભરું ને પછી અચાનક એક શેર મળ્યો ને... બોલો લાગે છે ને જાહોજલાલી પણ ભલા માણસ આ તો હું જ જાણું કે સર્જનો કેવા સંજોગોની નિપજ છે! આગળનાં શેરમાં જુઓ તો ઋતુની વાત છે પણ મારે તો તમને જોડવાનાં છે એટલે હું એવું કહીશ કે તમે તમારી પ્રેમીકાને ઢળતી ઉંમરે મળ્યા છો અને તેનાં ચહેરા પરની લાલી હજુયે એવીને એવી જ છે એવું કવિ કહે છે. આપણે જ્યારે ફિલ્મ જોવા જઈએ તો હીરો અને હિરોઈનની સ્થાને આપણે પોતાને મૂકીએ છીએ. એ રડે એટલે આપણે રડીએ. આને વિરેચન અર્થાત કેથાર્સિસ કહેવાય છે પણ છોડો નહીં પટ્ટી પડે એવું માનો કે તમારી પ્રેમીકાની લાલીનો શેર કહેવાયો છે અને એ પણ આધેડ વયે. જલસા કરો!!

પાનખરનો દબદબો તો જોઈ લો,
પાન પીળું તોય લાલી નીકળી.

હવેનાં શેરમાં બાળકોની વાત છે આ કવિ કાલીઘેલી બાળકોની ભાષાના અભ્યાસુ છે કવિ કદાચ શિક્ષક હોય એવું લાગે છે માટે પ્રાર્થના સભાખંડમાં પ્રાર્થના કરતા બાળકોને જોતાં એમનાં મનમાં જે ભાવ જાગ્યા છે એનો શેર જુઓ... દોસ્તો આવા બધા ભાવુકવેળાઓ માટે તો અમે છીએ તમને ડૂબાડીયે – જે નથી એ બતાવીએ – અને રાજી રાજી કરીએ. આમ જુઓ તો શેરમાં દમ છે પણ ઉપરોક્ત બાબતોની આડમાં જેટલો ગોળ પડે એટલું ગળ્યું થાય એમ છે, મને આપના સુગર લેવલની ચિંતા છે માટે અહીં અટકુ. હા પણ આ બહાને સ્કૂલનાં દિવસો યાદ કરવાની છૂટ છે!

બાળકોનું સ્મિત વાંચી થાય કે,
પ્રાર્થના પણ કેવી કાલી નીકળી.

તો મારા વ્હાલા ભાવકો હવે તમને થશે કે ભાઈ તું આસ્વાદ કરાવને!! આ બધું ડહોળ ડહાપણ રે દે. અમને ખબર છે. કાં તો પછી એવું!! ના હોય અમથા આ બધા કવિડાઓ. ખાલી ખોટા રવાડે ચઢાવે છે... પણ સાવ સાચું કહુંને ઘણીવાર લખતાં લખતાં એવું થાય કે અંદરનો મ્હાયલો વચમાં બોલે એય.. બંધ કર આ બધું... બધાને અફીણ પાવાનું... પણ પછી હું પોતાની જાતને પોતે જ છેતરતાં કહું કે બંધાણી તો થવા દ્યો. પછી વિચારશું જ્યારે પચાસ પંચાવનનાં થાશું ત્યારે અત્યારે તો હંકારે રાખો!! બોલો માનશો તમે મારી વાત. જવાબ હા કે ના જે હોય તે શેર જુઓ...

એમને ના દમ જણાયો વાતમાં,
તો ય મારી વાત ચાલી નીકળી.

અંતિમ શેરમાં કવિએ નદીની વાત કરી છે તેઓ પાન પીળું લાવે છે તો કોક ટાણે સત્ય અને જૂઠના ભેદ પરખાવે છે તો ક્યારેક કવિ બાળકોની સાથે વાતમાંડતાં હોય એવું લાગે છે. હવેનાં શેરમાં નદીના પટની વાત કરે છે. પણ કમનસીબી જુઓ એ નથી ડૂબી શક્તાં કારણકે એ ખાલી છે... ખાલી છે... ખાલી છે!! પણ હે ભલા ભાવક તમે ભાવુક ના બનશો શેર સારો છે એનું કારણ બે વિરોધાભાસી પરિબળોને સામસામે મૂક્યાં છે એટલી જ વાત છે :

જે નદીમાં ડૂબવું મારે હતું,
એ નદી તો સાવ ખાલી નીકળી.

# ૯

## હિમલ પંડ્યા 'પાર્થ'

સૌથી અઘરી સરળતા. કોઈ બાબતને સમજવા માટે મથામણ કરવી એ કોઈ જિજ્ઞાસુ માટે સહજ છે. એક પ્રસંગ તાજેતરમાં બન્યો. આપણાં લોકલાડીલા શાયર જનાબ ખલિલ ધનતેજવી સાહેબ જેઓને ઓળખાણની જરૂર નથી. તેમનાં અવાજથી ગઝલ ઓળખાય છે. તેઓનાં દ્વારા કવિસંગતનાં મંચ પરથી એક વાત લોકાભિમુખ થઈ. તેઓએ એક પ્રસંગ કહ્યો. એકવાર સુરેશ દલાલ સાહેબે તેઓને અછળતું જ પૂછ્યું કે શેઅર એટલે શું? તેમણે કહ્યું પહેલી પંક્તિ દસ્તક દે ને બીજી દ્વાર ઉઘાડે. આટલી સીધી અને સરળ બાનીમાં તેઓએ વ્યાખ્યા બાંધી. ગઝલનાં કસ્બીઓ અને મર્મીઓને તો વાત ગળે ઉતરે એવી છે જ છે પણ આ સ્વરૂપને ન પિછાણવાવાળાઓ માટે પણ ખૂબ સહજ અને સરળ છે. વાતને આટલી બધી સાદગીથી કહેનાર આ શાયર પોતે બને ત્યાં સુધી ગઝલ વિશે બોલવા કરતાં ગઝલ બોલવાનું વધુ પસંદ કરે છે. આ પ્રસંગે વડોદરાના કુલ ત્રેસઠ જેટલાં વડોદરાવાસી ગઝલ સર્જકોની ગઝલોનું એક સંપાદન દિનેશ ડોંગરે અને ગુલામ અબ્બાસ 'નાશાદ' દ્વારા 'વડોદરાની કાવ્ય સંપદા' નામે થયું.

ઉમળકાની વાત તો એ છે કે પહેલીવાર એક જ મંચ પર કોઈપણ પ્રકારનાં આભડછેટ વગર સૌ સર્જકો આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં એનો આનંદ હતો. આ પ્રકારનાં કામો કદાચ ભવિષ્યમાં આપણને નવી સવાર ચોક્કસ બતાવશે. આજે વ્હોટએપનાં ગ્રુપોમાં ગઝલ કહેવાનો દોર જામ્યો છે, ત્યારે હદપાર વગરની ગઝલો આવે છે ખલિલ સાહેબે આને ઘોડાપૂર તરીકે લેખ્યું. વાતને આટલાએ પડતી ના મૂકતાં તેઓએ એ પણ કહ્યું હતું કે ગઝલનાં શેરમાં ઉપરોકત અનિવાર્યતા જરૂરી છે. પણ ક્યારેક ડુંગરીનાં જેવી પણ ગઝલો રચાય છે. રદીફ-કાફિયા જળવાય એથી જ ગઝલ બને એવું જરૂરી નથી અત્યારની ઘણી ગઝલોમાં એક પછી એક પડ ઉકેલોને અંતે કશુંજ ન હાથ પામો એવી પણ બને છે. તેઓની ટકોર પણ સહજ અને સરળ હતી. જે નવા સવા લખવાવાળાઓ માટે સીમાચિહ્ન રૂપ બની રહેશે.

આજે મારે જે સર્જકની વાત કરવાની છે તે સર્જક પોતે ભાવનગરની એક ફાર્મસી કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. જેઓનું નામ છે હિમલ પંડ્યા. 'પાર્થ'ના ઉપનામે ગઝલમાં પોતાનું યોગદાન આપી રહ્યાં છે તેઓ મારા એક 'કવિલોક-કવિતાનું સરનામું' નામક વોટ્સએપ ગ્રૂપનાં સભ્ય છે. એમની સાથે વાત કરતાં જાણવા મળ્યું

કે થોડાક સમય પહેલાં હૃદયરોગનાં હુમલાનાં તેઓ શિકાર બન્યા એ વખતે ડોકટરોએ જીવન જીવવાની આશા છોડી દેવાનું કહ્યું હતું. એમની સાથે આ ગઝલનાં સર્જન વિશેની વાત જાણી ત્યારે તેઓએ પોતાને થયેલાં પોતાના અને પારકાઓનાં અનુભવોની ઊર્મિઓ અહીં અભિવ્યક્ત કરી છે એવું તેઓ પોતે સ્વીકારે છે જોકે કવિનું ભાવવિશ્વ રચના કરતી વખતે કેવાં કેવાં આંદોલનો ઝીલે છે એની વાત કરવાનો મોકો બહુ જૂજ મળે છે. હવે જો મરીઝ સાહેબની ગઝલ હોય કે ગાલિબની ગઝલ જે આપણાં ચિત્તને વાંચીને સ્ફૂરે એ જ સાચું! કારણકે સ્વર્ગવાસીઓને વ્હોટ્સએપની રેન્જમાં લાવવા શી રીતે? ખેર ગઝલને તપાસીએ કે આ હૃદયરોગનાં સાચા મરીઝ હિમલની કેવી અનુભૂતિ છે :

આપદાનો એક મોટો ફાયદો એ થાય છે,
કોણ સાથે, કોણ સામે છે? – બધું સમજાય છે.

ખૂબ જ સાદ્યંત શેર છે. મુશ્કેલીઓમાં સગાંવહાલાંની સાચી પરખ થાય છે. આપણે એ જાણીએ જ છીએ કે સગાંવહાલાં સાથે બોલાય છે પણ સગાંઓ ક્યારેય વ્હાલા નથી હોતાં ને વ્હાલાઓ ક્યારેય સગા નથી હોતા. મુશ્કેલીમાં સાથે રહેનાર મિત્રો જ હોય છે. બલ્કે હાવભાવમાં પણ પડતા ફેરને આપણે નરી આંખે એટલાં નજદીકથી પિછાણીએ છીએ કે સાચું કહું તો ત્યારે આપણી આંખો ખૂલી જાય છે. કોણ સાથે છે ને કોણ સામે છે' એ બધું જ સમજાય છે. મોત બે ડગલાં જ છેટું હોય ત્યારે ખરેખર જીવન શું છે તેની પ્રતીતિ થાય છે. સુખ અને દુ:ખનું પણ એવું જ હોય છે, એ હોય છે બેવ એની ગેરહાજરીમાં જ વર્તાય છે કવિ આપણને સીધી સરળ ભાષામાં કહે છે કે :

બે જ ડગલાં મોત આઘું હોય ને એવી ક્ષણે,
જિંદગીનું મૂલ્ય સાચોસાચ શું? પરખાય છે.

આ વલખાં બૂઝાતા જીવનદીપની સામેના છે. રાવજી પટેલનાં અંતિમ દિવસોની ક્ષણોની યાદ અપાવે છે. આમ તો શ્વાસની આવન જાવનનું જ જીવન જે સ્થૂળ છે અમે બરફનાં પંખી શ્વાસ લેવાનો ને પીગળવાનું. આ સર્વ સામાન્ય લાગતી બાબત છે પણ જ્યારે એમાંથી પસાર થવાનું બને છે ત્યારે દરેકને એનાં પારખાં સારાંનરસાં બન્ને થઈ જ જતાં હોય છે. અનુભૂતિનાં ભાવોનું કાવ્યાત્મક નિરૂપણ કરવામાં કવિ પાર ઉતર્યા છે-નો અનુભવ આપણને થાય છે. અનુભૂતિની નિપજ એ આગલાં શેઅરમાં કવિ બખૂબી નિભાવે છે અને એકદમ સચ્ચાઈની જમીન પરનો શેઅર આપણને આપે છે કે...

ખોખલા સહુ વળગણો રસ્તે મૂકી આગળ વધો!
જે જવાનું હોય, અંતે હાથથી એ જાય છે.

અહીં ખુમારીની સાથે 'બ્રહ્મ સત્ય જગતમિથ્યા'ની વાત રજૂ કરે છે. સભાનતા સાથેની બેફિકરાઈ છે. આપખુદી છે પણ દંભ નથી. સમજ છે પણ ભાર નથી. અપવાદિતા છે પણ અશ્રદ્ધા નથી. સંજોગોનો સામનો કરવાની લાચારી અહીં ઉદાસી તરીકે નથી સંભવતી પરંતુ જે ગયું છે એનાં રંજની સાથે આગળ વધવાની હિંમત દાદ માંગી લે એવી છે. કશું જ ગુમાવ્યું નથી એનું કારણ એ જ છે કે વળગણની પ્રતીતિ થઈ ગઈ છે અને હવે બાકી રહેલાં જીવનને ગાળવાની એક નોખી આવડત હસ્તગત થઈ છે એનો આનંદ છે. હાથથી જવું એ કંઈ નાની સૂની બાબત નથી વિશ્વવિજેતા સિકંદર મૃત્યુ વેળા ખાલી હાથનો વૈભવ સમજાવીને ગયો છે. આ સંદર્ભ સમજદારો માટે ઈશારો છે.

લાગણી સીંચી ઉછેર્યા હોય જે સંબંધને,
એજ બાવળ જેમ આખર ચોતરફ ફેલાય છે.

સમજણ પછી જ્યારે વાસ્તવિકતાને સ્વીકારવાની વાત આવે છે ત્યારે સંબંધોને જાળવવા માટે કરેલાં એ પ્રત્યેક યત્નોનું સ્મરણ થાય છે જે સહજ ભાવ છે. વાત ગમે એવી નથી છતાં એક સમયે કરેલાં ગમતાંનાં ગુલાલની તો છે જ છે. લાગણીનાં સંબંધોને ઉછેરવાની પળોજણમાં આદમી શું નથી કરતો. એ પણ જ્યારે વાત પોતાનાઓની હોય ત્યારે ભોગવનારાઓને ખબર પડે કે કેટલા કામના સંબંધો છે ને કેટલા નકામના. ક્યારેક દુશ્મનોને સારા કહેવડાવનારા દોસ્તો આવા પ્રસંગે ઓળખાય છે. દૂર લાગતા તકલીફોમાં નજીક આવે છે તો નજીક લાગતાં લોકો દૂર થઈ જતાં હોય છે. આ દૂરતાવાળા આવાં સમયે બાવળનાં કાંટાની ભૂમિકા ભજવતાં હોય એવાં લાગે છે.

ભૂલવા ધારો બધુ ને છેવટે ભૂલી શકો,
એટલું સહેલાઈથી ક્યાં આ બધુ ભૂલાય છે?

ખૂબ માર્મિક પ્રશ્નાર્થ છે. ભૂલવાં ધારો બધુને છેવટે ભૂલી શકો. કવિકર્મની ખાસિયત જુઓ. છેવટેનો જવાબ નથી દોસ્તો એક સારા શેઅરનાં જે લક્ષણોની વાત કરી એની આ સચોટ પ્રસ્તુતિ છે. વાતને માંડીને તમને અચંબામાં મૂકે છે. કવિ એ અહીં આશ્ચર્ય ચિહ્ન મૂક્યાં વિના જ આશ્ચર્ય સર્જ્યું છે. ધારીને પામવાની વાત છે. ભૂલવાનાં યત્નો કરીએ તો એ સતત યાદ રહે એવી બે વિરોધાભાસી વાત અહીં મૂકીને કવિએ ઓજસ પ્રગટાવ્યું છે. ખૂબ ચોટદાર શેઅર છે એકવાર બોલીએ તો વારંવાર બોલવાનો ગમે એવો શેર છે. અંદાજે બયાંનો શેઅર છે કહેતી વખતે અવનવા ભાવો રચી શકાય

એવી શક્યતાનો શેર છે જરા ફરી ને પાસે અટકી આ શેઅરને ફરી વાંચવાની મજા જે લઈ શકે એના માટેની જગ્યા છે. જ્યારે અંતિમ સાનીમાં ક્યાં પર જો ભાર મૂકીએ તો બાબત સમજદારોને મનોમન ક્યા બાત હૈ... કરાવે એવી બની છે.

અંતિમ શેઅર મક્તા જેમાં કવિ હરહંમેશ પોતાનાં તખ્ખલુસ પાસેથી પોતાનાં ધાર્યા કામ કઢાવતો હોય છે અહીં તેઓ 'પાર્થ'નાં નામની એ કળાને માણીએ. કદાચ વરસોબાદ પાર્થ યાને હિમલ પંડ્યા કહેવાની જરૂર નહીં પડે –

શબ્દકેરો સાથ આ કાયમ રહ્યો, સારું થયું!<br>
પાર્થ એનાંથી પીડાને સાચવી લેવાય છે.

વાતને સીધા સંદર્ભે જોડવી હોય તો એ રીતે જોડી શકાય કે કુરૂક્ષેત્રમાં ગીતા જે શબ્દોનાં રૂપે ઉતરી એ મહાકાવ્યની શરૂઆત અર્જુન વિષાદ યોગથી થાય છે આખી આ ગઝલમાં વિષાદ સિવાય કશું જ નથી. અહીં ફક્ત ફેર એટલો જ છે કે યુદ્ધ પહેલાં ગીતા સમજાવવામાં આવી તો આપણાં કવિ 'પાર્થ'ને મૃત્યુની સાથે લડતાં લડતાં આખી બાબત સમજાઈ છે. શબ્દ થકી શબ્દ વડે અભિવ્યક્ત થયેલાં આ પાર્થરૂપી કવિ હિમલને શબ્દો એ જો ન ઉગાર્યો હોત તો આટલી મોટી પીડા એ જીરવી જ ન શકયા હોત તેઓનાં દીર્ઘાયુષ્યની મંછા સાથે. આ કવિને પણ સાચવી લેવાય તો અવસર.

❑❑❑



**બ્રિજ પાઠક**

બ્રિજ પાઠક એટલે હસમુખ અને ઝિંદાદીલ યુવાન. પાછો અત્યંત ભાવુક. પોતાની હાજરીથી મહેફિલને રંગીન બનાવી દે. અચ્છો ગઝલકાર. સાથે મુશાયરાનો સફળ સંચાલક એને હોય તેવા દેખાવાનું ગમે. એની ગઝલ, કવિતા, લઘુવાર્તામાં વિશ્વના નોખા દર્શન થાય. એની રચનાઓમાં નવસર્જન દેખાય. એની ગઝલનું સર્જન અનોખી ભાત પાડે. ઓછા શબ્દોમાં રજૂઆત કરે અને એમાં નવસર્જન દેખાય. એની ગઝલ કે કવિતામાં ભાવના અને લાગણીઓ દર્શાવે. બહુમુખી પ્રતિભા ધરાવતો સર્જક. અ-છાંદસ પણ લખે, પ્રેમને ગઝલ રૂપે ગૂંથવાની આગવી કળા આ સર્જકનું જમા પાસુ. એ જે અનુભવે એ જ અક્ષરમાં ઉતારે. પાછો લાગણીનો ભૂખ્યો પણ ખરો. એની કલમને રોકી ન શકાય. ટૂંકમાં મજાનો ગઝલકાર, શ્રોતાઓને સ્વમુખે કવિતા કે ગઝલનો આસ્વાદ કરાવે. એની રચનાઓને સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન આપવું પડે. એની કૃતિઓમાં સંવેદનશીલતા સહજ ભાવે છલકી ઉઠે.

બ્રિજે આટલેથી ન અટકતા એક સર્જક તરીકે લોકસત્તા દૈનિકમાં કવિતા.કોમ નામની સિરીઝ લખવાનું બીડું ઝડપ્યું. સામાજિક પ્રસંગો અને નોકરી સાથે એ કાર્ય મુશ્કેલ હતું છતાં ચાલીસ જેટલાં સર્જકો સાથે ગોષ્ઠી કરી એમનાં વિશે માહિતી ભેગી કરી એનાં છવ્વીસ જેટલાં આર્ટિકલ દૈનિકમાં પ્રસિદ્ધ થયાં એ ચાલીસ સર્જકોની વાત રજૂ કરતો સંગ્રહ એટલે કવિતા.કોમ. વડોદરા બ્રિજની જન્મ અને કર્મભૂમિ. શહેર સાથે અત્યંત લગાવ. વડોદરાની ઓળખ 'લા' છે જઈશું...લા-આવે...લા ગયો હતો ...લા એ લા શબ્દને લઈ લા...બરોડિયન સ્ટાઈલનું સર્જન કર્યું. એને સારો પ્રતિસાદ મળ્યો.

લોકસત્તામાં દર બુધવારે પ્રસિદ્ધ થતી કોલમ કવિતા.કોમને ભવ્ય પ્રતિસાદ મળ્યો. ગીત, કવિતા, ગઝલનાં પ્રેમી બુધવારથી આવનારા બુધવારની પ્રતિક્ષા કરે અને નવા અંકમાં બ્રિજ કોની વાત કરશે ? એની રાહ જોતાં – એ જ સફળ કલમની ઓળખ.

કવિતા.કોમનું સર્જન બ્રિજ માટે એક પડકાર હતો. એક કવિતાની પસંદગી માટે ઓછામાં ઓછી ૨૦ કવિતા વાંચે. એ કવિતાના કવિનો સંપર્ક કરે. કવિ સાથે ગોષ્ઠી કરે પછી કોમ્પ્યુટર કે લેપટોપ લઈ બેસી જાય. દિવસ રાતની પરવા કર્યા વગર કવિતા.કોમ માટે લગભગ ૮૦૦ જેટલી કવિતા વાંચી. ૪૦ જેટલાં કવિઓ સાથે સંવાદ કર્યા ત્યારે જઈને કોલમ હીટ સાબિત થઈ.

– ગોપાલ પંડ્યા

(સિનીયર રિપોર્ટર, 'ચિત્રલેખા')